
આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૧૭ ■ તા.૧-૯-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## કચ્છનો થશે કાયાકલ્પ
## ૫,૦૦૦ કરોડના વિકાસકામોથી ખુલશે સમૃદ્ધિના દ્વાર

## ૭૫૦૦ ખાદી કારીગરોએ એકસાથે ચરખો કાંતી સર્જ્યો ઇતિહાસ


# વિકાસ પ્રકલ્પોથી મહોરી ઉઠ્યો સરહદી જિલ્લો કચ્છ



















**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 17 ▪ Date 1 - 9 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- રાજ્ય સરકાર લોકસમસ્યાઓને ધ્યાને લઈ હકારાત્મક અભિગમ સાથે નીતિનિર્માણને પ્રાધાન્ય આપે છે.
- રાજ્યમાં બે દાયકામાં લઘુ અને નાના ઉદ્યોગોની સંખ્યા ૮.૬૬ લાખે પહોંચી છે.
- 'વાયબ્રન્ટ ગુજરાત'ની પહેલથી રાજ્યના વ્યવસાય-વેપારને નવી દિશા મળી છે.
- વીવર્સ એક્સ્પો બેસ્ટ પ્રેક્ટિસીસ, નેટવર્કિંગ, આઈડિયા ક્રિએશનનું માધ્યમ બનશે.
- દેશની કુલ વસ્ત્ર નિકાસમાં ગુજરાતનો ફાળો ૧૨ ટકા છે.
- દેશના 'મેન મેડ ફાઈબર' ઉત્પાદનમાં ગુજરાતનો ૩૮ ટકા ફાળો છે.
- ટેક્ષટાઈલ વીવિંગ ઉદ્યોગ રાજ્યના કુશળ અને બિનકુશળ લોકોને મોટાપાયે રોજગારી આપે છે.
- કોરોના સંક્રમણના કપરા કાળમાં પણ ગુજરાતે વિકાસ યાત્રા અવિરત આગળ ધપાવી છે.
- નવી ટેકનોલોજી, નવી પેટર્ન અને સ્કીલ અપગ્રેડેશનના સહારે રાજ્યનો કાપડ ઉદ્યોગ ગતિ પકડી રહ્યો છે.
- ગુજરાતનું ઔદ્યોગિક ઉત્પાદન રૂ. ૧૬.૧૯ લાખ કરોડને આંબી ગયું છે.

મુખ્યમંત્રીશ્રીએ 'વાયબ્રન્ટ વીવર્સ એક્સ્પો' પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો

# અનુક્રમ




## વિકાસયાત્રા


9 સ્વાવલંબન અને આત્મનિર્ભર ભારત નિર્માણનો પ્રેરણાસ્રોત : 'ખાદી ઉત્સવ'

12 કચ્છને રૂ. પાંચ હજાર કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતા PM

16 હાંસલપુર ખાતે રૂ.૭૩૦૦ કરોડના ખર્ચે સુઝુકી દ્વારા ઇલેક્ટ્રીક વ્હિકલ બેટરી ઉત્પાદન પ્લાન્ટનું ખાતમુહૂર્ત

20 નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ સંપન્ન

21 ગાંધીનગરમાં તળાવોનું બ્યુટિફિકેશન કરાશે

23 સુરતમાં યોજાયો વીવર્સ એક્સપો

24 ધોલેરા SIRમાં વેપાર માટે રોકાણકારોને આહ્વાન

26 રાજકોટના લોકમેળામાં માનવમહેરામણ ઊમટ્યો

27 રાજકોટમાં 'રામ વન' – ધ અર્બન ફોરેસ્ટ

28 ગુજરાત હાઇકોર્ટમાં ઔષધીય વન સહિત બહુવિધ ન્યાયિક સેવાઓનું લોકાર્પણ

29 રમત-ગમત પ્રત્યે લોકોની દૃષ્ટિમાં પરિવર્તન આવ્યું છે - CM

34 અમદાવાદની રાજસ્થાન હૉસ્પિટલમાં નવા આરોગ્યલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી

35 રાજ્ય યુવા બોર્ડના સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો





6 સંવાદ

36 નિર્ણય

39 સમાચાર સંચય

45 અનુકરણીય

46 વનવૈભવ

૭૩મા વન મહોત્સવની રાજ્યભરમાં ઉજવણી

48 ઉજાસ

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ માટે તાલીમ યોજાઈ

49 ઊર્જા વિકાસ

રીન્યુએબલ એનર્જી : ગુજરાતના વિકાસનું ચાલકબળ



# પાંચ હજાર કરોડના વિકાસકાર્યોથી સરહદી જિલ્લો કચ્છ મહોરી ઉઠ્યો

પવિત્ર શ્રાવણ માસની સમગ્ર રાજ્યમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી થઇ. રાજ્યનાં દરેક જિલ્લામાં વરસાદ મન મૂકીને વરસ્યો છે. સમસ્ત ગુજરાત વરસાદી માહોલમાં નવપલ્લવિત થયું. રાજ્યના ૨૦૭ જેટલા જળાશયોમાં ૮૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે પ્રત્યેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાના આહ્વાનને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતે ઉત્સાહપૂર્વક ઝીલી લીધું. અમૃત સરોવરોમાં નવા નીર આવવા લાગ્યાં છે. પરિણામે પીવાના અને સિંચાઇના પાણીના પ્રશ્નનું મહદંશે નિરાકરણ આવી રહ્યું છે. ભૂગર્ભ જળના સ્તર પણ ઊંચા આવવા લાગ્યા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ૭૫૦૦ નાગરિકોએ એકસાથે ચરખો કાંતીને આઝાદીના ૭૫મા વર્ષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ભાવપૂર્વક હૃદયાંજલિ આપી. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ બારડોલી સત્યાગ્રહ સમયનો ચરખો કાંત્યો હતો. વડાપ્રધાનશ્રીએ બે દિવસીય ગુજરાતના પ્રવાસ દરમિયાન અમદાવાદને પ્રવાસન ક્ષેત્રે વધુ એક “આઇકોનિક” ભેટ આપી, સાબરમતી નદી ઉપર બનેલા નવતર નજરાણા 'અટલ ફૂટ ઓવરબ્રિજ'નું વડાપ્રધાનશ્રીએ લોકાર્પણ કર્યું. સહેલાણીઓ માટે આ ફૂટ ઓવરબ્રિજ આકર્ષણનું અનોખુ કેન્દ્ર બન્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કચ્છ પ્રવાસમાં જિલ્લાને પાંચ હજાર કરોડના વિકાસકાર્યોની ભેટ ધરી સમસ્ત કચ્છ પ્રદેશને નવપલ્લવિત કરી દીધો છે. વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપનો સામનો કરનારી કચ્છી પ્રજાની ખુમારીને વડાપ્રધાનશ્રીએ બિરદાવી હતી. ભુજમાં ભૂકંપની વિભિષિકા અને ત્યારબાદ થયેલી કામગીરી દર્શાવતું સ્મૃતિવનનું વડાપ્રધાનશ્રીએ લોકાર્પણ કર્યું. ભુજમાં રૂ. ૧૯૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રને પણ તેમણે જનસમર્પિત કર્યું. આ સાથે કચ્છી માડુઓની પાણીની જરૂરિયાત સંતોષવા રૂ. ૧,૭૪૫ કરોડના ખર્ચે બનેલી નર્મદા કેનાલનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેના પરિણામે ૧૮૨ ગામોના કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારને સિંચાઇ તથા ૯૪૮ ગામો અને ૧૦ નગરોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થઇ છે.

આ ઉપરાંત રૂપિયા ૧,૧૮૨ કરોડના ખર્ચે બનેલા નખત્રાણા અને ભુજ સબ-સ્ટેશન, રૂ. ૧૨૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા સરહદ ડેરીના પેકેજિંગ પ્લાન્ટ, ગાંધીધામમાં ડૉ. બાબાસાહેબ સંમેલન કેન્દ્ર અને અંજારમાં વીર બાળ સ્મારકનું લોકાર્પણ કર્યું. આ ઉપરાંત ભુજને નેશનલ હાઈવેથી જોડવા માટેના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, ગાંધીધામ ડ્રેનેજ વ્યવસ્થા સુધારવા યોજના, માતાના મઢમાં પ્રવાસન પ્રવૃત્તિને વિકસાવવા જેવા વિવિધ જનસુખાકારીના કાર્યોનાં ખાતમુહૂર્ત કર્યાં હતાં. સુઝૂકી કંપની દ્વારા હાંસલપુરમાં રૂ. ૭,૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર EVની બેટરી નિર્માણના પ્લાન્ટનું વડાપ્રધાનશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્લાન્ટ સ્થપાતા દેશમાં નવી સાયલન્ટ ક્રાંતિનું સર્જન થશે.

દેશ-વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત એવી ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત રહી ગુનાશોધનમાં ફોરેન્સિક સાયન્સની ભૂમિકા અત્યંત મહત્ત્વની હોવાનું જણાવ્યું હતું. ગુજરાતે હરિત ઊર્જા નિર્માણમાં હરણફાળ ભરી છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે ગુજરાતને ૯ એવોર્ડ પ્રાપ્ત થયા છે. પ્રસ્તુત અંકમાં ગુજરાતના વિકાસલક્ષી દ્રષ્ટિકોણની ઝલક ઉપરાંત રાજ્ય સરકારની સિદ્ધિ, ગૌરવ સહિતની વૈવિધ્યસભર માહિતી વાચકોને ઉપયોગી થઇ રહેશે એવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક



# મન કી બાત

## ઑગસ્ટ - ૨૦૨૨

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

ઑગસ્ટના આ મહિનામાં, તમારા બધાના પત્રો, સંદેશાઓ અને કાર્ડ મારા કાર્યાલયને તિરંગામય કરી દીધું છે. મને ભાગ્યેજ એવો કોઈ પત્ર મળ્યો હશે, જેના પર તિરંગો ન હોય અથવા તિરંગા અને સ્વતંત્રતા સાથે જોડાયેલી વાત ન હોય. બાળકોએ, યુવાન સાથીઓએ તો અમૃત મહોત્સવ પર ખૂબ જ સુંદર-સુંદર ચિત્ર અને કલાકારી પણ બનાવીને મોકલી છે. સ્વતંત્રતાના આ મહિનામાં આપણા સમગ્ર દેશમાં, દરેક શહેર, દરેક ગામમાં, અમૃત મહોત્સવની અમૃતધારા વહી રહી છે. અમૃત મહોત્સવ અને સ્વતંત્રતા દિવસના આ વિશેષ અવસર પર આપણે દેશની સામૂહિક શક્તિનાં દર્શન કર્યાં છે. એક ચેતનાની અનુભૂતિ કરી છે. આટલો મોટો દેશ, આટલી વિવિધતાઓ, પરંતુ જ્યારે વાત તિરંગો ફરકાવવાની આવી તો, પ્રત્યેક વ્યક્તિ, એક જ ભાવનામાં વહેતી દેખાઈ. તિરંગાના ગૌરવના પ્રથમ પ્રહરી બનીને લોકો પોતે આગળ આવ્યા. આપણે સ્વચ્છતા અભિયાન અને રસીકરણ અભિયાનમાં પણ દેશની ભાવનાને જોઈ હતી. અમૃત મહોત્સવમાં આપણને ફરી દેશભક્તિની એવી જ લાગણી જોવા મળી રહી છે. આપણા સૈનિકોએ ઊંચા-ઊંચા પહાડનાં શિખરો પર, દેશની સીમાઓ પર અને સમુદ્રની વચ્ચે તિરંગો ફરકાવ્યો. લોકોએ તિરંગા અભિયાન માટે અલગ-અલગ નવીન વિચારો પણ અજમાવ્યા. જેમ કે યુવાન સાથી કૃશનીલ અનિલજી એક પઝલ આર્ટિસ્ટ છે. તેમણે રેકૉર્ડ સમયમાં સુંદર તિરંગા મૉઝેક આર્ટ તૈયાર કરી છે. કર્ણાટકના કોલારમાં, લોકોએ ૬૩૦ ફીટ લાંબો અને ૨૦૫ ફૂટ પહોળો તિરંગો પકડીને અનોખું દૃશ્ય પ્રસ્તુત કર્યું. આસામમાં સરકારી કર્મચારીઓએ દિઘાલીપુખુરી વૉર મેમોરિયલમાં તિરંગો ફરકાવવા માટે પોતાના હાથથી ૨૦ ફૂટનો તિરંગો બનાવ્યો. એ જ રીતે, ઇન્દોરમાં, લોકોએ માનવ શૃંખલા દ્વારા ભારતનો નકશો બનાવ્યો. ચંડીગઢમાં યુવાનોએ વિશાળ માનવ તિરંગો બનાવ્યો. આ બંને પ્રયાસ ગિનીઝ રેકૉર્ડમાં પણ નોંધવામાં આવ્યા છે.

સાથીઓ, અમૃત મહોત્સવના આ રંગો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના બીજા દેશોમાં પણ જોવા મળ્યા. બોત્સ્વાનામાં ત્યાંના રહેનારા સ્થાનિક ગાયકોએ ભારતની સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ મનાવવા માટે દેશભક્તિનાં ૭૫ ગીતો ગાયાં. તેમાં વધુ વિશેષ વાત છે કે આ ગીતો હિન્દી, પંજાબી, ગુજરાતી, બાંગ્લા, અસમિયા, તમિલ, તેલુગુ, કન્નડ અને સંસ્કૃત જેવી ભાષામાં ગાવામાં આવ્યાં. આ જ રીતે, નામીબિયામાં ભારત-નામીબિયાના સાંસ્કૃતિક-પારંપરિક સંબંધો પર વિશેષ સ્ટેમ્પ જાહેર કરવામાં આવી છે.

સાથીઓ, હું વધુ એક ખુશીની વાત કહેવા માગું છું. હમણાં કેટલાક દિવસો પહેલાં, મને ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કાર્યક્રમમાં જવાની તક મળી. ત્યાં તેમણે 'સ્વરાજ' નામના દૂરદર્શન ધારાવાહિકનું સ્ક્રીનિંગ રાખ્યું હતું. મને તેના પ્રિમિયર પર જવાની તક

મળી. તે સ્વતંત્રતાના આંદોલનમાં ભાગ લેનારા અનામી નાયક-નાયિકાઓના પ્રયાસોથી દેશની યુવા પેઢીને પરિચિત કરવાની એક સુંદર પહેલ છે. દૂરદર્શન પર દર રવિવારે રાત્રે ૯ વાગ્યે. તેનું પ્રસારણ થાય છે. અને મને કહેવામાં આવ્યું કે ૭૫ સપ્તાહ સુધી તે ચાલવાનું છે. મારો અનુરોધ છે કે તમે સમય કાઢીને તેને સ્વયં પણ જુઓ અને ઘરનાં બાળકોને પણ અવશ્ય દેખાડો અને સ્કૂલ-કૉલેજના લોકો તો તેનું રેકૉર્ડિંગ કરીને જ્યારે સોમવારે સ્કૂલ-કૉલેજ ખૂલે તો વિશેષ કાર્યક્રમની રચના પણ કરી શકે છે, જેથી સ્વતંત્રતાના જન્મના આ મહાનાયકો પ્રત્યે આપણા દેશમાં એક નવી જાગૃતિ પેદા થશે. સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ આગામી વર્ષ અર્થાત્ ઑગસ્ટ ૨૦૨૩ સુધી ચાલશે.

મારા પ્રિય દેશવાસીઓ, આપણા પૂર્વજોનું જ્ઞાન, આપણા પૂર્વજોની દીર્ઘ દૃષ્ટિ અને આપણા પૂર્વજોનું એકાત્મ ચિંતન, આજે પણ કેટલું મહત્ત્વપૂર્ણ છે, જ્યારે તેના ઊંડાણમાં જઈએ છીએ તો આપણને આશ્ચર્ય થાય છે. હજારો વર્ષ જૂનો આપણો ઋગ્વેદ. ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે:

ओमान मापो मानुषी: अमृक्तं धात तोकाय तनयाय शं यो: ।
यूयं हिष्ठा भिषजो मातृतमा विश्व्यस्य स्थातु: जगतो जनित्री: ।।

અર્થાત્ - હે જળ, તમે માનવતાના પરમ મિત્ર છો. તમે જીવનદાયિની છો, તમારાથી જ અન્ન ઉત્પન્ન થાય છે અને તમારાથી જ અમારાં સંતાનોનું હિત થાય છે. તમે અમને સુરક્ષા પ્રદાન કરનારા છો અને બધી બૂરાઈઓથી દૂર રાખો છો. તમે સૌથી ઉત્તમ ઔષધિ છો અને તમે જ આ બ્રહ્માંડના પાલનહાર છો.

વિચારો, આપણી સંસ્કૃતિમાં, હજારો વર્ષ પહેલાં, જળ અને જળ સંરક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. જ્યારે આ જ્ઞાન, આપણે આજના સંદર્ભમાં જોઈએ છીએ તો રોમાંચિત થઈ ઊઠીએ છીએ, પરંતુ જ્યારે આ જ્ઞાનને દેશ પોતાના સામર્થ્યના રૂપમાં સ્વીકારે છે તો તેની શક્તિ અનેકગણી વધી જાય છે. તમને યાદ હશે, 'મન કી બાત'માં જ ચાર મહિના પહેલાં મેં અમૃત સરોવરની વાત કરી હતી. તે પછી અલગ-અલગ જિલ્લાઓમાં સ્થાનિક તંત્ર લાગ્યું, સ્વયંસેવી સંસ્થાઓ લાગી અને સ્થાનિક લોકો જોડાયા, જોતજોતામાં, અમૃત સરોવરનું નિર્માણ એક જનઆંદોલન બની ગયું છે. જ્યારે દેશ માટે કંઈક કરવાની ભાવના હોય, પોતાનાં કર્તવ્યોની અનુભૂતિ હોય, આવનારી પેઢીઓની ચિંતા હોય તો સામર્થ્ય પણ જોડાય છે અને સંકલ્પ પ્રામાણિક બની જાય છે. મને તેલંગાણાના વારંગલના એક શાનદાર પ્રયાસની જાણકારી મળી છે. અહીં એક નવી ગ્રામ પંચાયતની રચના થઈ છે, જેનું નામ છે 'મંગત્યા-વાલ્યા થાંડા'. આ ગામ વનવિસ્તારની નજીક છે. અહીં ગામની પાસે જ એક એવું સ્થાન હતું જ્યાં ચોમાસા દરમિયાન ઘણું પાણી એકઠું થઈ જતું હતું. ગામના લોકોની પહેલ પર હવે આ સ્થાનને અમૃત સરોવર અભિયાન હેઠળ વિકસિત કરવામાં આવી રહ્યું છે. આ વખતે ચોમાસા દરમિયાન થયેલા વરસાદમાં આ સરોવર પાણીથી એકદમ ભરાઈ ગયું છે.

> "અમૃત સરોવર અભિયાન આપણી આજની અનેક સમસ્યાઓનું સમાધાન તો કરે જ છે, સાથે આપણી આવનારી પેઢીઓ માટે પણ એ એટલું જ આવશ્યક છે."

હું મધ્ય પ્રદેશના મંડલામાં મોચા ગ્રામ પંચાયતમાં બનેલા અમૃત સરોવર વિશે પણ તમને જણાવવા માગું છું. આ અમૃત સરોવર કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન પાસે બનેલું છે અને તેનાથી આ વિસ્તારની સુંદરતા ઓર વધી ગઈ છે. ઉત્તર પ્રદેશના લલિતપુરમાં, નવનિર્મિત શહીદ ભગતસિંહ અમૃત સરોવર પણ લોકોને ઘણું આકર્ષિત કરી રહ્યું છે. ત્યાંની નિવારી ગ્રામ પંચાયતમાં બનેલું આ સરોવર ચાર ઍકરમાં ફેલાયેલું છે. સરોવરના કિનારે થયેલું વૃક્ષારોપણ તેની શોભા વધારી રહ્યું છે. સરોવર પાસે લાગેલા ૩૫ ફીટ ઊંચા તિરંગાને જોવા માટે પણ દૂર-દૂરથી લોકો આવી રહ્યા છે. અમૃત સરોવરનું આ અભિયાન કર્ણાટકમાં પણ જુસ્સાભેર ચાલી રહ્યું છે. ત્યાંના બાગલકોટ જિલ્લાના 'બિલ્કેરુર' ગામમાં લોકોએ ખૂબ જ સુંદર અમૃત સરોવર બનાવ્યું છે. હકીકતે, આ ક્ષેત્રમાં, પહાડમાંથી નીકળતા પાણીના કારણે લોકોને ઘણી મુશ્કેલી પડતી હતી, ખેડૂતો અને તેમના પાકને પણ નુકસાન થતું હતું. અમૃત સરોવર બનાવવા માટે ગામના લોકો, આખા પાણીને ચેનલાઈઝ કરીને એક તરફ લઈ ગયા. તેનાથી વિસ્તારમાં પૂરની સમસ્યા પણ દૂર થઈ ગઈ. અમૃત સરોવર અભિયાન આપણી આજની અનેક સમસ્યાઓનું સમાધાન તો કરે જ છે, પણ આપણી આવનારી પેઢીઓ માટે પણ એટલું જ આવશ્યક છે. મારો, તમને બધાને અને ખાસ તો મારા યુવાન સાથીઓને અનુરોધ છે કે તમે અમૃત સરોવર અભિયાનમાં આગળ વધીને ભાગ લો અને જળસંચય અને જળ - સંરક્ષણના આ પ્રયાસોને પૂરી તાકાત આપો, તેને આગળ વધારો.

મારા પ્રિય દેશવાસીઓ, આસામના બોન્ગાઈ ગામમાં એક રસપ્રદ પરિયોજના ચલાવવામાં આવી રહી છે- પ્રૉજેક્ટ સંપૂર્ણા. આ પ્રૉજેક્ટનો હેતુ છે કુપોષણ વિરુદ્ધ લડાઈ અને આ લડાઈની રીત પણ ખૂબ જ અનોખી છે. તેના હેઠળ, કોઈ આંગણવાડી કેન્દ્રની એક સ્વસ્થ બાળકની માતા, એક કુપોષિત બાળકની માને દર સપ્તાહે મળે છે અને પોષણ સંબંધિત બધી જાણકારીઓ પર ચર્ચા કરે છે. અર્થાત્, એક માતા, બીજી માતાની મિત્ર બનીને તેની મદદ કરે છે, તેને શિખામણ આપે છે. આ પ્રૉજેક્ટની મદદથી, આ ક્ષેત્રમાં, એક વર્ષમાં, ૯૦ ટકાથી વધુ બાળકોનું કુપોષણ દૂર થયું છે. તમે કલ્પના કરી શકો છો, શું કુપોષણ દૂર કરવામાં ગીત-સંગીત અને ભજનનો પણ ઉપયોગ થઈ શકે છે? મધ્ય પ્રદેશના દતિયા જિલ્લામાં 'મેરા બચ્ચા અભિયાન', આ 'મેરા બચ્ચા અભિયાન'માં તેનો સફળતાપૂર્વક પ્રયોગ કરવામાં આવ્યો. તેના હેઠળ, જિલ્લામાં ભજન-કીર્તન યોજાયાં, જેમાં પોષણ ગુરુ કહેવાતા શિક્ષકોને બોલાવવામાં આવ્યા.

સાથીઓ, કુપોષણ સાથે જોડાયેલા આટલા બધા અભિનવ પ્રયોગો વિશે, હું તમને એટલા માટે જણાવી રહ્યો છું કારણ કે, આપણે બધાએ પણ આવનારા મહિનામાં, આ અભિયાન સાથે જોડાવાનું છે. સપ્ટેમ્બરનો

મહિનો તહેવારોની સાથોસાથ પોષણ સાથે જોડાયેલા મોટા અભિયાનને પણ સમર્પિત છે. આપણે પ્રતિ વર્ષ ૧ થી ૩૦ સપ્ટેમ્બરની વચ્ચે પોષણ માસ મનાવીએ છીએ. કુપોષણની વિરુદ્ધ સમગ્ર દેશમાં અનેક ક્રિએટિવ અને વૈવિધ્યસભર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ટેક્નૉલૉજીનો વધુ સારો ઉપયોગ અને જનભાગીદારી પણ, પોષણ અભિયાનનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બન્યાં છે. દેશમાં લાખો આંગણવાડી કાર્યકર્તાઓને મોબાઈલ ડિવાઈસ આપવાથી લઈને આંગણવાડી સેવાઓની પહોંચનું નિરીક્ષણ કરવા માટે પોષણ ટ્રેકર પણ લૉન્ચ કરવામાં આવ્યું છે. બધા આકાંક્ષી જિલ્લાઓ અને ઈશાન ભારતનાં રાજ્યોમાં ૧૪થી ૧૮ વર્ષની દીકરીઓને પણ, પોષણ અભિયાનના પરીઘમાં લાવવામાં આવી છે. કુપોષણની સમસ્યાનું નિરાકરણ આ પગલાંઓ સુધી જ સીમિત નથી. આ લડાઈમાં, બીજી અનેક પહેલની પણ અગત્યની ભૂમિકા છે.

મારા પ્રિય દેશવાસીઓ, ચેન્નાઈથી શ્રીદેવી વરદરાજનજીએ મને એક રિમાઈન્ડર મોકલ્યું છે. તેમણે MyGov પર પોતાની વાત કંઈક આ પ્રકારે લખી છે- નવા વર્ષને આવવામાં હવે પાંચ મહિનાથી પણ ઓછો સમય બચ્યો છે અને આપણે બધાં જાણીએ છીએ કે આવનારું નવું વર્ષ Intertnational Year Of Milletsના તરીકે મનાવવામાં આવશે. તેમણે મને દેશનો એક Millet Map પણ મોકલ્યો છે. સાથે જ પૂછ્યું છે કે શું તમે 'મન કી બાત'માં આગામી હપ્તામાં તેના પર ચર્ચા કરી શકો છો? મને, મારા દેશવાસીઓમાં આ પ્રકારની લાગણી જોઈને ખૂબ જ આનંદની અનુભૂતિ થાય છે. તમને સ્મરણ હશે કે સંયુક્ત રાષ્ટ્રે એક પ્રસ્તાવ પસાર કરીને વર્ષ ૨૦૨૩ને International Year of Millets ઘોષિત કર્યું છે. તમને એ જાણીને પણ ખૂબ જ આનંદ થશે કે ભારતના આ પ્રસ્તાવને ૭૦થી વધુ દેશોનું સમર્થન મળ્યું હતું. આજે, વિશ્વભરમાં, આ જાડા અનાજની, Milletની ચાહના વધતી જઈ રહી છે. સાથીઓ, જ્યારે હું જાડા અનાજની વાત કરું છું તો મારા એક પ્રયાસને પણ આજે તમને જણાવવા માગું છું. સાથીઓ, તમે તો સારી રીતે જાણો છો, જાડા અનાજ, ખેડૂતો માટે પણ ફાયદારૂપ છે અને તે પણ ખાસ કરીને નાના ખેડૂતોને. વાસ્તવમાં, ખૂબ જ ઓછા સમયમાં પાક તૈયાર થઈ જાય છે અને તેમાં વધુ પાણીની આવશ્યકતા પણ નથી હોતી. આપણા નાના ખેડૂતો માટે તો જાડાં અનાજ વિશેષ રીતે લાભકારી છે. જાડા અનાજનાં ભૂસાંને સારો ચારો પણ માનવામાં આવે છે. આજકાલ, યુવાન પેઢી હેલ્થી લિવિંગ અને ઈટિંગ પર ખૂબ જ ધ્યાન આપે છે. આ હિસાબે જોઈએ તોપણ જાડા અનાજમાં ભરપૂર પ્રોટિન, ફાઈબર અને ખનીજ તત્ત્વો હાજર હોય છે. અનેક લોકો તો તેને સુપર ફૂડ પણ કહે છે. જાડાં અનાજથી એક નહીં, અનેક લાભ છે. સ્થૂળતાને ઓછી કરવાની સાથે જ ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને હૃદય સંબંધિત રોગોનાં જોખમોને પણ ઓછું કરે છે. તેની સાથે જ તે પેટ અને લીવરની બીમારીઓથી બચાવમાં પણ મદદગાર છે. તહેવારોની આ ઋતુમાં આપણે લોકો ઘણા બધાં પકવાનોમાં પણ જાડાં અનાજનો ઉપયોગ કરીએ છીએ. તમે તમારાં ઘરોમાં બનતાં આવાં પકવાનોની તસવીરો સૉશિયલ મિડિયા પર જરૂર શૅર કરો, જેથી લોકોમાં જાડાં અનાજ પ્રત્યે જાગૃતિ વધારવામાં મદદ મળે. મારા પ્રિય દેશવાસીઓ, હમણાં કેટલાક દિવસો પહેલાં, મેં અરુણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાં જોરસિંગ ગામના એક સમાચાર જોયા. આ સમાચાર એક એવા પરિવર્તન વિશે હતા, જેની ઈંતેજારી, આ ગામના લોકોને અનેક વર્ષોથી હતી. હકીકતે, જોરસિંગ ગામમાં આ મહિને જ, સ્વતંત્રતા દિવસથી ફોર-જી ઈન્ટરનેટ સેવાઓ શરૂ થઈ ગઈ છે.

> “કુપોષણની વિરુદ્ધ સમગ્ર દેશમાં અનેક ક્રિએટિવ અને વૈવિધ્યસભર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ટૅક્નૉલૉજીનો વધુ સારો ઉપયોગ અને જનભાગીદારી પણ, પોષણ અભિયાનનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બન્યાં છે.”

રાજસ્થાનના અજમેર જિલ્લાના સેઠાસિંહ રાવતજી 'દરજી ઑનલાઈન' નામનો ઈ-સ્ટૉર ચલાવે છે. કૉવિડ મહામારીને અવસર તરીકે લીધી. તેમણે ઑનલાઈન કામકાજ શરૂ કર્યું. તેમણે જોયું કે ગ્રાહકો મોટી સંખ્યામાં માસ્કનો ઑર્ડર આપી રહ્યા છે. તેમણે કેટલીક મહિલાઓને કામ પર રાખી અને માસ્ક બનાવવા લાગ્યા. તે પછી તેમણે 'દરજી ઑનલાઈન' નામથી પોતાનો ઑનલાઈન સ્ટૉર શરૂ કર્યો. હવે તેમને આખા દેશમાંથી ઑર્ડર મળે છે. સેંકડો મહિલાઓને તેમણે પોતાને ત્યાં આજીવિકા આપી છે.

મારા પ્રિય દેશવાસીઓ, કેટલાક સમય પહેલાં, મને હિમાચલ પ્રદેશથી 'મન કી બાત'ના એક શ્રોતા રમેશજીનો પત્ર મળ્યો. રમેશજીએ પોતાના પત્રમાં પહાડોની અનેક ખૂબીઓનો ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું કે પહાડીઓ પર લોકો ભલે દૂર-દૂર વસતા હોય, પરંતુ લોકોનાં હૈયાં ખૂબ જ નજીક હોય છે. ખરેખર, પહાડો પર રહેનારા લોકોના જીવનથી આપણે ઘણું બધું શીખી શકીએ છીએ. પહાડોની જીવનશૈલી અને સંસ્કૃતિથી આપણને પહેલો પાઠ તો એ મળે છે કે આપણે પરિસ્થિતિઓના દબાણમાં ન આવીએ તો સરળતાથી તેના પર વિજય પણ પ્રાપ્ત કરી શકીએ છીએ

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં શરૂઆતમાં આપણે સ્વતંત્રતાના અમૃત મહોત્સવ વિશે વાત કરી છે. સ્વતંત્રતા દિવસના મહાન પર્વની સાથોસાથ આગામી દિવસોમાં અનેક પર્વ પણ આવનારાં છે. હવે કેટલાક દિવસો પછી જ ભગવાન ગણેશજીની આરાધનાનું પર્વ ગણેશ ચતુર્થી છે. વિશેષ રીતે કેરળમાં ઓણમ શાંતિ અને સમૃદ્ધિની ભાવના સાથે મનાવવામાં આવશે. ઓડિશામાં ૧ સપ્ટેમ્બરે નુઆખાઈનું પર્વ પણ મનાવવામાં આવશે. હું, તમને સહુને, આ તહેવારો અને વિશેષ અવસરો માટે શુભકામનાઓ પાઠવું છું. આવતા મહિને, એક વાર ફરી, તમારી સાથે 'મન કી બાત' થશે.

ખૂબ-ખૂબ ધન્યવાદ. ●



### ૭૫૦૦ ખાદી કારીગરોએ એકસાથે ચરખો કાંતી સર્જ્યો ઈતિહાસ

# સ્વાવલંબન અને આત્મનિર્ભર ભારત નિર્માણનો પ્રેરણાસ્ત્રોત 'ખાદી ઉત્સવ'

આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા વિશ્વના સૌથી મોટા ખાદી ઉત્સવમાં ૭૫૦૦ ખાદી કારીગરોએ એકસાથે ચરખા પર સૂતર કાંતીને નવો ઈતિહાસ રચ્યો હતો. આ તકે વડાપ્રધાનશ્રીએ બારડોલી સત્યાગ્રહમાં ઉપયોગમાં લેવાયેલો ચરખો કાંતીને પ્રેરણાત્મક સંદેશો પાઠવીને ખાદી કારીગરો સાથે સંવાદ સાધ્યો હતો. વડાપ્રધાનશ્રીએ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવીન કાર્યાલય ભવનનું ઈ-લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રૂ. ૭૪ કરોડના ખર્ચે નવનિર્મિત આઈકોનિક અટલ બ્રિજનું ઈ- લોકાર્પણ કરીને અમદાવાદીઓને નવા નજરાણાની ભેટ ધરી હતી.

ગુજરાત સાથે સમગ્ર દેશે આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે હર ઘર તિરંગા અભિયાનમાં વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણનો સંકલ્પ પણ કર્યો. આ જ સંકલ્પ ખાદી ઉત્સવમાં પણ પડઘાઈ રહ્યો હોવાનું ખાદી ઉત્સવ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવી ચરખા કાંતનારા કારીગરોના હાથમાં ભાવિ ભારતના નિર્માણની ડોર હોવાનું ઉમેર્યુ હતું.

તેમણે ખાદીની મહત્તા વર્ણવતાં જણાવ્યું હતું કે, આજે વિશ્વ આખામાં ટકાઉ જીવનની વાત ચાલે છે તેવા સમયે ખાદી સસ્ટેનેબલ ક્લોથિંગ પુરવાર થાય તેમ છે. સાથે સાથે ખાદી ઈકો ફ્રેન્ડલી અને સસ્ટેનેબલ ક્લોથિંગનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વડાપ્રધાનશ્રીએ ખાદીને વૈશ્વિક બનાવવાની પહેલ કરતાં અનુરોધ કર્યો હતો કે, વિશ્વમાં વધુ તાપમાન ધરાવતા દેશમાં ખાદી શ્રેષ્ઠ વસ્ત્ર પુરવાર થાય તેમ છે ત્યારે વિશ્વના ગ્લોબલ માર્કેટમાં ખાદીની ઊંચી માંગ છે, તેને પગલે ખાદી સાથે જોડાયેલા લોકો માટે વિશાળ તકો સર્જાવાની છે. ખાદી આજે લોકલથી ગ્લોબલના પથ પર આગળ વધી ચૂકી છે. ખાદીને જીવંત બનાવવાનું કામ ગુજરાતે કર્યું હોવાનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું હતું કે, અગાઉ "ગુજરાતમાં ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન"નો સંકલ્પ લીધો




હતો. આજે તેમાં 'ખાદી ફોર ટ્રાન્સફોર્મેશન'ને જોડ્યું છે, જેનો વિશ્વસ્તરે પ્રતિસાદ મળી રહ્યો છે.

વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે સ્વયં ચરખો કાંત્યા બાદ જણાવ્યું હતું કે, ચરખો કાંતવાની ક્ષણ મને મારા બાળપણમાં લઈ જાય છે. તેમણે કહ્યું હતું કે, મારા માતાજી પણ આર્થિક ઉપાર્જન માટે સૂતર કાંતતાં હતાં તે દૃશ્યોનું મને પુન:સ્મરણ થયું છે. સૂતર-કાંતણને યૌગિક આરાધના સાથે સરખાવતાં તેમણે કહ્યું કે, ભક્ત જેમ ભગવાનની પૂજા કરવા જે સામગ્રીનો ઉપયોગ કરે છે તે જ રીતે સૂતર-કાંતણ એવી જ સાધના છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશની ધડકન બનેલા ચરખાનું કાંતણ જેવા સ્પંદનનો અનુભવ સાબરમતીના તટ પર થયો છે.

સૂતરનો તાંતણો આઝાદીના આંદોલનની તાકાત બન્યો હોવાનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, એક ખાદીના તારે ગુલામીની જંજીરો તોડી નાંખી હતી. એ જ તાંતણો આજે વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત નિર્માણનો પ્રેરણાસ્રોત બનશે. સાબરમતીના તટે ખાદી ઉત્સવ વિકસિત ભારત, ગુલામીની માનસિકતાનો સંપૂર્ણ ત્યાગ, વિરાસત પર ગૌરવ, રાષ્ટ્રીય એકતા વધારવાનો પૂર્ણ પ્રયાસ અને દરેક નાગરિકનું કર્તવ્ય એમ પંચપ્રાણ સાથે જોડનારો બન્યો છે.

દેશભરમાં ખાદી સાથે જોડાયેલી સમસ્યાઓને દૂર કરવા સરકાર કટિબદ્ધ હોવાનું કહી તેમણે ઉમેર્યું કે, આજે દેશના ટોપ ફેશન બ્રાન્ડ ખાદી સાથે જોડાઈ રહી છે. ૮ વર્ષમાં ખાદીના વેચાણમાં ૪ ગણો વધારો થયો છે. ખાદી ગ્રામોદ્યોગનું ટર્નઓવર ૧ લાખ કરોડને આંબી ગયું છે. ૮ વર્ષમાં ખાદી અને ગ્રામોદ્યોગમાં ૧.૭૫ કરોડ નવા રોજગારનું સર્જન થયું છે. ગુજરાતમાં ગ્રીન ખાદી અભિયાન દ્વારા ખાદી કારીગરોની સોલર ચરખાથી ખાદી બનાવવાની પહેલ અનુકરણીય છે.

વડાપ્રધાનશ્રીએ દૂરદર્શન દ્વારા નિર્મિત "સ્વરાજ ટી.વી. શ્રેણી"નો ઉલ્લેખ કરતાં કહ્યું કે, સ્વાભિમાન, બલિદાન અને સ્વતંત્રતા આંદોલન સાથે જોડાયેલી વાતોને વિસ્તારપૂર્વક આ શ્રેણીમાં દર્શાવવામાં આવી છે. આપણા પૂર્વજોની રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રચેતના અને સ્વાવલંબનનો ભાવ દેશમાં વધતો રહે તેવા પ્રયાસોને આગળ ધપાવવા સૌને સહયોગી બની પૂરી શક્તિ અને કર્તવ્યભાવથી આગળ વધવા અનુરોધ કર્યો હતો.

પ્રવાસનને પ્રાથમિકતા આપતાં વડાપ્રધાનશ્રીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રૂ. ૭૪ કરોડના ખર્ચે નવનિર્મિત આઇકોનિક અટલ બ્રિજનું ઈ- લોકાર્પણ કર્યું હતું. તેમણે સાબરમતી રિવરફ્રન્ટ પર નવનિર્મિત અટલ બ્રિજ સાબરમતી નદી કે નદીના બે કિનારાને જોડવા ઉપરાંત ડિઝાઇન અને ઇનોવેશનમાં અભૂતપૂર્વ હોવાનું જણાવી અટલજી અને ગુજરાતના પ્રસિદ્ધ પતંગ મહોત્સવનો સમન્વય હોવાનું પણ ઉમેર્યું હતુ. અટલ બ્રિજનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, આ બ્રિજના નિર્માણ દ્વારા અટલજીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આખો દેશ આઝાદીનો અમૃત મહોત્સવ, સ્વતંત્રતાનાં-સ્વરાજ્યનાં ૭૫ વર્ષ ઊજવી અમૃતકાળમાં પ્રવેશી રહ્યો છે. મહાત્મા ગાંધીજીએ ચરખાને, અંત્યોદયથી સર્વોદયને સાકાર કરવાનું માધ્યમ પણ બનાવ્યો હતો. ખાદી, વણાટ અને કાંતણ



સાથે જોડાયેલા સાડા સાત હજાર જેટલા કારીગરોએ અંબર-ચરખો ચલાવી ગાંધીયુગનાં સંભારણા તાજાં કર્યાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશમાં ખાદી ઉદ્યોગને રિફોર્મ અને રિવાઈવ કરવાના અનેક સફળ પ્રયાસ થયા છે. રાજ્યમાં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ૧૫ હજાર જેટલા કારીગરોને ઘેર બેઠાં અંબર ચરખા અને હાથસાળ મારફતે રોજગારી પૂરી પાડે છે. ગુજરાતમાં ખાદીના કારીગરોની સંખ્યા ૨૦ હજાર જેટલી છે, ત્યારે રાજ્ય સરકાર ખાદી કાંતનાર-વણનાર કારીગરોને વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય ચૂકવે છે. આ યોજનાઓના પરિણામે ખાદીનું ઉત્પાદન રૂ. ૩૯ કરોડથી વધીને રૂ. ૨૦૬ કરોડનું થયુ છે.

છેલ્લાં ૨૦ વર્ષમાં રાજ્યમાં ખાદીનું વેચાણ રૂ. ૩૮ કરોડથી વધીને રૂ. ૩૬૭ કરોડે પહોંચ્યું છે. ખાદી આપણી વિરાસત છે અને આપણે સૌએ તેનું ગૌરવગાન કરવાનું છે. સાથે સાથે ખાદીની આ વિરાસત ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં પણ અતિ ઉપયોગી નીવડવાની છે, તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

ખાદી ઉત્સવ કાર્યક્રમમાં કુટીર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ શ્રી સી.આર.પાટીલ, અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ખાદી બોર્ડના ચેરમેન શ્રી મનોજકુમાર ગોયેલ, સાંસદશ્રીઓ, મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન સેહરા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીગણ- અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. ●





# કચ્છને રૂ. પાંચ હજાર કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં PM

કચ્છ એટલે વિસ્તારની દૃષ્ટિએ ભારતનો એક વિશાળ જિલ્લો. આ જિલ્લાનાં માનવીઓનાં મનોબળ તેના વિસ્તારથી પણ વધુ મજબૂત અને વિશાળ છે. વિનાશક ભૂકંપે કચ્છના ખમીરને તોડવાની કોશિશ કરી, પણ આ ખમીરવંતી પ્રજાએ બમણાં જોશ અને ઉત્સાહથી ઊભા થઈને દેશ-દુનિયામાં પોતાની અલગ છાપ ઊભી કરી છે.

આજે કચ્છ વિશેના જનસામાન્યના વિચારમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. તેમાં પણ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છના પુનઃનિર્માણ માટે લીધેલાં નિર્ણયો-પગલાંઓના કારણે કચ્છ ખૂબ ઝડપથી બેઠું થઈ શક્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હૃદયમાં કચ્છ એક વિશેષ સ્થાને રહ્યું છે. તેની પ્રતીતિ તેમની તાજેતરની કચ્છની મુલાકાતમાં જોવા મળી.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છ-ભુજને રૂ.પાંચ હજાર કરોડનાં જનહિતલક્ષી ૬ કામોનું ઈ-લોકાર્પણ તથા પાંચ કામોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. તેમાં રૂ.૧,૭૪૫ કરોડના ખર્ચે બનેલી કચ્છ શાખા નહેર, રૂ.૧,૧૮૨ કરોડના ખર્ચે બનેલાં નખત્રાણા અને ભુજ સબસ્ટેશન, રૂ. ૧૨૯ કરોડના ખર્ચે બનેલો ચાંદ્રાણી ખાતેનો સરહદ ડેરીનો દૂધ ઉત્પાદન અને પેકેજિંગ પ્લાન્ટ, રૂ.૧૯૦ કરોડના ખર્ચે બનેલું ભુજનું પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર, રૂ.૩૯ કરોડના ખર્ચે બનેલું ગાંધીધામ ખાતેનું ડૉ.બાબાસાહેબ આંબેડકર સંમેલન કેન્દ્ર, રૂ.૧૭.૫૦ કરોડના ખર્ચે આકાર પામેલું અંજાર ખાતેનું વીર બાળસ્મારક એમ કુલ ૬ વિકાસકામો લોકર્પિત કર્યાં હતાં. આ તમામ વિકાસકાર્યો કચ્છની કાયાપલટ કરનારા ઉદ્દીપક બની રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સરકાર દ્વારા ભુજના ભૂજિયા ડુંગર પર રૂ.૩૭૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, સ્મૃતિવન દુનિયાનું નજરાણુ બનશે. વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૦૧ના ભૂકંપની આપદાને યાદ કરતાં આ સ્મારકો પોતાનાં સ્વજનો ગુમાવનારા લોકોને અર્પિત કર્યાં હતાં. આ સ્મારક વેદના અને આફતને અવસરમાં બદલવાના કચ્છ-ગુજરાતના ખમીરનું પ્રતીક છે. વડાપ્રધાનશ્રીએ આ સ્મારકને દુનિયાના આ પ્રકારનાં અન્ય સ્મારકોમાં શ્રેષ્ઠ ગણાવતાં ભૂજીયો ડુંગર દેશ દુનિયામાં ગુંજતો થાય તે માટે લોક સહયોગ માગ્યો હતો.

સ્મૃતિવનની મુલાકાતે ભૂકંપ સાથે સંકળાયેલી અનેક યાદો તાજી કરી છે, તેમ જણાવતાં વડાપ્રધાનશ્રીએ, મન ખૂબ ભાવનાઓથી આજે ભર્યું છે, તેમ ઉમેર્યું હતું. ભૂકંપ વખતની સ્થિતિ વર્ણવતાં એમના તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ સંદર્ભે કહ્યું કે, તે સમયે મેં અને મારી સરકારે ભૂકંપ પીડિતોની વચ્ચે જઈને સધિયારો આપી કચ્છના લોકોના ખમીરની યાદ અપાવી હતી. દિવાળી





પણ ભૂકંપ પીડિતોની વચ્ચે પસાર કરી હતી. ભૂકંપ પછી કેટલાક લોકો એવું કહેતા હતા કે, કચ્છ ક્યારેય બેઠું નહિ થાય, પણ કચ્છી લોકોએ પોતાની મહેનત અને જુસ્સાથી આજે કચ્છની તસવીર બદલી નાખી છે.

ભૂકંપ વખતે મેં કહ્યું હતું કે, કચ્છ ફરી બેઠું થશે. આપણે આપત્તિને અવસરમાં બદલીને રહીશું. આજે એ સાકાર થયું છે. આ સંકલ્પ સિદ્ધ થયો છે તેના સંદર્ભમાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે મને કચ્છના રણમાં ભારતનું તોરણ દેખાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છના નવનિર્માણ માટે કચ્છના લોકોનો સંઘર્ષ, સરકારની પ્રતિબદ્ધતા, ગુજરાતના વિકાસની ગાથા અને દુનિયામાં ભારતની થઈ રહેલી પ્રગતિ અંગે કચ્છની ધરતી પરથી સંકલ્પ સિદ્ધ કરતાં કહ્યું કે, ૨૦૪૭માં ભારત વિકસિત રાષ્ટ્ર બનશે.

અગાઉનાં વર્ષોમાં કચ્છમાં પાણીની અછત અને તેના પરિણામે પડતી મુશ્કેલીઓની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે અગાઉ પાણીની તકલીફના કારણે કચ્છના પશુપાલકોએ પોતાનાં પશુઓ સાથે વારંવાર પલાયન કરવું પડતું હતું અથવા તો ક્યારેક પશુઓનો ત્યાગ કરવો પડતો હતો. આજે આ જ વિસ્તારમાં છેલ્લાં ૨૦ વર્ષમાં દૂધ ઉત્પાદન ૩ ગણુ વધ્યું છે. સરહદ ડેરીમાં આજે દૈનિક ૫ લાખ લિટરથી વધુ દૂધ એકત્ર કરવામાં આવે છે અને ખેડૂતો વાર્ષિક ૮૦૦ કરોડની આવક તેમાંથી મેળવે છે. કચ્છમાં થયેલી ઔદ્યોગિક પ્રગતિની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ કચ્છના સિમેન્ટ ઉત્પાદન પ્લાન્ટ, ખાવડાનો રિન્યુએબલ એનર્જી પાર્ક, મુન્દ્રા અને કંડલા પોર્ટના દેશના માલ-પરિવહનમાં હિસ્સા વિશે સગૌરવ વાત કરી હતી.

અંજારના ચાંદ્રાણી ગામમાં સરહદ ડેરીના લોકાર્પિત થયેલા નવા આધુનિક પ્લાન્ટમાં દૂધમાંથી વિવિધ ઉત્પાદનો બનાવી શકાશે, જેના પરિણામે કચ્છના ખેડૂતોની આવકમાં મોટો વધારો થશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જે નર્મદાજીમાં સ્નાન કરવા માટે અગાઉ લોકોને યાત્રા કરવી પડતી હતી, એ નર્મદાજીના પાણી આજે કચ્છ સુધી પહોંચ્યાં છે.

જે કચ્છના રણવિસ્તારમાં સિંચાઈ યોજનાઓની કલ્પના પણ નહોતી કરી શકાતી, ત્યાં આજે નર્મદાનાં પાણી પહોંચતાં હજારો હેક્ટર જમીન માટે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ છે, જેણે કચ્છના હજારો ખેડૂત ભાઈઓ માટે સમૃદ્ધિનાં નવાં દ્વાર ખોલ્યાં છે. સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ થવાથી કચ્છના ખેડૂતો માટે આવેલા પરિવર્તનની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે આજે ફળ ઉત્પાદનના મામલામાં કચ્છ ગુજરાતનો નંબર વન જિલ્લો બન્યો છે. કચ્છી માડુએ 'મહેનતનાં ફળ મીઠાં' કહેવતને સાકાર કરી બતાવી છે.

પ્રાકૃતિક આપદાઓને ધ્યાનમાં રાખીને ગુજરાતે કરેલી કામગીરીની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઍક્ટ બનાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય હતું, જેના પગલે અન્ય રાજ્યોએ પણ આ પ્રકારના ઍક્ટ બનાવ્યા હતા, જે કોરોના કાળમાં અત્યંત ઉપયોગી નીવડ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કચ્છમાં સૌર અને પવન ઊર્જા દ્વારા ૨૫૦૦ મેગાવૉટ વીજળીનું ઉત્પાદન થાય છે અને કચ્છમાં સૌથી મોટો સોલાર હાઈબ્રિડ પાર્ક આવી રહ્યો છે. આજે દેશમાં જે ગ્રીન હાઉસ અભિયાન ચાલી રહ્યું છે તેમાં ગુજરાતની ભૂમિકા ઘણી મોટી છે. તેવી જ રીતે, જ્યારે વિશ્વની ગ્રીન હાઉસ રાજધાની તરીકે ગુજરાત પોતાની ઓળખ બનાવી રહ્યું છે, ત્યારે કચ્છ પણ તેમાં ઘણું મોટું યોગદાન આપશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, કચ્છ સાથે મારો જૂનો અને ખૂબ ગાઢ સંબંધ છે. તેમણે કચ્છના પુનઃ નિર્માણમાં મહાનુભાવોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કચ્છનો વિકાસ શૈક્ષણિક સંસ્થાઓ, રિસર્ચ સંસ્થાઓ માટે સંશોધનનો વિષય બન્યો છે. ભૂકંપમાં કચ્છની જિલ્લા હૉસ્પિટલ ધ્વસ્ત થઈ ગઈ હતી. આજે કચ્છમાં ભૂકંપપ્રૂફ હૉસ્પિટલ અને ૨૦૦ દવાખાનાં છે. એક સમયે કચ્છની ધરતી સૂકી હતી. આજે અહીં નર્મદાનાં નીર પહોંચ્યાં છે.

કચ્છ જિલ્લાએ પોતાની વિરાસતને ગૌરવભેર દેશ સમક્ષ મૂકી છે. ધોળાવીરાની નગર-નિર્માણની વ્યવસ્થા આજે વિશ્વ વિરાસત બની છે. દુનિયાની સભ્યતા જ્યારે પ્રારંભિક તબક્કામાં હતી ત્યારે આપણા પૂર્વજોએ ધોળાવીરા જેવી આધુનિક સંસ્કૃતિ વિકસાવી હતી. આજે પણ ગુજરાતના સરદાર પટેલ તેમજ શ્યામજી કૃષ્ણ વર્માના સ્મારકો લોકો માટે







આદર્શ બન્યાં છે. કચ્છનાં પ્રવાસન સ્થળો, કચ્છનાં વિવિધ ઉત્પાદનો, કચ્છી કારીગરી વગેરેને કારણે આજે દેશ દુનિયામાં 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ની ચર્ચા છે. કચ્છ એ માત્ર એક સ્થાન નહીં પરંતુ સમૃદ્ધિનો માર્ગ ખોલતી જીવંત ચેતનાનો મનોભાવ છે, તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ રણ ઉત્સવ જેટલી જ તાકાત સ્મૃતિવનમાં હોવાનો લોકો સમક્ષ આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં કચ્છ માટે આજે સ્મૃતિ અને સમૃદ્ધિનો દિવસ છે. ચાલુ વર્ષે વડાપ્રધાનશ્રીએ ગુજરાતને અંદાજે રૂ. ૪૭ હજાર કરોડનાં વિકાસકામોની ભેટ આપી છે, જ્યારે આ કુલ રકમના ૧૦ ટકા એટલે કે રૂ. ૪૭૦૦ કરોડથી પણ વધુનાં વિકાસ કામોની ભેટ આજે એકલા કચ્છ જિલ્લાને મળવા જઈ રહી છે. આ તમામ વિકાસકામો કચ્છ જિલ્લાની વિકાસની ગતિને વધુ વેગવાન બનાવશે.

કચ્છના છેવાડાના ગામ મોડકૂબા સુધી નર્મદાનાં નીર પહોંચાડી વડાપ્રધાનશ્રીએ કચ્છના લોકોને નર્મદાનું નીર આપવાનું વચન પાળી બતાવ્યું છે. નર્મદા નીરના આગમનથી કચ્છના ૭ તાલુકા, ૧૮૨ ગામડાઓના પોણા ત્રણ લાખ સિંચાઈ વિસ્તાર તેમજ ૯૪૮ ગામોને પીવાનું પાણી પહોંચતું થશે. અંદાજે રૂ. ૧૭૪૫ કરોડના ખર્ચે આજે ૧૪૩ કિ.મી. લાંબી બ્રાન્ચ કેનાલની ભેટ આપી વડાપ્રધાનશ્રીએ જે કહેવું તે કરવુંની વાત સાકાર કરી છે. કેન્દ્રમાં વડાપ્રધાન બનવાની સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા બંધના દરવાજા મૂકવાની પરવાનગી આપી પાણીદાર ગુજરાતની વિભાવનાને સાકાર કરવાની સાથે દાયકાઓ સુધી કચ્છને વિકાસથી વંચિત રાખનારાઓને પણ જડબાતોડ જવાબ આપ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૧ના ગોઝારા ભૂકંપને યાદ કરતાં જણાવ્યું હતું કે, એ વિનાશકારી ઘટનામાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. રૂ. ૩૭૫ કરોડના ખર્ચે નિર્મિત સ્મૃતિવન તેમજ વીરબાળ સ્મારક એ દિવંગતોને લોકમાનસમાં સદાય જીવંત રાખશે, તેમ જણાવી આ વિકાસકામોની ભેટ કચ્છને વિશ્વભરમાં ઝળકાવશે, તેવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

વિધાનસભાનાં અધ્યક્ષા ડૉ. નિમાબહેન આચાર્યએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છનાં વિકાસકાર્યો માટે વિશેષ ભાર આપ્યો છે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ કચ્છને બેઠું કરવા માટે ખૂબ મોટું યોગદાન આપવાની સાથે કચ્છ જિલ્લાનાં લાલન, પાલન, પોષણની ખૂબ માવજત કરી છે. તેમના આ પ્રયાસોથી વિશ્વના નકશામાં



કચ્છ એક આગવા સ્થાન તરીકે ઊભરી આવ્યું છે.

આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો કચ્છ સાથે કાયમી નાતો રહ્યો છે ત્યારે આજે કચ્છ જિલ્લાને હજારો કરોડનાં વિકાસકામોની ભેટ મળી છે.

આ પ્રસંગે કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે કચ્છની ધરા પર વડાપ્રધાનશ્રી પધાર્યા છે તે સૌ કચ્છીઓ માટે ગૌરવની વાત છે. નર્મદાનાં પાણી કચ્છનાં મોડકૂબા સુધી પહોંચ્યાં છે જેના વધામણા વડાપ્રધાનશ્રી કરશે. આ નર્મદાનું પાણી કચ્છના ખેતરે ખેતરે પહોંચશે અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ થશે. આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ.૧,૩૭૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા ભુજને નેશનલ હાઈવેને જોડતાં ભુજ- ભીમાસર નેશનલ હાઈવે પ્રોજેક્ટ, રૂ.૪૩.૪૦ કરોડના ખર્ચે બનનારી ગાંધીધામની અન્ડરગ્રાઉન્ડ ડક્ટ, રૂ.૩૨.૭૧ કરોડના ખર્ચે માતાના મઢના પર્યટન વિકાસનાં કામો, ગાંધીધામ નગર પાલિકાના સ્વર્ણિમ જયંતી અન્વયેના રૂ. ૨૨.૬૭ કરોડનાં તથા રૂ. ૩૦.૭૯ કરોડનાં બે કામો સહિત કુલ પાંચ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિકાસકાર્યો પૂર્ણ થતાં કચ્છમાં પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસનાં નવાં દ્વાર ખુલશે.

આ પ્રસંગે સાંસદ સર્વ શ્રી સી.આર. પાટીલ અને વિનોદભાઈ ચાવડા, રાજયમંત્રી શ્રી જીતુભાઇ ચૌધરી, ધારાસભ્ય સર્વશ્રી વાસણભાઇ આહીર, વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી માલતીબહેન મહેશ્વરી, સરહદ ડેરીના ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# કચ્છે હાંસલ કરી વિકાસની નવી ઊંચાઈઓ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છ જિલ્લામાં જનસમર્પિત કરેલું સ્મૃતિવન સ્મારક વર્ષ 2001ના ભૂકંપમાં જીવ ગુમાવનારા 13 હજાર લોકોની યાદગીરીમાં બનાવવામાં આવ્યું છે. સ્મૃતિવન આ પ્રકારની સૌપ્રથમ પહેલ છે. ભૂકંપની તબાહી પછી લોકો દ્વારા દર્શાવવામાં આવેલી માનસિક મક્કમતાની ભાવના રજૂ કરવા માટે લગભગ 470 એકરના ક્ષેત્રફળમાં આ સ્મૃતિવન બનાવવામાં આવ્યું છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ભુજમાં હતું. આ સ્મારકમાં એવા લોકોનાં નામ છે કે જેમણે ભૂકંપ દરમિયાન પોતાનો જીવ ગુમાવ્યો હતો.

અદ્યતન કક્ષાનું સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય સાત થીમ પર આધારિત સાત બ્લૉકમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જેમાં પુનર્જન્મ, પુનઃશોધ, પુનઃસ્થાપના, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃજીવન અને નવીનીકરણનો સમાવેશ થાય છે.

પ્રથમ બ્લૉક પુનર્જન્મની થીમ પર આધારિત છે જે પૃથ્વીની ઉત્ક્રાંતિ અને દરેક સંજોગમાં ફરી બેઠાં થવાની પૃથ્વીની ક્ષમતા દર્શાવે છે.

બીજો બ્લૉક ગુજરાતની ટોપોગ્રાફી અને એવી વિવિધ કુદરતી આપદાઓ દર્શાવે છે જે આ રાજ્યમાં આવવાની શક્યતાઓ વધુ છે.

ત્રીજો બ્લૉક 2001માં આવેલા ભૂકંપની તુરંત પછીની સ્થિતિમાં આપણને લઈ જાય છે. આ બ્લૉકમાંની ગેલેરીઓમાં ભૂકંપ વખતે વ્યક્તિગત લોકો તેમજ સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા જંગી રાહત પ્રયાસોને રજૂ કરાયા છે.

ચોથો બ્લૉક 2001ના ભૂકંપ પછી ગુજરાતમાં પુનઃનિર્માણ માટે હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ અને સફળતાની ગાથાઓ દર્શાવે છે.

પાંચમો બ્લૉક મુલાકાતીને વિવિધ પ્રકારની આપત્તિઓ વિશે જણાવે છે અને ભવિષ્યમાં કોઇ પણ સમયે કોઇ પણ પ્રકારની આપત્તિ આવે તો તેની સામેની તૈયારી વિશે વિચારવા અને શીખવા માટે પ્રોત્સાહિત કરે છે.

છઠ્ઠો બ્લૉક આપણને સિમ્યુલેટરના માધ્યમથી ભૂકંપના અનુભવને ફરીથી જીવંત કરવામાં મદદ કરે છે. આ અનુભવને 5D સિમ્યુલેટરમાં ડિઝાઈન કરવામાં આવ્યો છે અને તેનો ઉદ્દેશ મુલાકાતીને આટલા વ્યાપક સ્તરે બનેલી કુદરતી આપદાની ઘટનાની વાસ્તવિકતાનો અહેસાસ કરાવવાનો છે.

સાતમો બ્લૉક લોકોને એવી જગ્યા પૂરી પાડે છે જ્યાં તેઓ દિવંગત લોકોને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી શકે છે.

વડાપ્રધાનશ્રીએ સરદાર સરોવર પરિયોજના સાથે સંકળાયેલી કચ્છ બ્રાન્ચ કેનાલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. કેનાલની કુલ લંબાઈ લગભગ 357 કિમી છે. આ કેનાલ કચ્છમાં સિંચાઈની સુવિધા અને કચ્છ જિલ્લાનાં તમામ 948 ગામો અને 10 નગરોમાં પીવાનું પાણી પૂરું પાડવામાં મદદરૂપ થશે.

વડાપ્રધાનશ્રીએ સરહદ ડેરીના નવા ઓટોમેટિક મિલ્ક પ્રોસેસિંગ અને પેકિંગ પ્લાન્ટ સહિત અન્ય વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. આ પ્લાન્ટથી કચ્છમાં સફેદ ક્રાંતિનાં પગરણ થશે.

આ ઉપરાંત, ભુજમાં રૂ.190 કરોડના ખર્ચે તૈયાર થયેલાં અત્યાધુનિક પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર, ગાંધીધામ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટરથી નાગરિકો અને વિદ્યાર્થીઓની જરૂરિયાત અને જ્ઞાનની ભૂખને સંતોષી શકાશે.

તો, અંજાર ખાતે વીર બાળસ્મારક ભૂકંપમાં અવસાન પામેલાં બાળકોની યાદને તાજી કરશે.

કચ્છમાં વિકાસની સાથે પાણી અને વીજળીની જરૂરિયાત પૂરી કરવા રાજ્ય અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. તેના ભાગરૂપે નખત્રાણા - ભુજમાં સબસ્ટેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ સાથે, ભુજને રાષ્ટ્રીય માર્ગથી જોડતા ભુજ-ભીમાસર નેશનલ હાઈવેના કાર્યનો વડાપ્રધાનશ્રીએ પ્રારંભ કરાવ્યો હતો. ●

## હાંસલપુર ખાતે રૂ.૭૩૦૦ કરોડના ખર્ચે ઇલેક્ટ્રીક વ્હિકલ બેટરી ઉત્પાદન પ્લાન્ટનું ખાતમુહૂર્ત

# ઈલેક્ટ્રીક વ્હિકલનો વધતો વ્યાપ એ દેશમાં ઓટોમોબાઇલ ક્ષેત્રે મૌન ક્રાંતિની શરૂઆત છે : PM



ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મારુતિ-સુઝુકી કંપનીના ભારતમાં 40 વર્ષ થવાના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને સુઝુકીના પારિવારિક સંબંધો હવે 40 વર્ષથી પણ વધુ જૂના અને મજબૂત બન્યા છે. તેમણે કહ્યું કે, મારુતિ-સુઝુકીની સફળતા પણ ભારત અને જાપાનની મજબૂત ભાગીદારી દર્શાવે છે. તેમણે દેશમાં વધી રહેલા ઈલેક્ટ્રીક વ્હિકલ-EVના વધતા વ્યાપને દેશના ઑટો મોબાઇલ ક્ષેત્રે સાયલન્ટ રિવોલ્યુશન-મૌન ક્રાંતિની શરૂઆત ગણાવ્યો હતો.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતના હાંસલપુર ખાતે રૂ.૭૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સુઝુકીના ઈલેક્ટ્રીક વ્હિકલ બેટરી ઉત્પાદન પ્લાન્ટનું ખાતમુહૂર્ત તથા હરિયાણા ખારખોડા ખાતેના મારુતિ સુઝુકીના વ્હિકલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, છેલ્લાં આઠ વર્ષમાં બંને દેશો વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. આ સાથે જ શરૂ થઈ રહેલા બે નવા પ્રકલ્પોની સાથે સુઝુકી માટે પણ ભારતમાં ઉજ્જવળ ભાવિની તકો રહેલી હોવાનો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, આજે ગુજરાત-મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેનથી લઈને ઉત્તરપ્રદેશ બનારસમાં રુદ્રાક્ષ કેન્દ્ર સુધીના વિકાસના અનેક પ્રોજેક્ટ ભારત-જાપાન મિત્રતાનાં ઉદાહરણ છે, અને જ્યારે આ મિત્રતાની વાત આવે છે, ત્યારે દરેક ભારતીય ચોક્કસપણે અમારા મિત્ર, જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી શિન્ઝો આબેજીને યાદ કરે છે. જ્યારે આબે ગુજરાત આવ્યા ત્યારે તેમણે અહીં વિતાવેલો સમય ગુજરાતના લોકો પ્રેમપૂર્વક યાદ કરે છે. પીએમ શ્રી કિશિદા આપણા દેશોને નજીક લાવવા માટે કરેલા પ્રયાસોને આગળ વધારી રહ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે, ગુજરાત અને જાપાન વચ્ચે જે સંબંધો રહ્યા છે તે રાજદ્વારી વર્તુળો કરતાં પણ ઊંચા રહ્યા છે. મને યાદ છે કે જ્યારે વર્ષ ૨૦૦૯માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારથી જાપાન ગુજરાત સાથે ભાગીદાર દેશ તરીકે સંકળાયેલું રહ્યું છે. આ બાબતની ખુશી વ્યક્ત કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ગુજરાતે સુઝુકી સાથેનું પોતાનું વચન પાળ્યું છે અને એ જ રીતે સુઝુકીએ પણ ગુજરાતની ઇચ્છાઓને સન્માન સાથે પૂરી કરી છે. તેના

## ઈલેક્ટ્રીક વ્હિકલ ક્ષેત્ર એ પુરવઠા, માંગ અને ઇકોસિસ્ટમના મજબૂતીકરણ સાથે ચોક્કસ પ્રગતિ કરશે







પરિણામે ગુજરાત આજે વિશ્વમાં ટોચના ઓટોમોટિવ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઊભરી આવ્યું છે.

વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, જાપાનના રોકાણકારોને ગુજરાતમાં રહીને પણ જાપાન જેવો અનુભવ થાય તે માટે ગુજરાતમાં મિની જાપાન બનાવવાના તેમના સંકલ્પને તેમણે યાદ કર્યો. આને સાકાર કરવા માટે અનેક નાની - નાની બાબતોનો ખ્યાલ રાખીને અનેક પગલાં લેવામાં આવ્યાં હતાં. જેમાં જાપાનીઝ વાનગીઓ સાથે વિશ્વ-કક્ષાના અનેક ગોલ્ફ કોર્સ અને રેસ્ટોરન્ટ્સની રચના તેમજ જાપાનીઝ ભાષાનો પ્રચાર સહિતનાં ઉદાહરણોનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, અમારા પ્રયાસો હંમેશાં જાપાન માટે ગંભીરતા અને આદર ધરાવે છે. તેથી જ સુઝુકી સાથે લગભગ 125 જેટલી અન્ય જાપાનીઝ કંપનીઓ આજે ગુજરાતમાં કાર્યરત છે. અમદાવાદમાં JETRO સંચાલિત સપોર્ટ સેન્ટર ઘણી કંપનીઓને પ્લગ-એન્ડ-પ્લેની સુવિધા પૂરી પાડે છે. જાપાન ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ફોર મેન્યુફેક્ચરિંગ ઘણા લોકોને તાલીમ આપી રહી છે. વડાપ્રધાનશ્રીએ અમદાવાદ ખાતેના ઝેન ગાર્ડનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જાપાન અને ભારતના સંબંધોને વધુ ગાઢ બનાવવાના ઉદાહરણરૂપ છે. તેમણે એમ પણ ઉમેર્યું કે નજીકના ભવિષ્યમાં આવો જ ગાર્ડન સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે વિકસાવવાનું પણ



આયોજન છે. તેમણે ગુજરાતની વિકાસયાત્રામાં 'કાઈઝેન'ના યોગદાનની નોંધ લેતાં કહ્યું કે વડાપ્રધાનપદ સંભાળીને દિલ્હી ગયા બાદ ત્યાં પણ કાઈઝેનનાં પાસાંઓને PMO અને અન્ય વિભાગોમાં પણ લાગુ કરવામાં આવ્યાં હતાં.

ઇલેક્ટ્રિક વાહનો વિશે વાત કરતાં શ્રી મોદીએ કહ્યું કે, ઇલેક્ટ્રિક વાહનોની એક મોટી વિશેષતા એ છે કે તે મૌન એટલે કે સાયલન્ટ હોય છે, પછી તે 2 વ્હીલર હોય કે 4 વ્હીલર હોય, તે અવાજ કરતાં નથી. આ સાયલન્ટ માત્ર તેના એન્જિનિયરિંગ વિશે નથી, પરંતુ તે દેશમાં એક સાયલન્ટ રિવોલ્યુશન એટલે કે મૌન ક્રાંતિની પણ શરૂઆત છે. તેમણે કહ્યું હતું કે EV ઇકોસિસ્ટમને મજબૂત કરવા માટે સરકાર દ્વારા છેલ્લાં આઠ વર્ષથી મજબૂત પાયો તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આ પ્રયાસોના ભાગરૂપે ઇલેક્ટ્રિક વાહન ખરીદનારાઓને વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યાં છે. સાથે - સાથે આવકવેરામાં છૂટ અને લોન પ્રક્રિયાને સરળ બનાવવા જેવાં અસંખ્ય પગલાં પણ સરકાર દ્વારા લેવામાં આવ્યાં છે.

ઓટોમોબાઈલ અને ઓટોમોબાઈલ ઘટકોના ઉત્પાદનમાં PLI યોજનાઓ દાખલ કરવા માટે ઝડપી ગતિએ કામ હાથ ધરવામાં આવી રહ્યું છે, તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે મજબૂત ઇલેક્ટ્રિક વાહન ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે અનેક નીતિવિષયક નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. ૨૦૨૨ના નાણાકીય બજેટમાં બેટરી સ્વેપિંગની નીતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું કે આના કારણે પુરવઠો, માંગ અને ઇકોસિસ્ટમના મજબૂતીકરણ સાથે, EV ક્ષેત્ર પ્રગતિ કરશે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારતે COP-26માં જાહેરાત કરી છે કે તે વર્ષ ૨૦૩૦ સુધીમાં non-fossil sources (બિન-અશ્મીભૂત સ્રોતો)માંથી તેની સ્થાપિત વિદ્યુત ક્ષમતાના 50 ટકા હાંસલ કરશે. અમે વર્ષ 2070 માટે 'નેટ ઝીરો' લક્ષ્ય નક્કી કર્યું છે. વડાપ્રધાનશ્રીએ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે મારુતિ સુઝુકી બાયોફ્યુઅલ, ઇથેનોલ બ્લેન્ડિંગ અને હાઇબ્રિડ ઈવી જેવી વસ્તુઓ પર પણ કામ કરી રહી છે. વડાપ્રધાને એ પણ સૂચન કર્યું કે સુઝુકી કોમ્પ્રેસ્ડ બાયોમિથેન ગેસ-CBG સંબંધિત પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરે.




**:: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ::**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતમાં સુઝુકી મોટર કોર્પોરેશનના મેનેજમેન્ટને સફળતાનાં ચાલીસ વર્ષ પૂરાં કરવા બદલ અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે ગુજરાત અને જાપાન વચ્ચેની આર્થિક અને સાંસ્કૃતિક ભાગીદારીને એક નવું પરિમાણ આપ્યું હતું. ગુજરાતની વિકાસયાત્રામાં જાપાનની સુઝુકી કંપનીનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨માં શરૂઆત થઈ ત્યારથી મારુતિ કંપનીનું સંચિત રોકાણ રૂ.૧૬ હજાર કરોડ સુધી પહોંચી ગયું છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારની EV નીતિનો લાભ લઈને, મારુતિ સુઝુકીએ બેટરી ઉત્પાદન અને ઓટોમોટિવ રિસાયક્લિંગ સુવિધાઓમાં અંદાજે રૂ.૧૦ હજાર કરોડનું રોકાણ કરવા પ્રતિબદ્ધતા દર્શાવી છે. ભારતનો પ્રથમ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ પણ ગુજરાતમાં સ્થાપવામાં આવનાર છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લાં આઠ વર્ષમાં ગુજરાતે ડબલ એન્જિન સરકાર થકી વિકાસ કર્યો છે, જેના પરિણામે ગુજરાત આજે દેશભરમાં સૌથી શ્રેષ્ઠ ઔદ્યોગિક વિકાસ ધરાવતું રાજ્ય બન્યું છે. છેલ્લાં આઠ વર્ષમાં ભારતમાં થયેલા રૂ.૩૧.૩ લાખ કરોડના કુલ રોકાણ સામે ગુજરાતમાં ૫૭ ટકા એટલે કે અંદાજે રૂ.૧૭.૭ લાખ કરોડનું રોકાણ થયું છે, તે ડબલ એન્જિન સરકારને પરિણામે થયેલા ઝડપી વિકાસનું પરિણામ છે. આજે દેશના ઉત્પાદન ક્ષેત્રે આશરે અઢાર ટકાના યોગદાન સાથે ગુજરાત અગ્રિમ રાજ્યોમાં છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૦૦થી માર્ચ ૨૦૨૨ સુધીમાં ગુજરાતને મળેલી સંચિત FDIને ધ્યાનમાં લેતાં, તે લગભગ ૫૧ બિલિયન યુએસ ડોલર છે.

તેમણે કહ્યું કે, ભારત સરકારના નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાત બેસ્ટ પરફોર્મર સ્ટેટ રહ્યું છે. લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં પણ ગુજરાત મોખરે છે. નીતિ આયોગના એક્ષ્પોર્ટ પ્રીપેડનેસ ઈન્ડેક્ષમાં પણ ગુજરાત પ્રથમ ક્રમે છે. સાથે સાથે ભારત સરકારના ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં પણ ગુજરાત પહેલા સ્થાને છે.

વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશ હેઠળ ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં બાયોટેક્નોલોજી પૉલિસી અને નવી આઈટી પૉલિસી પણ લાગુ કરવામાં આવી છે. આ નવીન નીતિઓને કારણે રોકાણકારો માટે ગુજરાત 'મોસ્ટ પ્રીફર્ડ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ' બન્યું છે અને આવનારા સમયમાં હજુ વધુને વધુ રોકાણકારો ગુજરાતમાં રોકાણ કરવા માટે આકર્ષાશે, તેવો દ્રઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

**:: જાપાનના વડાપ્રધાન શ્રી કિશિદા ::**

આ પ્રસંગે પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરતાં જાપાનના વડાપ્રધાન શ્રી કિશિદાએ જણાવ્યું હતું કે, ચાર દાયકા દરમિયાન મારુતિ સુઝુકીની વૃદ્ધિ ભારત અને જાપાન વચ્ચેના મજબૂત આર્થિક સંબંધોને મૂર્ત સ્વરૂપ પ્રદાન કરે છે. ભારતીય બજારમાં રહેલી ક્ષમતાને ઓળખી કાઢવા માટે તેમણે સુઝુકીના મેનેજમેન્ટની પ્રશંસા કરી હતી. તેમણે આ સફળતાનો શ્રેય ભારતના લોકો અને ભારત સરકારની સમજણ અને સમર્થનને પણ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે લેવાયેલાં વિવિધ સહાયક પગલાંઓને કારણે ભારતે આર્થિક ક્ષેત્રે હરણફાળ ભરી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે અન્ય ઘણી બધી જાપાનીઝ કંપનીઓએ ભારતમાં રોકાણ કરવા માટે રસ દાખવ્યો છે. આ વર્ષને વિશેષ ગણાવતાં તેમણે ભારત - જાપાન સંબંધોનાં 70 વર્ષને યાદ કર્યાં હતાં તેમજ પ્રધાનમંત્રી મોદી સાથે મળીને જાપાન ઈન્ડિયા "વ્યૂહાત્મક અને

વૈશ્વિક ભાગીદારી"નું સપનું સાકાર કરવા માટે પ્રયત્નો કરવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

**:: હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર ::**

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે આ કાર્યક્રમમાં હરિયાણાથી વર્ચ્યુઅલ જોડાઈને જણાવ્યું હતું કે, હરિયાણા રાજ્યમાં મારુતિ કંપનીના ત્રીજા પ્લાન્ટનો આરંભ થાય છે, તે વાતનો મને ખૂબ જ આનંદ છે. પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વની કેન્દ્ર સરકારે અમારા રાજ્યમાં અનેક પ્રોજેક્ટ સ્થાપિત કર્યા છે, જેના કારણે હરિયાણાના વિકાસની ગતિ તેજ બની ગઈ છે.

૪૦ વર્ષની ઉજવણી નિમિત્તે ટી. સુઝુકીએ જણાવ્યું હતું કે, ભારત અને જાપાને ઑક્ટોબર 1982માં સંયુક્ત સાહસ કરાર કર્યો હતો. અમે આ ઉજવણી વડાપ્રધાન શ્રી મોદી અને ભારતના લોકો પ્રત્યે નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરવા માટે કરી છે. મારુતિ સુઝુકી ભારત અને જાપાન વચ્ચે સૌથી સફળ સંયુક્ત વેન્ચર તરીકે ઓળખાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા પછી અમે સુઝુકી મોટરના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન ગુજરાતમાં કર્યું છે. હવે 10,000 કરોડ રૂપિયાના રોકાણ સાથે ગુજરાતમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉત્પાદનની તૈયારી કરી રહ્યા છીએ. સુઝુકી ભારતમાં સારા પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે, તે માટે અમે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભારત સરકારનો આભાર માનીએ છીએ.

મારુતિ સુઝુકીના અધ્યક્ષ શ્રી આર. સી. ભાર્ગવે જણાવ્યું હતું કે, સુઝુકીના અધ્યક્ષ ઓસામુ સુઝુકીએ અમારા પર મૂકેલો વિશ્વાસ અમારી સફળતાનું મુખ્ય પરિબળ છે. આ ૪૦ વર્ષના ગાળામાં અમે શીખ્યા કે કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચે મજબૂત ટીમવર્ક શક્ય છે. મારુતિ સુઝુકી એકલી ક્વાર્ટર મિલિયન યુનિટ કારનું વેચાણ કરીને ભારતીય કારની મોટી નિકાસકાર બની ગઈ છે. મારુતિ સુઝુકી કાર્બન ઉત્સર્જન ઘટાડવા સરકારના કાર્યક્રમ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. ગુજરાતમાં 2025થી ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરશે જે કાર્બન ઉત્સર્જન ઘટાડશે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી. આર. પાટીલ, રાજ્યના ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ઉપરાંત કંપનીના અધિકારી - કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# વડાપ્રધાનશ્રીને અમદાવાદ એરપોર્ટ પરથી ઉમંગભેર આવકાર - વિદાય



રાજ્યની બે દિવસીય મુલાકાત પર આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું અમદાવાદ એરપોર્ટ પર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાતને કરોડો રૂપિયાનાં વિકાસ કાર્યોની ભેટ આપી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અમદાવાદ એરપોર્ટથી ખાસ વિમાનમાં દિલ્હી જવા રવાના થયા હતા.

આ પ્રસંગે અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, ગૃહ અને મહેસૂલ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, પોલીસ મહાનિર્દેશક શ્રી આશિષ ભાટિયા, શહેરના મેયર શ્રી કિરીટ પરમાર સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ સંપન્ન




નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)નો પ્રથમ દીક્ષાંત સમારોહ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહના મુખ્ય અતિથિપદે તથા ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી અરવિંદ કુમાર, કાયદા અને ન્યાય મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, શિક્ષણ, વિજ્ઞાન અને ટૅકનૉલૉજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ દીક્ષાંત સમારોહમાં ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના ૧૧૩૨ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ હતી. તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના નૂતન ભવનનું ભૂમિપૂજન કરાયું હતું અને NFSU કેમ્પસમાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સેન્ટર ફોર ટ્રેનિંગ એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ, ઇન્ટરનેશનલ ગેસ્ટ હાઉસ અને સેન્ટર ઓફ એક્સેલન્સ ડિએનએ ફોરેન્સિક, સાયબર સિક્યોરિટી અને ઇન્વેસ્ટિગેટિવ એન્ડ ફોરેન્સિક સાયકોલોજીનું પણ ઉદ્ઘાટન કરાયું હતું.


ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે માત્ર ભારત દેશમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં ફોરેન્સિક એક્સપર્ટની જરૂરિયાત છે ત્યારે આ યુનિવર્સિટી એવા નિષ્ણાતો પૂરા પાડવાનું મહત્ત્વપૂર્ણ કામ કરશે તેવો મને વિશ્વાસ છે.

ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં કન્વીક્શન રેટ વધારવા માટે ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે કૌશલ્ય ધરાવતા મેન પાવરની ખૂબ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને NFSUની સ્થાપના કરવામાં આવી હતી. ફોરેન્સિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ફોરેન્સિક મેનપાવર, ફોરેન્સિક ટેકનોલોજી અને ફોરેન્સિક રિસર્ચ આ ચાર સ્તંભોને મજબૂત કરીને વિશ્વમાં ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ભારતને સક્ષમ બનાવવાનું લક્ષ્ય છે. NFSU માત્ર ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે નિષ્ણાતો તૈયાર કરવા પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમનાં તમામ અંગો જેવાં કે પોલીસ, ન્યાયપાલિકા વગેરેને પણ તાલીમ આપી રહી છે. અત્યાર સુધીમાં લગભગ 28,000થી વધુ અધિકારીઓને NFSU ખાતે તાલીમ અપાઈ ચૂકી છે.

કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં દેશના આઇપીસી-સીઆરપીસી અને એવિડન્સ ઍક્ટમાં નજીકના ભવિષ્યમાં જ કેટલાક જરૂરી સુધારાઓ કરવામાં આવશે, જેના થકી દેશભરની ક્રિમિનલ જસ્ટીસ ડિલિવરી સિસ્ટમ વધુ મજબૂત બનશે અને કન્વીક્શન રેટનો ગ્રાફ ઉપર આવશે. તે પૈકીનો એક મહત્ત્વપૂર્ણ સુધારો એ હશે કે ગંભીર ગુનાઓ કે જેમાં છ વર્ષથી વધુ સજાની જોગવાઈ હોય તેવા ગુનાઓમાં 'ફોરેન્સિક તપાસ' ફરજિયાત કરવામાં આવશે.

ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન મોબાઇલ વેન વિશે જણાવતાં તેમણે કહ્યું હતું કે, ગુનાના સ્થળ ઉપર વૈજ્ઞાનિક પરીક્ષણ માટે તૈયાર કરવામાં આવેલી ફોરેન્સિક વાન તમામ જરૂરી અદ્યતન સાધનો સાથે તૈયાર કરવામાં આવેલી મોબાઇલ લૅબ છે જે આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરે છે. આ મોબાઇલ લેબ ભારતીય કંપની દ્વારા તૈયાર કરવામાં આવી છે જે સમગ્ર દેશના દરેક જિલ્લામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ દીક્ષાંત સમારોહમાં યુગાન્ડા, ઝિમ્બાબ્વે, શ્રીલંકા, ઓમાન અને રવાન્ડાના પ્રતિનિધિઓ તેમજ ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ●



# ગાંધીનગરમાં પ્રવાસન વિકાસ માટે તળાવોનું બ્યુટિફિકેશન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રત્યેક જિલ્લામાં ૭૫ તળાવોના નિર્માણનું આહ્વાન કર્યું હતું. તળાવોના બ્યુટિફિકેશન થકી સરકાર પ્રવાસનને ઉત્તેજન આપી સહેલાણીઓને આકર્ષવા સાથે પ્રકૃતિના જતન માટે પ્રયાસ કરી રહી છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૦ મોટાં તળાવ પસંદ કરીને તેના વિકાસ માટે કામગીરી હાથ ધરાઈ છે. જે પૈકી નારદીપુર અને વડસર તળાવના બ્યુટિફિકેશનના કાર્યનો પ્રારંભ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કરાવ્યો હતો. સાથેસાથે તેમણે વૃક્ષારોપણ કરી મિશન મિલિયન ટ્રીને વેગ આપવા હિમાયત કરી હતી. ઉલ્લેખનીય છે કે, હરિયાળી લોકસભા - ગાંધીનગર લોકસભા અભિયાન હેઠળ મિશન મિલિયન ટ્રી ઝુંબેશ અંતર્ગત તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે નારદીપુરના તળાવના બ્યુટિફિકેશન અને ચાર હજાર વૃક્ષો વાવવાના કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો.



ગૃહ અને સહકાર કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, નારદીપુરનું આ તળાવ ઊર્જા કેન્દ્ર બનવું જોઈએ. નારદીપુર તળાવના બ્યુટિફિકેશન પ્રોજેક્ટના પ્રારંભે નારદીપુરની સ્વચ્છતાના અને નારદીપુરને હરિયાળું કરવાના સંકલ્પ કર્યા હતા. દરેક વ્યક્તિ એક વૃક્ષ સાથે જોડાયેલી છે. વૃક્ષ વ્યક્તિના સ્વભાવની ઊણપનું શમન પણ કરે છે. નારદીપુર તળાવના બ્યુટિફિટેકશન પ્રોજેક્ટની જવાબદારી જે.એસ. ડબલ્યુ. ઇનિસીએટીવ્સ દ્વારા લેવામાં આવી છે.

ગંદકી ન કરવા પર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે, ગામના નાગરિકો પોતાના ગામનાં તળાવોની જાળવણી કરે અને ગંદકી ન કરે તે જરૂરી છે. ગામને સ્વચ્છ અને સુંદર રાખવા દરેકે મૂડીરોકાણ કરવું પડશે; આ મૂડીરોકાણ મૂડીનું નહીં પણ આશયનું રોકાણ છે, શ્રમનું રોકાણ છે. તેમણે કહ્યું હતું કે, દરેક ગામમાં યુવાનોની કમિટી બને અને યુવાનોની આ કમિટી ગામની અને તળાવની સ્વચ્છતાની ચિંતા કરે. તળાવમાં પાણીના આવરાની ચિંતા કરે અને તળાવ પરિસરના સંચાલનની જવાબદારી નિભાવે. શ્રી અમિતભાઈ શાહે સૌ નાગરિકોને અપીલ કરી હતી કે, પરિવારના પ્રત્યેક સભ્ય દીઠ સૌ પરિવારે વૃક્ષો વાવવાં જોઈએ અને તેના ઉછેરની જવાબદારી સંભાળવી જોઈએ.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ સહિત પદાધિકારીઓ-અધિકારીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગરના કલોલ તાલુકાના વડસરમાં રૂ. ૬ કરોડના ખર્ચે થનાર તળાવના નવીનીકરણના કામનું ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દેશના દરેક જિલ્લાના ૭૫ તળાવોની જાળવણી- વિકાસ કરવાનો નિર્ધાર કર્યો છે. આ દિશામાં સુચારું આયોજન થકી ગાંધીનગર જિલ્લામાં કાર્ય થઇ રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ૭૫ તળાવનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

આજે વડસર ગામમાં આવેલા તળાવના વિકાસકાર્યનો આરંભ થયો છે. જે આગામી સમયમાં ગામનું ઊર્જા કેન્દ્ર બની રહેશે. ભુલકાઓ માટે રમવાના સાધનો, વડીલોને બેસવા માટે બાંકડા, જન્મદિવસ કે લગ્ન પ્રસંગનું આયોજન કરી શકાય તેવી વ્યવસ્થાઓને પણ તળાવના વિકાસકાર્યમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વડસર ગામના તળાવ ખાતે વનનું નિર્માણ કરવામાં આવશે, ત્યાં બોટિંગની સુવિધાની સાથે ખાણીપીણીનું બજાર બનશે. તળાવને પાણીથી ભરેલું રાખવા માટે ઓવરાની સફાઇ કરવામાં આવશે.

તેમણે વડસર ગામની સ્કૂલ, દવાખાના, તળાવના નવીનકરણ કે ગામના અન્ય કોઇ વિકાસકાર્ય માટે રૂપિયા ૪ કરોડની જોગવાઇ કરી આપવાની પણ જાહેરાત કરી હતી.

ગૃહમંત્રીશ્રીએ તળાવના નવીનીકરણ માટે રૂપિયા ૬ કરોડનો ખર્ચ કરનાર એ.એચ.એમ.ના એમ.ડી અને આનંદમ્ પરિવારના શ્રી અનિલભાઇ પટેલનું અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ પટેલ, અધિકારીઓ, આગેવાનો તેમજ વડસર અને આસપાસના ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## સ્વાગત કાર્યક્રમ યોજાયો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નોની રજૂઆત સાંભળીને વીડિયો કોન્ફરન્સથી જોડાયેલા વિવિધ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને પ્રજાજનોના પ્રશ્નો-સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ લાવવા નિર્દેશ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, ખેડા, વડોદરા અને અમદાવાદના વિવિધ અરજદારો દ્વારા મુખ્યત્વે અનધિકૃત જમીન દબાણ, પોલીસ ફરિયાદ અને બનાવટી ખેત બિયારણોના વળતર અંગેના કુલ ૮ પ્રશ્નોને મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નોને મુખ્યમંત્રીશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી જે તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા વિમર્શ કર્યો હતો. અરજદારોને આ પ્રશ્નોના ઝડપી નિકાલ માટેની ખાતરી આપવામાં આવી હતી.

સ્વાગતના આ કાર્યક્રમમાં ખેડા જિલ્લામાંથી ગેરકાયદેસર જમીન દબાણના કુલ ૨ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. કલેક્ટર શ્રી કે.એલ. બચાણીએ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનના આધારે જિલ્લા રજિસ્ટ્રારની સાથે રૂબરૂ ચર્ચા-વિમર્શ કરી તાકીદે પ્રશ્નોનું નિરાકરણ કરવાની ખાતરી આપી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા. ●

## જૈન સમાજને પર્યુષણ પર્વની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના નવરંગપુરા વિસ્તારના દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે ઉપસ્થિત રહીને જૈન સંપ્રદાયને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ દેરાસરમાં કરાયેલા ભગવાનના આંગી શણગારને નિહાળ્યો હતો તેમજ અત્યંત ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તેઓએ મહારાજ સાહેબના આશીર્વાદ લઈને ઉપસ્થિત સૌને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભગવાનના સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આ પ્રસંગે જૈન શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, સ્થાનિક નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા

## સરકારે અંત્યોદયથી સર્વોદયના સૂત્રને ચરિતાર્થ કર્યું

ઓડ સમાજના સ્નેહમિલનમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રોડ-રસ્તા, વીજળી, પાણી, જેવી પ્રાથમિક સુવિધાઓ રાજ્યના છેવાડાના માનવી સુધી પહોંચાડી સરકારે અંત્યોદયથી સર્વોદયના સૂત્રને ચરિતાર્થ કર્યું છે. રાજ્ય સરકારે જન-સામાન્યની નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન રાખીને સુશાસનની જે આગવી કેડી કંડારી છે, તેનાથી ગુજરાત દેશનું મોડલ સ્ટેટ બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પાછલા બે દાયકાની વિકાસયાત્રાએ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે. 108 ઈમરજન્સી સેવા, પ્રધાનમંત્રી જનઆરોગ્ય મા-કાર્ડ જેવી અનેક સેવા-યોજનાઓના વ્યાપક અને અસરકારક અમલીકરણથી ગુજરાત જન-કલ્યાણકારી સેવાઓના પ્રદાનમાં હંમેશા અગ્રેસર રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતની સરકાર નાગરિકોની તમામ રજૂઆતો- પ્રશ્નોને સાંભળીને તેનું નિરાકરણ લાવવા માટે સદાય ખડેપગે છે.

આ પ્રસંગે ઓડ સમાજના ગુરુ શ્રી પીસાવાડા મહારાજ, અગ્રણી શ્રી ઉદય કાનગડ, શ્રી ભગવાનદાસ પંચાલ, ઓડ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જશુભાઈ ઓડ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

## સૌ સમાજને સાથે લઈને ચાલવાની નીતિથી વિકાસ

ગાંધીનગરમાં ભોઈ સમાજના સ્નેહમિલન કાર્યક્રમને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે સૌ સમાજને સાથે લઈ ચાલવાની નીતિ-રીતિ અપનાવી રાજ્યના વિકાસની કેડી કંડારી છે. સામાજિક ઉત્કર્ષ માટે સરકાર વધુ અસરકારક અને મોટા પાયે કાર્ય કરી શકે તેનું આગવું દૃષ્ટાંત ગુજરાત સરકાર અને રાજ્યના વિવિધ સમાજ-વર્ગો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સરકારની વિવિધ યોજનાઓ, જનહિતકારી અભિયાનો અને વિકાસકામો નાગરિકોના ઉત્કર્ષ અને કલ્યાણ માટેનાં મહત્ત્વનાં સાધન છે. આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે ભોઈ સમાજના ૭૫ વર્ષથી મોટી ઉંમરના વરિષ્ઠ નાગરિકોનું આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અગ્રણી શ્રી ઉદય કાનગડ, શ્રી ભગવાનદાસ, ભોઈ સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ, શ્રી જયંતીભાઈ, શ્રી હસમુખભાઈ સહિતના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. ●

# વીવર્સ એક્સપો : બેસ્ટ પ્રેક્ટિસિસ, નેટવર્કિંગ, આઈડિયા ક્રિએશનનું માધ્યમ બનશે




સુરતમાં ‘ફેડેરેશન ઓફ ગુજરાત વીવર્સ વેલફેર એસોસિએશન’ (ફોગવા) દ્વારા ત્રિદિવસીય 'વાયબ્રન્ટ વીવર્સ એક્સપો-૨૦૨૨'ને ખુલ્લો મૂકતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં વિકાસની ગતિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વધુ વેગવાન બનાવવા તેમની ટીમ સતત કર્તવ્યરત છે. તેમણે વીવર્સ એક્સ્પોના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ એક્ઝિબિટર્સને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે અહીં વિવિધ વિવિંગ ઉત્પાદનોની જાણકારી મેળવી હતી.

દેશના વસ્ત્રઉદ્યોગમાં ગુજરાતના યોગદાનનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશની કુલ વસ્ત્ર નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૧૨ ટકા અને મેન મેડ ફાઈબર ઉત્પાદનમાં ૩૮ ટકા છે. આર્ટ સિલ્ક ફેબ્રિકના ઉત્પાદનમાં સુરત દેશમાં ૫૦ ટકા યોગદાન આપી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા બે દાયકા પહેલાં લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોની સંખ્યા ૨.૭૪ લાખ હતી, તે વધીને આજે ૮.૬૬ લાખે પહોંચી છે. એટલું જ નહીં, ગુજરાતમાં બે દાયકા પહેલાં ઔદ્યોગિક ઉત્પાદન રૂ. ૨.૨૭ લાખ કરોડ હતું, જે આજે વધીને રૂ. ૧૬.૧૯ લાખ કરોડને આંબી ગયું છે, એમ જણાવતાં નવી ટેક્નોલોજી, નવી પેટર્ન અને સ્કીલ અપગ્રેડેશનના સહારે રાજ્યનો કાપડ ઉદ્યોગ ગતિ પકડી રહ્યો છે, જેમાં સુરતનો ફાળો વિશેષ છે, એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

વીવર્સ એક્સપો બેસ્ટ પ્રેક્ટિસિસ, નેટવર્કિંગ, આઈડિયા ક્રિએશનનું માધ્યમ બનશે, એવો વિશ્વાસ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ટેક્ષટાઈલ વીવિંગ ઉદ્યોગ ગુજરાતના કુશળ અને બિનકુશળ લોકોને ખૂબ મોટા પાયે રોજગારી આપે છે, ત્યારે પોતાની મૂળભૂત સમસ્યાઓ અંગે સંબંધિત વ્યાપારી વધુ માહિતગાર હોય છે એ વાતથી આ સરકાર સુપરિચિત છે, જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર લોકસમસ્યાઓ પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવી નીતિ નિર્માણને પ્રાધાન્ય આપે છે.

એક્ઝિબિશનમાં બાયર્સને કાપડ ઉત્પાદકો સાથે સીધો સંપર્ક થઈ શકે છે અને એકસાથે એક જ સ્થળે સમગ્ર ગુજરાતમાં ઉત્પાદિત થતા જુદા જુદા વીવર્સના અલગ અલગ વેરાઈટીના કાપડ જોઈને મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને આ પ્રકારનું સુચારુ આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે જણાવ્યું હતું કે, ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં દેશમાં ઉપયોગમાં લેવામાં આવેલા ૨૦ કરોડ તિરંગામાંથી સુરતની ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીએ



૭.૫૦ કરોડ તિરંગાનું ઉત્પાદન કરીને પોતાની ક્ષમતા બતાવી આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કેન્દ્ર સરકારે મેન મેડ ફાઈબર, ટેક્નિકલ ટેક્ષટાઈલને વેગ આપવા માટેની પ્રોત્સાહક યોજનાઓ અમલી બનાવી છે. દેશમાં મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્ષટાઈલ રિજીયન અને એપેરલ (પીએમ-મિત્રા) પાર્ક અંતર્ગત રોડ, ટ્રેન અને પોર્ટ જેવી કનેક્ટિવિટીમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. પીએમ મિત્રા પાર્ક માટે ૧૩ રાજ્યો પણ સહમત થયાં છે, જે પૈકી ગુજરાત બજેટમાં ખાસ જોગવાઈ કરીને તેના અમલીકરણમાં પ્રથમ ક્રમે રહ્યું હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું કે, આધુનિક ટેક્નોલોજીથી સજ્જ વીવિંગ એકમોથી અને કાપડની અવનવી વેરાઈટી થકી સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગને વેગ મળ્યો છે. સરળ ઔદ્યોગિક નીતિઓ અને વહીવટી સહકારથી તમામ ઉદ્યોગોમાં નવા પ્રાણ પુરાયા છે. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્ય સર્વશ્રી અરવિંદ રાણા, વિવેક પટેલ, પ્રવીણ ઘોઘારી, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, 'ફોગવા'ના અધ્યક્ષ શ્રી અશોકભાઈ જીરાવાલા સહિત ઉદ્યોગ અગ્રણી, ટેક્ષટાઈલ ઉદ્યોગકારો, વીવર્સ તેમજ વીવિંગ યુનિટ સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. ●

### વેપાર-વ્યવસાય માટે રોકાણકારોને આહ્વાન

# ધોલેરા SIR ફ્યુચરિસ્ટીક સિટી આવનારા સમયમાં ભારતનું આધુનિક ઔદ્યોગિક કેન્દ્ર બનવા સજ્જ



સદીઓથી વેપાર-વણજ માટે જાણીતું ગુજરાત હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વાયબ્રન્ટ સમિટ અને સર્વગ્રાહી વિકાસની સફળતાને પરિણામે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટીનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બની ગયું છે. દેશ-દુનિયામાં જ્યારે વૈશ્વિક મંદીની વિપરીત અસર હતી તેવા સમયે પણ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ભારતને આર્થિક મહાસત્તા બનાવવામાં ગુજરાત મહત્ત્વનું પ્રદાન કરી રહ્યું હતું. વડાપ્રધાનની દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજનનાં પરિણામસ્વરૂપ આજે ગિફ્ટ સિટી આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ૯૨૦ સ્કવેર કિલોમીટરમાં પથરાયેલું ધોલેરા SIR ફ્યુચરિસ્ટીક સિટી ગુજરાત અને ભારતમાં આવનારા સમયનું સૌથી અત્યાધુનિક ઔદ્યોગિક કેન્દ્ર બનવા સજ્જ થઈ રહ્યું છે. તાજેતરમાં ધોલેરા SIRના વિકાસ માટે ગુજરાત સરકાર અને NICDC દ્વારા ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ નામની સ્પેશ્યલ પર્પઝ વ્હીકલની રચના કરવામાં આવી છે.

આ પ્રસંગે યોજાયેલી ઇન્વેસ્ટર્સ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત પૉલિસી ડ્રીવન સ્ટેટ અને ઇન્વેસ્ટર ફ્રેન્ડલી સ્ટેટ તરીકે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પ્રસ્થાપિત થયું છે. એટલું જ નહિ, ભારત સરકારના વિવિધ ઔદ્યોગિક માપદંડો ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ, લોજિસ્ટીકસ પરફોર્મન્સ ઇન્ડેક્ષ, એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્ષ, સ્ટાર્ટઅપ રેન્કીંગ વગેરેમાં ગુજરાત ઘણા વર્ષોથી ટોચનું સ્થાન ધરાવે છે. દેશના સર્વગ્રાહી ઝડપી ઔદ્યોગિક વિકાસ અને અન્ય વ્યવસાયોને કાર્યક્ષમ રીતે જોડવા દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોરને સંલગ્ન SIRનો કોન્સેપ્ટ વડાપ્રધાન શ્રી મોદીએ વિકસાવેલો છે.

તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આવા SIRની કલ્પના સાથે ૨૦૦૯માં SIR ઍક્ટ પસાર કર્યો હતો. ગુજરાતમાં આવા આઠ SIR આયોજિત છે તેમાંથી ધોલેરા, માંડલ, બેચરાજી અને PCPIR દહેજ વિકાસના સૌથી અદ્યતન તબક્કે છે અને દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરના પ્રભાવ ક્ષેત્રમાં પણ સમાવિષ્ટ છે. ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી આવો જ એક અગ્રણી પ્રોજેક્ટ છે અને ત્યાં ઇન્ટરનેશનલ લેવલની-વર્લ્ડકલાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટીઝ વિકસાવાઈ રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ અંગેની વિસ્તૃત છણાવટ કરતાં કહ્યું કે, નેશનલ હાઇવે ઑથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેનું કાર્ય પ્રગતિમાં છે, ધોલેરા-ભીમનાથ રેલવે પ્રોજેક્ટ માટે જમીન સંપાદન આગામી ૬ મહિનામાં પૂર્ણ થઈ જશે તેમજ ધોલેરામાં ઇન્ટરનેશનલ એરપોર્ટ માટે પણ કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ દર્શાવ્યો કે 'આત્મનિર્ભર ભારત' માટે મહત્ત્વપૂર્ણ એવા ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર પ્રોજેક્ટમાં ધોલેરા પ્લગ એન્ડ પ્લે ફેસેલીટીઝ, સ્ટ્રેટેજિક લોકેશન અને મલ્ટી મોડેલ કનેક્ટીવીટીના કારણે આ કોરીડોર પ્રોજેક્ટ તેમજ પી.એમ. ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનમાં પણ અગ્રિમ ભૂમિકા ભજવશે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષભાઇ ગોયલે કહ્યું હતું

કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના દૃષ્ટિવંત આયોજન અને વિવિધ નીતિઓના કારણે આજે ગુજરાતનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે અને વિકસિત રાજ્ય બન્યું છે એના અનુભવનો લાભ આજે દેશવાસીઓને મળી રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી હોલીસ્ટિક અને કોમ્પ્રિહેન્સિવ વિકાસના મંત્ર સાથે આગળ વધી રહ્યા છે, જેના પરિણામે વિશ્વભરમાં ભારતની નામના વધી છે અને વિશ્વના અનેક દેશો વડાપ્રધાનશ્રીના દૃષ્ટિવંત આયોજનથી આકર્ષાયા છે. વિશ્વના શ્રેષ્ઠ લીડર્સના લિસ્ટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નામ આજે ચર્ચાઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે તેમનું નેતૃત્વ સ્વીકારાયું છે એ જ દર્શાવે છે કે ભારત આજે વિકસિત દેશોની હરોળમાં આવી ગયો છે. આ સાથે, તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ ધોલેરા આજે ખૂબ જ તેજ ગતિથી વિકાસ કરી રહ્યો છે, એ માટે તેમણે મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર ટીમ ગુજરાતને અભિનંદન આપતાં કહ્યું કે, ધોલેરાના વિકાસ માટે અબજો રૂપિયાનું મૂડીરોકાણ આવી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વધુ ગતિથી પ્રગતિ કરી રહ્યું છે. વિકાસના નવા-નવા આયામો હાંસલ કરી રહ્યું છે. ગુજરાતમાં વેપાર માટે ઈકોસિસ્ટમ, ઝડપી નીતિઓ, ઓનલાઇન મંજૂરી અને CM ડૅશબોર્ડ એક યુનિક માધ્યમ છે ત્યારે, તમામ એક્ટિવિટીનું મોનિટરિંગ ઓનલાઇન થવાથી પારદર્શિતા સાથે પ્રગતિની ઝડપ પણ વધુ તેજ બની રહી છે. તેમણે ઉમેર્યું કે, ધોલેરા-SIRએ વિશ્વનું પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી બનશે, જેનો વિકાસ જોવા માટે આગામી સમયમાં વિશ્વભરના દેશો સહિત વિવિધ રાજ્યોના પ્રતિનિધિ મંડળો આવશે, એવો મને વિશ્વાસ છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, અલગ અલગ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની કલ્પના ગુજરાતે કરી છે. હાલમાં પ્રધાનમંત્રી સાથે અમે દેશના સાત ટેક્સટાઇલ પાર્કને મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. દેશભરમાંથી આવેલી દરખાસ્તો પૈકી ગુજરાતની નવસારીની દરખાસ્તને નંબર વન રેન્કિંગ આપવામાં આવ્યું, જેના પરથી અંદાજો લગાવી શકાય છે કે ગુજરાત તેજ ગતિથી અલગ અલગ ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે કટિબદ્ધ છે.

સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત આયોજન અને વિકાસલક્ષી રાજનીતિના પરિણામે ગુજરાત આજે દેશનું વિકસિત રાજ્ય બન્યું છે. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે ઓળખાતા ધોલેરા SIRની જાહેરાત વર્ષ-૨૦૦૯માં કરવામાં આવી હતી, જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આગળ ધપાવવામાં આવી રહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર સતત એકસાથે રહીને કામ કરી રહી છે. રોકાણકારોની માંગ અને તેમના અનુભવને ધ્યાનમાં રાખી તમામ લોકોને તેમની જરૂરિયાત મુજબની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના તમામ રોકાણકારો માટે ભારતમાં રોકાણ કરવા માટેનાં દ્વાર ખોલ્યાં છે. ભારત સરકારના લોજિસ્ટિક્સના વિશેષ સચિવ તેમજ NICDCના CEO અને MD શ્રી અમ્રીતલાલ મીણાએ કહ્યું હતું કે, અત્યાર સુધીમાં ૪ ઔદ્યોગિક શહેરોનો વિકાસ કરવામાં આવ્યો છે, જેમાં ધોલેરા, ઓરિક, વિક્રમ ઉદ્યોગપુરી અને ગ્રેટર નોઈડાનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૮ રાજ્યોમાં આવાં ૩૨ શહેરોને વિકસાવવાની મંજૂરી આપવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મલ્ટિમોડલ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન પણ લૉન્ચ કર્યો છે. આ વિકાસનું એક અનોખું મોડેલ છે જ્યાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો ૫૦-૫૦ ટકા હિસ્સો ધરાવતા સ્પેશિયલ પર્પઝ વ્હીકલની રચના કરવામાં આવે છે. કેન્દ્રીય મંત્રીશ્રી દ્વારા નીતિગત પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે કે જે રોકાણકારોને લીઝ પરની જમીન, ચૂકવણીની શરતો સહિત વાજબી કીમતે જમીન મેળવવાની સુવિધા આપે છે. અત્યાર સુધીમાં આ ૪ ઔદ્યોગિક ટાઉનશીપમાં ૨૦૧ લાભાર્થીઓએ જમીન પ્રાપ્ત કરી છે. અમે વિવિધ મંજૂરીઓમાં મદદ કરવા અને તેમની સમસ્યાઓના નિવારણ માટે તેમના સંપર્કમાં છીએ, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, NICDCના મુખ્ય કારોબારી અધિકારી શ્રી હારિત શુક્લ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, રાજ્યના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર સહિત વિવિધ રાજ્યોના ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર્સ-ઈન્ડસ્ટ્રીયલ નોડના અધિકારીઓ, રોકાણકારો સહભાગી થયા હતા. ●



# રાજકોટના અમૃત લોકમેળામાં માનવમહેરામણ ઊમટ્યો



શ્રાવણની ઝરમર અને હજારો નાગરિકોના ઉત્સાહ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટમાં આઝાદીના અમૃત લોકમેળાને નાગરિકો માટે ખુલ્લો મૂક્યો હતો. આ પાંચ દિવસીય લોકમેળામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સંચાલિત પ્રદર્શન સહ વેચાણ સ્ટોલ્સ, માહિતી ખાતાનો પ્રદર્શન ડોમ તેમજ પોલીસના શસ્ત્ર પ્રદર્શનના સ્ટોલ સહિત અનેકવિધ ચીજવસ્તુઓએ આકર્ષણ જમાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત 'કેન્દ્ર અને રાજ્ય સરકારની અમૃત યોજનાઓ' પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. મેળાનું ઉદ્ઘાટન કર્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પવિત્ર શ્રાવણ મહિનામાં રાજકોટ પ્રભુ શ્રીરામ અને શ્રીકૃષ્ણના રંગે રંગાયું છે. સનાતન હિન્દુ સંસ્કૃતિના બે મહાન પ્રતીક ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણના નામ સાથે જોડાયેલી ઘટનાઓ રાજકોટમાં આકાર લઈ રહી છે. ભારતમાં જ નહીં, વિદેશમાં પણ લોકો ભગવાન રામ અને કૃષ્ણને માને છે, અનુસરે છે. ભારતમાં થયેલા ઈશ્વરીય અવતારો આપણી સંસ્કૃતિ, માન્યતાઓ, ઉપાસના અને આરાધના, તહેવારો અને ઉત્સવોના કેન્દ્રસ્થાને રહ્યા છે. સૌરાષ્ટ્રની ભાતીગળ લોકસંસ્કૃતિ પર ભગવાન શ્રી કૃષ્ણનો ઊંડો પ્રભાવ છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્ર્ય પર્વે આપણી વિરાસતો પર ગર્વ લેવાનું આહ્વાન કર્યું છે. રહેણી-કરણી, ભાષા-બોલી, ખાન-પાન, પરંપરાઓ, ઉત્સવો અને મેળા આપણી સાંસ્કૃતિક વિરાસત છે. આપણી આ વિરાસતને ગર્વભેર વિશ્વ સમક્ષ ઉજાગર કરવામાં ઉત્સવો સક્ષમ માધ્યમ છે. તેમણે કહ્યું કે, લોકમેળા ગુજરાતની સંસ્કૃતિનો ધબકાર છે. લોકમેળાએ આપણી સંસ્કૃતિને જીવંત રાખી છે. આપણા લોકમેળાઓ સામાજિક સમરસતા, એકતા, બંધુતાના પણ પ્રતીક છે. રંગીલા રાજકોટવાસીઓ અને સૌરાષ્ટ્રના મોજીલા લોકો માટે આ લોકમેળો આનંદનું સ્થાન બની રહેવાનો છે. તેમણે કહ્યું હતું કે, લોકમેળાનો આનંદ માણીએ, સાથે સ્વચ્છતા, જાહેર સંપત્તિના જતન સહિતની નાગરિક તરીકેની ફરજો પણ નિભાવીએ.

આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવની ભક્તિ, રામવનનું લોકાર્પણ તેમજ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ પ્રસંગે આયોજિત આ લોકમેળો એમ અનોખો ત્રિવેણી સંગમ સર્જાયો છે. કોરોના પછી પહેલી વાર આ લોકમેળો યોજાઈ રહ્યો છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌને વૅક્સિન આપી અને આપણે સૌએ વૅક્સિન લઈને કોરોનાને હરાવ્યો છે, તેના કારણે આવા લોકમેળા અને જાહેર કાર્યક્રમોનાં આયોજન શક્ય બની રહ્યાં છે.

આ પ્રસંગે કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાએ લાક્ષણિક શૈલીમાં સંબોધન કર્યું હતું કે, રાજકોટની અને સૌરાષ્ટ્રની પ્રજા સંસ્કારી છે. આ લોકમેળામાં લાખો લોકો ઊમટે છે, પણ એક પણ અનિચ્છનીય ઘટના બનતી નથી. જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, લોકમેળા એ આપણી સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે. માણસો અહીં આવે છે અને પોતાનું દુઃખ, શ્રમ, થાક ઉતારીને જાય છે.

આ અવસરે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્યો સર્વ શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠિયા, મેયર શ્રી પ્રદીપ ડવ, કલેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી સહિત અધિકારીઓ-કર્મચારીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●



# 'રામ વન' - ધ અર્બન ફૉરેસ્ટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી ડેમ નજીક ૪૭ એકર જમીનમાં અંદાજે રૂ.૧૩.૭૭ કરોડના ખર્ચે નવનિર્મિત 'રામ વન' - ધ અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણની સુરક્ષાના વિચારને કેન્દ્રમાં રાખી સમગ્ર દેશને વનથી ભરપૂર બનાવવાની ઝુંબેશ સાથે અનેકવિધ કાર્યો અને પ્રકલ્પો હાથ ધર્યાં છે, ત્યારે રાજકોટમાં નિર્માણ પામેલું 'રામ વન' - ધ અર્બન ફોરેસ્ટ ભાવિ પેઢીને કુદરતી વાતાવરણ સાથે જોડી રાખવા ઉપરાંત પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણનું જતન કરવામાં ખૂબ મહત્ત્વનું પુરવાર થશે. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ ૨૩ ઈલેક્ટ્રિક બસો અને તેના ચાર્જિંગ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું.



આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટે રામવનનું નિર્માણ કરીને 'ગ્રીન રાજકોટ, ક્લીન રાજકોટ'ના સૂત્રને સાચા અર્થમાં સાર્થક કર્યું છે. રામવન સાથે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્તથી રાજકોટવાસીઓનો આનંદ બમણો થયો છે. રામવનના નિર્માણ અંગેનો મુખ્ય હેતુ ભારતનો સાંસ્કૃતિક પ્રાકૃતિક વારસો જાળવી રાખવાનો છે. તેનો મુખ્ય દરવાજો ધનુષબાણ આકારનો છે અને ભગવાન શ્રી રામના જીવનકવનને જીવંત કરવાનો પ્રયત્ન કરાયો છે. આ ઉપરાંત રામવનમાં રામસેતુ બ્રિજ, એડવેન્ચર બ્રિજ, કુદરતી પાણીના સ્રોતનું નવીનીકરણ, ચિલ્ડ્રન પ્લે-ગ્રાઉન્ડ, ૧૫૦ની કેપેસિટીનું એમ્ફીથિયેટર, રાશિવન તેમજ અન્ય આકર્ષણો વિકસાવવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૮૦,૦૦૦ જેટલી પ્રજાતિના ૨૫ જેટલા બ્લૉક પૈકી ૨ બ્લૉકમાં મીયાવાકી થીમ આધારિત પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. રામવનના સમગ્ર વિસ્તારનાં વૃક્ષોનું ડ્રીપ ઈરીગેશન પદ્ધતિથી સિપેજ રિસાઈકલ પાણીનો જ ઉપયોગ કરવામાં આવશે. રામવનમાં રૂ.૧.૬૧ કરોડના ખર્ચે ભગવાન શ્રી રામના જીવન આધારિત જુદી - જુદી ૨૨ પ્રતિકૃતિ મૂકવામાં આવી છે.

૨૩ ઈલેક્ટ્રિક બસો અને તેના ચાર્જિંગ સેન્ટરની મળેલી વ્યવસ્થા રાજકોટને પ્રદૂષણ મુક્ત અને સ્વચ્છ વાતાવરણવાળું શહેર બનાવવામાં મદદ કરશે.

આ ઈ-બસમાં ફૂલી ઓટોમેટિક પ્રવેશદ્વાર તથા ઈમરજન્સી દ્વાર, મુસાફરોની સલામતી માટે SOS - Emergency Alarmની સુવિધા, કેમેરા, GPS ટ્રેકિંગ સિસ્ટમ, મનોરંજન માટે રેડિયો સિસ્ટમ વગેરે જેવી સુવિધાઓ છે.

નોંધનીય છે કે, રાજકોટમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ. ૪૬.૨૦ કરોડનાં કાર્યોનું લોકાર્પણ તથા રૂ. ૫.૯૪ કરોડનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં, જેમાં 'અમૃત' યોજના હેઠળ વોર્ડ નં. ૧૨,૧૫,૧૭, ૧૮માં ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન અને વોર્ડ નં. ૧૪ ગુરુકુળ પમ્પીંગ સ્ટેશન ખાતે બનાવવામાં આવેલી ક્વોલિટી કંટ્રોલની લેબોરેટરીનું લોકાર્પણ અને વોર્ડ નં.૩ અને ૪માં નવી વોર્ડ ઑફિસ અને વોર્ડ નં. ૨માં બજરંગવાડી ખાતે આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્ય શ્રમ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વ શ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા તેમજ અધિકારીશ્રીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



# ગુજરાત હાઈકોર્ટમાં ઔષધીય વન સહિત બહુવિધ ન્યાયિક સેવાઓનું લોકાર્પણ



ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં ઔષધીય વનનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ઔષધીય વનના લોકાર્પણ ઉપરાંત ન્યાયિક સેવાઓ સંલગ્ન વિવિધ પ્રોજેક્ટસના લૉન્ચિંગ પ્રસંગે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી એમ.આર. શાહ, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદ કુમાર, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ સહભાગી થયા હતા.

આ સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ન્યાયાધીશ અને ન્યાયાલય ન્યાયપ્રક્રિયા પૂરતાં સીમિત છે, તેવી જનમાનસની માન્યતાથી ઉપર ઊઠીને ન્યાયાલય દ્વારા હાથ ધરાયેલાં લોકોપયોગી વિવિધ પહેલ સામાન્ય જન માટે પ્રેરણારૂપ બની રહેશે. કેદીઓ માટે મનોવૈજ્ઞાનિક અભિગમ સાથે કાઉન્સેલિંગનો અભિગમ ન્યાયાધીશોની દરેક નાગરિક પ્રત્યેની સંવેદનશીલતા અને માનવીય સંવેદનાનો પરચો કરાવે છે. સ્વસ્થ શરીર શ્રેષ્ઠ જીવનનો આધાર હોવાનું જણાવી આયુર્વેદિક વન આ સંકલ્પના સાકાર કરવા મદદરૂપ બની રહેશે, તેવો ભાવ પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ સાથે રાજ્યપાલશ્રીએ ન્યાયિક પ્રક્રિયાને માતૃભાષામાં અમલી બનાવવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

બહુવિધ કાનૂની સેવાઓના પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કાનૂની પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર હવે માત્ર નિઃશુલ્ક કાનૂની સહાય પૂરતું મર્યાદિત ન રહેતાં તમામ કાનૂની સેવાઓની પ્રવૃત્તિઓને આવરી લઈને મહાન ક્ષિતિજ સુધી વિસ્તર્યું છે, જે અભિનંદનીય છે. જનસામાન્ય સુધી ન્યાય પહોંચાડવા માટે આપણે કર્તવ્યબદ્ધ થવાનો સંકલ્પ લઈશું તો આપણે 'સૌને ન્યાય'ની સંકલ્પનાને સાકાર કરી શકીશું.

સ્વાસ્થ્ય અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના ગૃહ વિભાગ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના સહયોગથી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા સેન્ટર ફોર સોશિયો-સાયકોલોજિકલ કેર ઑફ પ્રીઝન ઈન્મેટ્સનો પ્રારંભ થઈ રહ્યો છે, જે સરકારની બંધારણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત રાજ્ય કાનૂની સત્તામંડળની બહુવિધ કાનૂની પ્રવૃત્તિઓ માટે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શ્રી અરવિંદ કુમારને અભિનંદન પાઠવીને જણાવ્યું કે કાનૂની સેવાને નિઃશુલ્ક કેસ લડવા પૂરતું મર્યાદિત નહિ રાખીને સેવાક્ષેત્રને વિસ્તાર્યું છે, એનાથી ગરીબ-વંચિત લોકો સુધી ન્યાય પહોંચી શકશે.

આ કાર્યક્રમમાં ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક 'જનસમસ્ત અને કાયદો'નું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની નવીન વેબસાઇટનું લૉન્ચિંગ વડાપ્રધાનશ્રીએ આપેલા 'ઇઝ ઑફ લિવિંગ'ના મંત્ર સાથે આત્મનિર્ભરતા તરફનું સરાહનીય પગલું હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રીએ નેશનલ લીગલ સર્વિસીસ ઑથોરિટીને ૨૫ વર્ષ પૂરાં થવાના નિમિત્તે તેની સેવાઓ અને પ્રવૃત્તિઓને યાદ કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી ઉદય ઉમેશ લલિતે જણાવ્યું કે, રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીની સહાયથી જેલમાં કાર્યરત થયેલા સામાજિક અને મનોવૈજ્ઞાનિક કેર સેન્ટરની પહેલ દેશ માટે ઉદાહરણરૂપ અને અનુકરણીય સાબિત થશે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી એમ. આર. શાહે કહ્યું કે, સમાજમાં થતા ૭૦થી ૮૦ ટકા ગુનાઓ પરિસ્થિતિજન્ય હોય છે. જેથી ગુનેગારોને સજા થયા બાદ તેમનું પુનઃવસન અને સુધારાના પ્રયત્નો પણ જરૂરથી થવા જોઈએ, જે દિશામાં ગુજરાતની સાબરમતી જેલથી ઉદાહરણીય પહેલ હાથ ધરવામાં આવી છે.

ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત તથા વર્તમાન ન્યાયાધીશો અને પદાધિકારીઓ ઉપરાંત એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઈ પરમાર, તજજ્ઞો તેમજ વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સમારંભમાં સહભાગી બન્યા હતા. ●

# રમત-ગમત પ્રત્યે લોકોની દ્રષ્ટિમાં પરિવર્તન આવ્યું છે - CM



કોમનવેલ્થ ગેઈમ્સ-૨૦૨૨માં વિવિધ રમતોમાં મેડલ્સ પ્રાપ્ત કરી ભારત અને ગુજરાતનું વિશ્વમાં ગૌરવ વધારનારા ખેલાડીઓને તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં કુલ ૮૦ લાખ રૂપિયાના 'ખેલ પ્રતિભા પુરસ્કાર' અર્પણ કરી સન્માનિત કર્યા હતા. રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા આયોજિત ખેલાડીઓના સન્માન સમારોહમાં રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય મંત્રીશ્રીએ કોમનવેલ્થ ગેઈમ્સ-૨૦૨૨માં ટેબલ ટેનિસ રમતમાં ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ વિનર ગુજરાતના ખેલાડી હરમિત દેસાઈને રૂ. ૩૫ લાખનો 'ખેલ પ્રતિભા પુરસ્કાર' એનાયત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ પેરા ટેબલ ટેનિસમાં સિંગલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ વિજેતા ભાવિના પટેલને રૂ. ૨૫ લાખ, બ્રોન્ઝ મેડલ વિજેતા દિવ્યાંગ ખેલાડી સોનલ પટેલને રૂ. ૧૦ લાખની પુરસ્કાર રાશિના ચેક અર્પણ કર્યા હતા.

તેમણે આ કોમનવેલ્થ ગેઈમ્સમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી ગુજરાતની બે પ્રતિભાવંત મહિલા ક્રિકેટર યાસ્તિકા ભાટિયા અને રાધા યાદવને પ્રત્યેકને પાંચ લાખ રૂપિયા ખેલ પ્રતિભા પુરસ્કાર અન્વયે અર્પણ કર્યા હતા.

રમત-ગમત પ્રત્યે લોકોની દૃષ્ટિ બદલાઈ છે અને હરેક રમતમાં છેક ગ્રામીણ સ્તરેથી પણ પ્રતિભાવંત ખેલાડીઓ વિવિધ રમત-ગમતોમાં ભાગ લેતા થયા છે. એટલું જ નહિ, ભારત હવે રમત-ગમત સહિત હરેક ક્ષેત્રે વિશ્વમાં આગળ વધ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર પણ ખેલાડીઓને અદ્યતન તાલીમ, પ્રોત્સાહનો અને જરૂરી વ્યવસ્થાઓ પૂરી પાડી રાજ્યના ખેલાડીઓ વિશ્વસ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તે માટે તેમની પડખે ઊભી રહી છે.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં સરકારે રમત-ગમત ક્ષેત્રના બજેટમાં વધારા સહિત ખેલાડીઓ માટે અનેકવિધ સુવિધાઓ આપી છે.

આ સમારોહમાં અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ડૉ. અર્જુનસિંહ રાણા તેમજ ખેલાડીઓ, કોચ અને ખેલકૂદ પ્રેમીઓ તેમજ વિજેતા ખેલાડીઓનાં પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના વહીવટી ભવનનું લોકાર્પણ

રમતગમત ક્ષેત્રે ગુજરાતને અગ્રેસર બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ ગુજરાત સરકારે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો હાથ ધર્યા છે, જેના પરિણામે આજે યુવાનો અને યુવતીઓ રમતગમત ક્ષેત્રે તાલીમ મેળવીને રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ પોતાનું નામ રોશન કરી રહ્યા છે. સરકાર દ્વારા ઊભા કરવામાં આવેલા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ એક નવું છોગું ઉમેરાયું છે. ગાંધીનગર ખાતે સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના વહીવટી ભવનનું લોકાર્પણ રમતગમત અને યુવક સેવા પ્રવૃત્તિઓના રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું.



મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ નવનિર્મિત વહીવટી ભવન ગુજરાતના હજારો યુવાનોને રમતગમત ક્ષેત્રે દેશમાં અગ્રિમ હરોળમાં લઈ જશે. તેમણે ઉમેર્યું કે, અગામી ૨૭ સપ્ટેમ્બરથી ૧૦ ઑક્ટોબર દરમિયાન યોજાનાર ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ની યજમાની કરવાની સુવર્ણ તક ગુજરાત રાજ્યને મળી છે ત્યારે રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ વતી નેશનલ ગેમ્સના સુચારુ આયોજન માટે સચિવાલય તરીકે આ વહીવટી ભવન કાર્ય કરશે. કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં ગુજરાતના પાંચ યુવાનોએ મેડલ જીતી ટીમ ઈન્ડિયા તરીકે ઉત્કૃષ્ટ દેખાવ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આગામી ઑલિમ્પિક રમતો માટે પણ ગુજરાતના વધુમાં વધુ યુવાનો તૈયાર કરવા તેઓ પ્રયત્નશીલ છે.

## વટવામાં લોકમાતા શ્રી અહિલ્યાબાઈ હોલકરની પ્રતિમાનું અનાવરણ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વટવા વોર્ડમાં બનાવેલા પાર્ટી પ્લોટનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી અહિલ્યાબાઈ હોલકર ઓપન પાર્ટી પ્લોટ નામાભિધાન તથા લોકમાતા શ્રી અહિલ્યાબાઈ હોલકર પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટે પાંચ સંકલ્પ કરવાના કહ્યા હતા, એમાં આપણા વારસાનું જતન



કરવાનું પણ તેઓએ આહ્વાન કર્યું હતું અને આ અવસરે આપણને સૌને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું ઉત્તમ ઉદાહરણ જોવા મળી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ'ના મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે દરેક સમાજ અને છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ટીમ ગુજરાત પણ ગુજરાતના વિકાસને સતત આગળ વધારી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્યનાં તમામ ગામ અને શહેરને સ્વનિર્ભર બનાવીને દેશને આત્મનિર્ભર બનાવવાનો નિર્ધાર છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે કેન્દ્રીય રાજ્ય કાયદા મંત્રી શ્રી એસ.પી.સિંહ બઘેલ, પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સર્વે કોર્પોરેટરશ્રીઓ તેમજ બઘેલ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ઉગમધામ ખાતે નિર્વાણ તિથિ ઉત્સવમાં સહભાગી થતાં CM

રાજકોટ જિલ્લાના પ્રખ્યાત તીર્થધામ બાંદરા ખાતે સંત શ્રી ઉગારામ દાદા અને પૂજ્ય માતુશ્રી સોનલમાના નિર્વાણ તિથિ ઉત્સવમાં ઉપસ્થિત રહી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૌને ઉગાબાપા જેવા સંતોનાં જીવન અને સંતવાણીમાંથી પ્રેરણા ગ્રહણ કરીને, સન્માર્ગે ચાલવાનો સંદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું કે, સંતોની વાણીનો સંદેશ જીવનમાં ઉતારવાથી જીવન સાર્થક થાય છે. પૂજ્ય ઉગારામ બાપા જે માર્ગે ચાલ્યા, તેના પર આપણને



સૌને ચાલવા માટે સંતવાણીના માધ્યમથી પ્રેરણા આપે છે. આપણે વિવિધ ધર્મગુરુઓની વાણી સાંભળીએ ત્યારે તેમાંથી ભગવાનને સાધવાના પ્રયત્નનો સંદેશ મળે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગોવિંદ સુધી પહોંચવા માટે સદગુરુ સિવાય બીજો કોઈ માર્ગ નથી. સંતોનાં ચરણમાં બેસવાથી આપણામાં સમરસતા, એકતા જેવા સદગુણોના ભાવ દ્રઢ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સ્વાતંત્ર્ય પર્વે આપણને સમરસતાનો કોલ આપ્યો છે. સંતોના સાનિધ્યમાં બેસવાથી સમાજના છેવાડાના નાગરિકોના કલ્યાણ માટે સારાં કાર્યો કરવાની પ્રેરણા મળે છે.

આ અવસરે ઉગમધામના સંત શ્રી ગોરધન બાપા, સંત શ્રી જેન્તીરામ બાપા, સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, ધારાસભ્ય સર્વેશ્રી જયેશભાઈ રાદડિયા, લાખાભાઈ સાગઠિયા સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## ખાસ મિકેનિઝમ સિસ્ટમથી સોમનાથ મંદિરે ધ્વજારોપણ

જન્માષ્ટમીના તહેવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૨ જ્યોતિર્લિંગમાંના પ્રથમ એવા સોમનાથ મંદિરે ભોળાનાથને શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવ સમક્ષ ગુજરાતના લોકોની સમૃદ્ધિ અને સ્વસ્થ જીવન તેમજ આરોગ્ય અને સુખાકારીની પ્રાર્થના કરી હતી.

સૌ પ્રથમ મુખ્યમંત્રીશ્રીએ દિગ્વિજય દ્વાર સામે રહેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગરિમાપૂર્વક વંદન કરી ફૂલ અર્પણ કર્યાં હતાં. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક અર્પણ કર્યા બાદ પૂજન - અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ મંદિરમાં પૂજારી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી સોમેશ્વર મહાપૂજાનો લાભ લીધો હતો અને સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિકસાવેલી ખાસ મિકેનિઝમ સિસ્ટમથી ધ્વજારોપણ પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીને સોમનાથ મંદિર ટ્રસ્ટી શ્રી જે.ડી.પરમાર અને સોમનાથ ટ્રસ્ટ સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ દ્વારા સોમનાથની તસવીર ભેટ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના સોમનાથ પ્રવાસ નિમિત્તે પૂર્વ મંત્રી શ્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમાર, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિત અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# વંચિતને વિકાસની મુખ્યધારામાં લાવવા સરકાર કાર્યરત





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં સરકારે ગુજરાતના વિકાસને સુદૃઢ અને ગતિશીલ બનાવ્યો છે. છેલ્લા એક વર્ષમાં ટીમ ગુજરાતે અનેક જનહિતલક્ષી પગલાં લઈ સામાન્ય નાગરિકોની નાની-મોટી મુશ્કેલીઓ દૂર કરી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર ખાતે રાજ્યના વિશ્વકર્મા સમાજના સ્નેહમિલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ અભિવાદનનો પ્રતિસાદ આપતાં વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દરેક સમાજને સાથે રાખી વિકાસ કરવા અને વંચિત વર્ગોને વિકાસની મુખ્યધારામાં લાવવા માટે કાર્યરત છે. સરકારે ગરીબ, પછાત અને નબળા વર્ગોના લોકોની નાનામાં નાની જરૂરિયાતનું ધ્યાન રાખી નીતિ-રીતિઓ બનાવી છે. આવકના દાખલાની સમયમર્યાદામાં વધારો, નિશ્ચિત કાર્યવાહી માટે એફિડેવિટ-સોગંદનામામાંથી મુક્તિ તેમજ સિનિયર સિટિઝનને યાત્રા માટે અપાતી સહાયમાં વધારો કરી નાગરિકોને સુશાસનની અનુભૂતિ કરાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના આ અભિગમોને આગળ ધપાવતાં ટીમ ગુજરાતે આ વર્ષે ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું બજેટ આપ્યું છે. આદિજાતિ વિસ્તારમાં એસ્ટોલ પ્રોજેક્ટથી ૨૦૦ માળ જેટલી ઊંચાઈ પર પાણી લઈ જવું, મા-કાર્ડ જેવી યોજનાઓને વ્યાપક બનાવવી જેવાં અનેક વિકાસલક્ષી કામો આ સરકારે કરી બતાવ્યાં છે.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશ્વકર્મા સમાજની ઉદ્યમશીલતાથી સુપેરે વાકેફ છે. વિશ્વકર્મા સમાજ રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં હજી વધુ પ્રમાણમાં યોગદાન આપે તેમજ સરકારની જી.આઈ.ડી.સી. અને સંલગ્ન નીતિઓનો લાભ મેળવે તે સમયની માંગ છે.

આ પ્રસંગે શ્રી ભગવાનદાસ પંચાલ, શ્રી ઉદય કાનગડ સહિત મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ભાવનગરના દહીં-હાંડી કાર્યક્રમમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જન્માષ્ટમી પર્વની સંધ્યાએ ભાવનગરમાં આયોજિત ભાતીગળ 'દહીં- હાંડી'ના કાર્યક્રમમાં ઉમંગ-ઉલ્લાસ વચ્ચે સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ભાવનગરમાં નંદોત્સવ સમિતિ દ્વારા આયોજિત દહીં હાંડીના કાર્યક્રમમાં જોડાયેલા ગોવિંદાઓને પ્રતીકાત્મક રીતે સન્માનિત કર્યા હતા. આ ઉત્સવમાં મુંબઈના 'વક્તુંડ ગોવિંદા પથક'ની એક સો પચાસ (૧૫૦) ગોવિંદાની ટીમે ઢોલ- નગારા અને ડી.જે. સાથે પાંચ માળ ઊંચી મટકી ફોડી આકર્ષણ જમાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે પ્રતીકાત્મક રીતે ગોવિંદાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વરસતા વરસાદ વચ્ચે પણ ભાવનગરવાસીઓનો જન્માષ્ટમીની ઉજવણીનો ઉત્સાહ પ્રશંસનીય છે. આ અવસરે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, સાંસદ ડૉ. શ્રીમતી ભારતીબહેન શિયાળ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અને ભાવેણાવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# UPSC પાસ કરનારા યુવાઓનું સન્માન-અભિવાદન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાંથી કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC)ની ૨૦૨૧ના વર્ષની ફાઇનલ તથા ૨૦૨૨ના વર્ષની પ્રીલિમ્સ પરીક્ષામાં સફળતા મેળવનારા યુવાઓનું સન્માન, અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આવા ૧૨ જેટલા યુવાઓને સર્ટીફિકેટ અને સ્મૃતિચિન્હ આપી સન્માન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ જાહેર વહીવટ સેવા સંસ્થાન-SPIPAમાં અભ્યાસ તથા તાલીમ મેળવીને આ યુવાઓએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. આ સાથે, રાજ્ય સરકારની યોજના અન્વયે UPSC ફાઇનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા યુવકને રૂ. ૫૧ હજાર તેમજ યુવતીને રૂ. ૬૧ હજાર તથા પ્રીલિમિનરી પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા યુવકને રૂ. ૨૫ હજાર અને યુવતીને રૂ. ૩૦ હજારની પ્રોત્સાહન સહાય રાશિ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ ચેક પણ અર્પણ કર્યા હતા. ગુજરાતમાંથી ૨૦૨૨ના વર્ષમાં UPSC પ્રિલીમીનરી પરીક્ષામાં ૧૭૧ ઉમેદવારો સફળ થયા છે, જેમાંથી સૌથી વધુ એટલે કે ૧૪૩ SPIPAના તાલીમાર્થી વિદ્યાર્થીઓ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, 'SPIPA'ના મહાનિયામક શ્રી આર. સી. મીના અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં ફોટો જર્નાલિસ્ટ એસોસિએશન દ્વારા 'ફોટો પ્રદર્શન'



વર્લ્ડ ફોટોગ્રાફી ડેની ઉજવણીના ઉપલક્ષ્યમાં ફોટો જર્નાલિસ્ટ એસોસિએશન દ્વારા અમદાવાદમાં આયોજિત 'ફોટો પ્રદર્શન'ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રદર્શનમાં ૧૬૦ જેટલી સુંદર અને અલભ્ય તસવીરો પ્રદર્શિત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ તસવીરો અત્યંત રસપૂર્વક નિહાળી હતી. કેમેરાના માધ્યમથી કચકડે કંડારાયેલી અનેક તસવીરી યાદગાર ક્ષણોને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવીને તસવીરકારોને અભિનંદન પણ આપ્યા હતા.

લગભગ ૩૦ વર્ષ પહેલાં સ્થપાયેલા ફોટો જર્નાલિસ્ટ એસોસિએશનના ૩૧ સભ્યો દ્વારા કોરોના કાળથી અત્યાર સુધીમાં કેમેરામાં કંડારાયેલી બેનમૂન તસવીરો આ ફોટો પ્રદર્શનમાં પ્રદર્શિત કરાઈ છે. પ્રાકૃતિક સૌંદર્ય, રીત-રિવાજ તથા માનવીય સંવેદના ઉપરાંત કોરોના કાળમાં સરકાર દ્વારા ઉપલબ્ધ કરાયેલી ટેસ્ટીંગથી માંડી અન્ય સુવિધાઓને ઉજાગર કરતી વિવિધ બાબતોને ફોટોકર્મીઓ દ્વારા કેમેરામાં કંડારવામાં આવી છે તે પૈકીની શ્રેષ્ઠ તસવીરો આ પ્રદર્શનમાં પ્રદર્શિત થઈ છે.

શ્રેષ્ઠ તસવીરો પૈકી પ્રથમ, બીજા અને ત્રીજા એમ અનુક્રમે શ્રી અમિતભાઈ દવે, શ્રી શૈલેષ પ્રજાપતિ અને શ્રી ધવલ ભરવાડને તથા ૧૦ કોન્સોલેશન પ્રાઈઝ મેળવનાર તસવીરકારોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ ફોટો પ્રદર્શન પ્રારંભ પ્રસંગે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ, અમદાવાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, એસોસિએશનના પ્રમુખ શ્રી કરણસિંહ પરમાર તથા અન્ય ફોટોગ્રાફર મિત્રો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યની પાંચ નગરપાલિકાઓને વિવિધ વિકાસકામોની ભેટ

રાજ્યનાં નગરોમાં વિવિધ જનસુખાકારીનાં આયોજનબદ્ધ કામો હાથ ધરી ઈઝ ઓફ લિવિંગ વધારવાની નેમ સાથે પાંચ નગરપાલિકાઓને રૂ. ૮૫ કરોડનાં વિવિધ વિકાસકામો હાથ ધરવાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રીશ્રીએ ધ્રાંગધ્રા, માણસા, કડી, વડનગર અને બાવળા નગરપાલિકામાં આ કામો હાથ ધરવા માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રજૂ થયેલી દરખાસ્તોને અનુમતિ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં ધ્રાંગધ્રા નગરપાલિકા વિસ્તારના માનસર તળાવના બ્યુટિફીકેશન માટે રૂ. ૪.૨૫ કરોડ આગવી ઓળખ ઘટકનાં કામો માટે મંજૂર કર્યા છે. એટલું જ નહીં, માણસા નગરપાલિકા વિસ્તારના ચન્દ્રાસર તળાવના બ્યુટિફીકેશન માટે તેમણે રૂ. ૪.૮૭ કરોડનાં કામો મંજૂર કર્યાં છે. ૨૪૮ એકરમાં ફેલાયેલા ચન્દ્રાસર તળાવના બ્યુટિફીકેશન અન્વયે પ્લાન્ટેશન, વૉક વે, વરસાદી પાણી માટે ઈન્લેટ પાઈપ, ગાર્ડન, લેન્ડસ્કેપીંગ અને તળાવ નવીનીકરણ માટે આ રકમ ઉપયોગમાં લેવાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત મહેસાણા જિલ્લાના વડનગર નગરપાલિકા વિસ્તારનાં ૫૦૫૧ ઘરોની ગટર લાઈનોને મુખ્ય ગટર સાથે જોડવા રૂ. ૩.૫૩ કરોડ મંજૂર કર્યા છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જન ભાગીદારી ઘટક હેઠળ ખાનગી સોસાયટીનાં ઘરોની ગટર લાઈન સાથે જોડાયેલી ન હોય તેવી સોસાયટીના ઘરને પરિવાર દીઠ રૂ. ૭ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે, આ સહાયરૂપે વડનગર નગરપાલિકાને ૫૦૫૧ ઘરોનાં ગટર જોડાણ પેટે રૂ. ૩.૫૩ કરોડની રકમ રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર દ્વારા અપાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ કામો ઉપરાંત બાવળા નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે ૭૧.૮૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. બાવળા નગરપાલિકાના ગામતળ વિસ્તારમાં હયાત ભૂગર્ભ લાઈન અંદાજે ૨૫ વર્ષ જૂની છે. એટલું જ નહીં, બાવળા નગરપાલિકાને ૧૦ ઝોનમાં વહેંચવામાં આવેલી છે. અગાઉ નગરપાલિકામાં ૨૦૧૫ના વર્ષમાં પૂર્ણ થયેલી ભૂગર્ભ ગટર યોજનામાં ગામતળની જૂની ગટર વ્યવસ્થા હોવાથી ઝોન ૧ થી ૫નો સમાવેશ થયેલો ન હતો. બાવળા નગરપાલિકામાં ૨૬ કિ.મી.નું નેટવર્ક કાર્યરત છે. તેમજ હાલની ૯૦,૧૪૦ની વસ્તીમાંથી ૪,૩૭૫ ઘરોને આ સૂચિત યોજનામાંથી ગટર જોડાણનો લાભ મળશે. ●

# ડબલ એન્જિન સરકારના લાભ નાગરિકોને મળતા થયા

છેલ્લા આઠ વર્ષથી દેશને સશક્ત નેતૃત્વ મળ્યું છે. તેના કારણે દેશમાં સર્વાંગી અને સમતુલિત વિકાસ થઈ રહ્યો છે. તો ગુજરાતના નાગરિકોને ડબલ એન્જિનવાળી સરકારનો સીધો લાભ મળી રહ્યો છે. તેમજ છેવાડાના નાગરિકો સુધી વિવિધ યોજના - વિકાસકામોનો લાભ પહોંચ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં રાણા સમાજ દ્વારા આયોજિત સ્નેહમિલનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સુકાન સંભાળ્યા બાદ ભારતવાસીઓએ અનેક મોટા અને લાભદાયી વહીવટી પરિવર્તનોની અનુભૂતિ કરી છે. પ્રધાનમંત્રી જનધન યોજના, કિસાન સન્માનનિધિ યોજના વગેરે દ્વારા ગુજરાત સરકારે વિવિધ વર્ગના નાગરિકોના સોશિયલ-ઈકોનોમિકલ અપલિફ્ટમેન્ટનું કામ કર્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિશા-દર્શનમાં દેશમાં ડિજિટલ ક્રાંતિ થઈ, દેશમાં રિન્યુએબલ ઊર્જાના વપરાશનું ચલણ વધ્યું છે અને ભારતની પ્રતિષ્ઠા વિશ્વભરમાં નવી ઊંચાઈઓને પામી છે. વિશાળ ભૂ-ભાગ અને મોટી સંખ્યામાં વસતી ધરાવતો દેશ વિકસિત બનશે કે કેમ તેવા પ્રશ્નો વચ્ચે આદરણીય મોદીજીએ દેશનું નેતૃત્વ કરી એક ભારત-શ્રેષ્ઠ ભારતને સાકાર કર્યું છે.

પૂર્વ મંત્રી શ્રી રણજિતભાઈ ગિલીટવાલાએ કહ્યું હતું કે, રાણા સમાજ શિક્ષિત અને દીક્ષિત બની વિકાસના પંથે અગ્રેસર બન્યો છે. રાજ્ય




સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ રાણા સમાજ વધુ સક્ષમ અને સબળ બન્યો છે. સંત શ્રી જ્ઞાનેશ્વરદાસજી મહારાજે કહ્યું હતું કે, રાણા સમાજ ધર્મપ્રેમી સમાજ છે. ગુજરાત સરકારના સર્વસમાવેશી વિકાસના વલણને પરિણામે રાણા સમાજને પાછલા બે દાયકામાં આવશ્યક તમામ મદદ-સહકાર મળ્યાં છે.

ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણાએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતનો જે વિકાસ થયો છે તેના પરિણામે સૌ સમાજ-વર્ગોનું સમર્થન બે દાયકાથી વર્તમાન સરકારને મળી રહ્યું છે, અને આગળ પણ મળશે તેવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે શ્રી ઉદય કાનગડ, શ્રી નવીનભાઈ તેમજ રાણા સમાજના અગ્રણી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## સર્વ સમાજને સાથે રાખી સૌના સાથ-સૌના વિકાસના મંત્રને ગુજરાતે સાકાર કર્યો છે - મુખ્યમંત્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌ સમાજ વર્ગોને સાથે રાખીને સૌના સાથ, સૌના વિકાસનો મંત્ર દેશમાં સાકાર થયો છે. તાજેતરમાં સમગ્ર ગુજરાતના દરજી સમાજ દ્વારા આયોજિત અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિકાસની આ યાત્રામાં સમાજના સૌ વર્ગો સાથે મળીને સહભાગી થયા છે, જેમાં દરજી સમાજનું પણ ઉલ્લેખનીય યોગદાન છે. કેન્દ્રીય કપડા રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓનો લાભ દરજી સમાજના વધુ ને વધુ લોકો સુધી પહોંચે તે માટે આવનારા દિવસોમાં શિબિરો યોજવાની નેમ દર્શાવી હતી.

પદ્મશ્રી કનુભાઈ ટેલરે ભારતને વિશ્વમાં શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉજાગર કરવાની વડાપ્રધાનશ્રીની પ્રતિબદ્ધતામાં દરજી સમાજ પોતાનો સંપૂર્ણ સહયોગ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી મયંક નાયક, શ્રી ભગવાનદાસ પંચાલ સહિત વિશાળ સંખ્યામાં સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## અરવલ્લીના ધનસુરા સ્થિત અમૃત સરોવરનું નિરીક્ષણ કરતાં મુખ્યમંત્રી

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે વિકસિત થઈ રહેલા અમૃત સરોવરની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર પણ તેમની સાથે જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જળ સંચય થકી ઉન્નતિના લક્ષ્ય સાથે કાર્યરત ગુજરાત સરકારે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવરના નવનિર્માણ-નવીનીકરણનો સંકલ્પ કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન મુજબ રાજ્યમાં કુલ ૨,૭૬૭ સ્થળોની અમૃત સરોવર તરીકે પસંદગી કરવામાં આવી છે. તે પૈકી 33 જિલ્લામાં સ્થિત ૨,૪૨૨ કામો પ્રગતિમાં છે. જ્યારે ૧૫ ઑગસ્ટ, ૨૦૨૨ સુધીમાં ૬૬૩ અમૃત સરોવરનાં લોકાર્પણ કરવામાં આવ્યાં.

રાજ્ય સરકારના આયોજન અનુસાર અમૃત સરોવર થકી પ્રતિ એકર અંદાજે ૧૦,૦૦૦ ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થશે, તેવો લક્ષ્યાંક છે. ધનસુરામાં તળાવ નિર્માણથી તાલુકાના ગામોને સિંચાઈનો લાભ મળશે. ●

# અમદાવાદની રાજસ્થાન હૉસ્પિટલમાં નવા આરોગ્યલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ





અમદાવાદની રાજસ્થાન હૉસ્પિટલમાં નવીન પ્રકલ્પોનું લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, રાજસ્થાન હૉસ્પિટલની આરોગ્યલક્ષી ડિજિટલ પહેલ નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. નૂતન ઓ.પી.ડી. સુવિધા, બાળકો અને માતાઓના સ્વાસ્થ્ય સંબંધી સેવાઓના નવતર અભિગમ નવજાત શિશુ અને સગર્ભાઓને શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અસરકારક સાબિત થશે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અબાલવૃદ્ધ નાગરિકોના આરોગ્યની દરકાર કરીને અનેકવિધ સ્વાસ્થ્યલક્ષી પહેલ હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ ૬૦થી વધુની વયના નાગરિકોને ઘરે બેઠાં સેમ્પલ કલેક્શન સુવિધાની નવતર પહેલ હાથ ધરવામાં આવી છે. આ વર્ષના બજેટમાં રૂ. પાંચ કરોડની જોગવાઈ આ પહેલની શરૂઆત માટે કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની સાથે સામાજિક, ધાર્મિક અને સેવાભાવી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયાસોના પરિણામે રાજ્યના વિકાસની ગતિને તેજ બનાવીને સર્વાંગીણ અને સર્વસમાવેશક વિકાસ કરી શકાય છે, જેનું રાજસ્થાન હૉસ્પિટલ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયા વિઝનને આગળ ધપાવતી ગુજરાત સરકારે નાગરિકલક્ષી ઘણી સેવાઓને ડિજિટલ કરી છે. તે પરિપાટી પર ચાલીને રાજસ્થાન હૉસ્પિટલ દ્વારા પણ દરિદ્રનારાયણની સેવાને વધુ સુદૃઢ બનાવવા ડિજિટલાઇઝેશનનો અભિગમ અપનાવવામાં આવ્યો છે જે સરાહનીય છે.

કોરોનાકાળમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રને સાર્થક કરીને સમગ્ર દેશમાં કોરોના રસીકરણ અભિયાન મહાઅભિયાન બન્યું જેના પરિણામે આજે આપણે કોરોના સામે સુરક્ષિત બન્યાં છીએ, એવું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.




છેલ્લા ચાર દાયકાથી રાજસ્થાન હોસ્પિટલ દ્વારા વિવિધ પ્રાંતના દર્દીઓની સેવાનો યજ્ઞ અવિરતપણે આગળ ધપાવવા બદલ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે રાજ્યની દરેક વ્યક્તિને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટીબદ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે રાજસ્થાન હૉસ્પિટલ દ્વારા દેશના વિવિધ પ્રાંતમાંથી આવતા દર્દીઓ અને રાજ્યના દર્દીઓને ઉત્તમ આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી હોવાનું જણાવી સમગ્ર હૉસ્પિટલ તંત્રને નવતર અભિગમ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ૨૦૦૮ના સિરિયલ બ્લાસ્ટ વખતે અમદાવાદ સિવિલની સાથોસાથ રાજસ્થાન હૉસ્પિટલ દ્વારા સપોર્ટિવ કેરમાં કરવામાં આવેલી સેવાઓ અને અદા કરવામાં આવેલી મહત્ત્વની ભૂમિકાને યાદ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવો દ્વારા આ કાર્યક્રમમાં આંગણવાડી બહેનોને આરોગ્યલક્ષી કિટ પણ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કાઉન્સિલરશ્રીઓ, હૉસ્પિટલના ચેરમેન શ્રી પી. આર. કાકડિયા, સેક્રેટરી શ્રી મહેન્દ્રભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં સામાજિક અગ્રણીઓ અને તબીબો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગાંધીનગરમાં રાજ્ય યુવા બોર્ડના સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો







ગાંધીનગરમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ઝોન પ્રભારી, જિલ્લા સંયોજકો તથા મહાનગરપાલિકા સંયોજકોના પ્રશિક્ષણ વર્ગનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. મુખ્યમંત્રીશ્રીએ સમાજના નાનામાં નાના, છેવાડાના માનવી સુધી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચાડી વિકસિત, ઉન્નત અને આત્મનિર્ભર ભારતની નેમ સાકાર કરવા યુવાશક્તિને આહવાન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દ્રષ્ટિવંત નેતૃત્વમાં ડિજિટલ ઇન્ડિયા, મેઇક ઇન ઇન્ડિયા, સ્વચ્છ ભારત જેવા અનેક નવતર આયામો દેશમાં વ્યાપક બન્યા છે. વડાપ્રધાનશ્રીએ ભારતને વિકસિત, ઉન્નત અને આત્મનિર્ભર બનાવવાના ધ્યેય સાથે હરેક યોજનાઓમાં છેવાડાના, નાનામાં નાના માનવીના કલ્યાણનો ભાવ રાખ્યો છે.

સરકારી યોજનાઓના લાભ લોકોને ઘરે બેઠા મળે તેની યોગ્ય માહિતી અને જાણકારી મળે તે માટે મુખ્યમંત્રીશ્રીએ યુવાઓને 'ડોર સ્ટેપ ડિલીવરી ઓફ સર્વિસીસ' રાજ્ય સરકાર 'લોકોના દ્વારે'નો અભિગમ સાકાર કરવા પણ આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સ્વામી વિવેકાનંદે વિશ્વમાં ભારતની શાખ-પ્રતિષ્ઠા ગૌરવ વધાર્યા છે. તેમના જીવન આદર્શો આજની યુવા પેઢીના સમગ્ર જીવનકાળમાં માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત બની શકે તેમ છે.

આ પ્રશિક્ષણ વર્ગમાં માર્ગદર્શન આપતાં ગૃહ, મહેસૂલ અને રમત-ગમત, યુવા પ્રવૃત્તિઓ તથા સાંસ્કૃતિક બાબતોના રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે વર્તમાન સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદષ્ટિવંત નેતૃત્વમાં નાગરિકોને સરકારી સેવાઓના લાભ મેળવવા માટે સરકારી કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળી છે. સરકાર દ્વારા આજે યોજનાની સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આઝાદીના ઘણાં વર્ષો બાદ આ સૌથી મોટી સિદ્ધિ છે.

આ પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સચિવ શ્રી અશ્વિની કુમાર, નાયબ સચિવ શ્રી એસ. કે. હુડા, અગ્રણી શ્રી પ્રશાંત કોરાટ સહિતના બોર્ડના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. ●


# વિકાસના તમામ ક્ષેત્રે ગુજરાતે નવા કીર્તિમાન સ્થાપ્યા

ગાંધીનગરમાં આયોજિત ગોસ્વામી સમાજના સ્નેહમિલનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, હેલ્થ, એજ્યુકેશન, ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈન્ડસ્ટ્રીઝ અને એનર્જી સહિતના તમામ ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે. ગુજરાતની અદ્યતન આરોગ્ય સુવિધાઓનો લાભ તો આસપાસના રાજ્યના લોકો ખૂબ મોટી સંખ્યામાં લેવા આવે છે અને નિરોગી-નિરામય બની પોતાના વતન રાજ્યમાં પરત ફરે છે.




મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત બે દાયકાથી સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રને અનુસરીને દેશનું મોડલ સ્ટેટ બન્યું છે. કોઇ એવું ક્ષેત્ર નથી જ્યાં આપણે નવા પ્રકલ્પો-નવી સિદ્ધિ પ્રાપ્ત ન કરી હોય. માનવ વિકાસ-જન સુખાકારીના તમામ પાસાંઓમાં ગુજરાત અન્ય રાજ્યોને રાહ ચિંધી શકે તેટલું સક્ષમ અને આદર્શ રાજ્ય છે. તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતને છેલ્લા ૮ વર્ષની ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યો છે. નાના-મોટા દરેક સમાજ વર્ગની દરકાર લઈ ગુજરાત સરકાર સૌના ઉત્કર્ષ, આર્થિક-સામાજિક ઉન્નતિ માટે કર્તવ્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ આ તકે ગોસ્વામી સમાજના સાધુ-સંન્યાસીઓનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. ●

## ગાંધીનગરનાં વિકાસ કાર્યો માટે રૂ.૩૭ કરોડ મંજૂર



સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૨૦૨૨-૨૩ના વર્ષની ગાંધીનગર મહાનગરપાલિકાની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આ દરખાસ્તને સૈદ્ધાંતિક અનુમતિ આપતાં ભૌતિક આંતરમાળખાકીય વિકાસનાં પાંચ કામો માટે રૂ. ૨૧ કરોડ, સામાજિક આંતરમાળખાકીય વિકાસના કામ માટે રૂ. ૭ કરોડ તેમજ આગવી ઓળખનાં ૩ કામો માટે રૂ. ૯ કરોડ મળી કુલ ૩૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

ફિઝીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામોમાં પેથાપુર, વાવોલ, ઝૂંડાલ અને કોબા ખાતે કોમ્યુનિટી હોલ, વોર્ડ નંબર ૧૦ અથવા ૧૧માં ફાયર સ્ટેશન, સ્ટ્રીટ લાઈટ, જુદા જુદા સેક્ટર ફરતે કમ્પાઉન્ડ વૉલ તેમજ સુઘડ, નભોઈ, વાસણા હડમતિયા, ઝૂંડાલ, ખોરજ, ભાટ, કોટેશ્વર અને અમિયાપુર તથા કોબામાં સ્મશાન અને કબ્રસ્તાનના નવીનીકરણની કામગીરી જેવાં કુલ પાંચ કામો કરવામાં આવશે.

સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કામો અંતર્ગત કોબા અને ઝૂંડાલ ખાતે નવીન અર્બન હેલ્થ સેન્ટર તેમજ સેક્ટર ૨૪, ૨૯ અને ૨ ના અર્બન હેલ્થ સેન્ટરમાં આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડવાનાં કામો હાથ ધરાશે. એટલું જ નહિ, આગવી ઓળખનાં ત્રણ કામો જેવાં કે વોર્ડ નં.૧૧ અને ૨માં ગાર્ડન ડેવલપમેન્ટ તથા સેક્ટર-૩૦ અને બોરીજ ખાતે પણ ગાર્ડન વિકાસ માટે પણ રૂપિયા ૩ લાખની મંજૂરી આપવામાં આવી છે. નાગરિકોની સુખાકારીને ધ્યાનમાં રાખીને સતત એક પછી એક જનહિતનાં કાર્યોની ભેટ ધરતી ગુજરાત સરકારે પારદર્શી અને ઝડપી વહીવટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ●

## છોટાઉદેપુરમાં રૂ. ૫.૪૮ કરોડના ખર્ચે મોડેલ ફાયરસ્ટેશન બનશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના અગ્નિશમન માળખાને સુદ્રઢ કરીને સમયાનુકૂલ સાધનોથી સજ્જ કરવાનો જનહિત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં છોટાઉદેપુર નગરપાલિકા ખાતે રૂ. ૫.૪૮ કરોડના ખર્ચે બનનાર નવા મોડલ ફાયર સ્ટેશનને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

રાજ્યમાં કોઈ પણ નાની-મોટી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે અગ્નિશમન સેવાઓની અગત્ય અને આવશ્યકતા ધ્યાનમાં લેતાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની નગરપાલિકાઓમાં અત્યાધુનિક મોડેલ ફાયરસ્ટેશન નિર્માણની દિશા લીધી છે. તદનુસાર, મુખ્યમંત્રીશ્રીએ છોટાઉદેપુરમાં સૂચિત મોડલ ફાયર સ્ટેશન માટે બિલ્ડીંગ, સ્ટાફ કવાટર્સ ટેન્કરૂમ, ઓવરહેડ ટેન્ક, કમ્પાઉન્ડ વોલ વગેરે માટે રૂપિયા ૫.૧૫ કરોડનાં કામો, સોલાર રૂફટોપ સિસ્ટમ માટે ૧૫ લાખ રૂપિયા સહિત અન્ય ખર્ચ મળી સમગ્રતયા પાંચ કરોડ ૪૮ લાખ રૂપિયાનાં કામો મંજૂર કર્યાં છે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, શહેરી વિકાસ વિભાગે રાજ્યના ૩૨ જિલ્લાઓમાં ૩૨ નગરપાલિકાઓ ખાતે જિલ્લાનાં મુખ્ય ફાયરસ્ટેશન બનાવવા ૩૨ વિભાગીય કચેરીઓ નિયત કરેલી છે. તેમાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જિલ્લા કક્ષાના વડામથક ખાતેની ૧૬ નગરપાલિકાઓમાં નગરપાલિકા દીઠ રૂ. ૫.૧૪ કરોડ પ્રમાણે રૂ. ૮૨.૨૪ કરોડની સૈદ્ધાંતિક અનુમતિ મળેલી છે.

આ ઉપરાંત, ૨૦૨૨-૨૩ના બજેટમાં ફાયર સ્ટેશન દીઠ રૂપિયા ૧ કરોડ પ્રમાણે રૂ. ૧૬ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. મોડેલ ફાયરસ્ટેશનના નિર્માણથી જિલ્લાઓમાં ફાયર-આગની આપત્તિ સમયે તાત્કાલિક બચાવ અને રાહત કાર્યો ઝડપથી થઈ શકશે. ●

## નાગરિકોને રખડતાં પશુઓના ત્રાસથી મુક્તિ અપાવવા સરકાર પ્રતિબદ્ધ



રાજ્યના નાગરિકોને રખડતાં પશુઓના ત્રાસથી મુક્તિ અપાવવા માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્દેશન હેઠળ રાજ્યના પશુપાલકો, નાગરિકો કે પશુઓ કોઈને તકલીફ ન પડે તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરાશે. પશુપાલકો પાસે વ્યવસ્થા ન હોય તો પોતાનાં પશુ ઢોરવાડામાં મૂકી શકશે, જેની સંપૂર્ણ સારસંભાળ રાજ્ય સરકાર રાખશે. એટલું જ નહિ, ઢોરવાડા સુધી રખડતા ઢોરને પહોંચાડવા માટેના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવશે.

આ અંગે મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજયની આઠ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકાઓમાં ઢોરવાડા બનાવવામાં આવશે. તે માટે રૂ.૧૦ કરોડની અલગથી જોગવાઈ કરવામાં આવશે અને જરૂર પડે તેમાં વધારો પણ કરવામાં આવશે. પકડેલાં ઢોર માટે પાણી, શેડ સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ચોમાસા દરમિયાન પશુપાલકો પાસે પશુઓ રાખવા માટે પૂરતી જગ્યા કે અન્ય વ્યવસ્થા ન હોવાને કારણે પશુઓને રોડ ઉપર છોડી દેવામાં આવે છે, જેના પરિણામે પશુઓની સંખ્યા રોડ ઉપર વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ બાબત ધ્યાને લઈને જે પશુપાલકો પાસે આવી વ્યવસ્થા ન હોય તે પશુપાલકો સંબંધિત મહાનગરપાલિકા કે

## ફિક્સ પગારમાં જોડાયેલા કર્મચારીઓની નોકરી સળંગ ગણાશે

રાજ્ય સરકાર અધિકારી - કર્મચારીઓના હિત માટે અનેક નિર્ણયો લઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં વધુ એક કર્મચારી હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ફિક્સ પગાર નીતિ અંતર્ગત નોકરી કરી રહેલા કર્મચારીઓની નોકરીની સેવાઓ સળંગ ગણવા અંગે નાણાં વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭માં ઠરાવ કરવામાં આવ્યો હતો, જેમાં વર્ષ ૨૦૦૬ પહેલાં ફિક્સ પગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાભ મળતો ન હતો. હવે વર્ષ ૨૦૦૬ પહેલાં ફિક્સ પગારની નોકરીમાં જોડાયેલા કર્મચારીઓની નોકરીની સેવા સળંગ ગણવા નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં વર્ષ-૨૦૦૬ પહેલાં ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલા કર્મચારીઓની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા વર્ષ ૨૦૦૬ પહેલાં નિમણૂક પામેલા અંદાજે ૪૨ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે. હવે તે સળંગ ગણવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત નાણાં વિભાગના તા. ૧૮-૧-૨૦૧૭ના ઠરાવ મુજબ દર્શાવેલા બઢતી તેમજ ઉચ્ચતર પગાર ધોરણ સહિતના લાભો ગણતરીમાં લેવામા આવશે. આ નિર્ણયથી અંદાજે ૪૨ હજારથી વધુ વર્ષ-૨૦૦૬ પહેલા નિમણૂક પામેલા કર્મચારીઓને લાભ થશે. હવે આ કર્મચારીઓની પણ ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા, બઢતી ઉચ્ચતર પગાર ધોરણ જેવા લાભો ગણતરીમાં લેવાશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ નિર્ણયથી ૫૭૬ પંચાયત સહાયક/ તલાટી, ૧,૦૧૯ રહેમરાહે નિમણૂક પામેલા કર્મચારીઓ, ૩૩૧ સ્ટાફ નર્સ, ૨૪૦૦ લોક રક્ષક અને ૩૮,૨૮૫ શિક્ષકો મળી કુલ ૪૨,૦૩૫ કર્મચારીઓને લાભ થશે. ●

નગરપાલિકાના ઢોરવાડામાં પશુઓ મૂકી શકે એ માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ માટે સંબંધિત મહાનગરપાલિકા/ નગરપાલિકાઓને પશુપાલકો ઢોરને ઢોરવાડામાં મૂકવા આવે ત્યારે તેને વિનામૂલ્યે રાખવાની સૂચનાઓ આપી દેવાઈ છે અને પશુઓને પૂરતી સગવડો પણ આપવાની રહેશે. પશુપાલકોને પશુઓ સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાના ઢોરવાડામાં મૂકવા માટે ટ્રાન્સપોર્ટેશન અંગે થનાર ખર્ચ હાલ સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાઓ ભોગવશે. ઉલ્લેખનીય છે કે, રાજયની નગરપાલિકા-મહાનગરપાલિકા વિસ્તારોમાં રખડતાં ઢોરને શહેરી વિસ્તારમાં પકડવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ●

## શહીદ જવાનોનાં આશ્રિતોને અપાતી સહાયમાં વધારો



ગુજરાતના શહીદ થનારા જવાનોનાં આશ્રિત કુટુંબીજનોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાહત ભંડોળમાંથી ચૂકવાતી વિવિધ સહાયમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આ રાહત અને ગેલેન્ટરી એવોર્ડમાં વધારા સિવાય બાકીની અન્ય માગણી અંગે સચિવશ્રીઓની એક ઉચ્ચ કક્ષાની કમિટિ વિચારણા કરશે અને તેનો અહેવાલ રાજય સરકારને આપશે તેવા આદેશ કરવામાં આવ્યા છે. પ્રસંગોપાત હાલ માજી સૈનિકોને રાજય સરકારની નોકરીઓમાં જે અનામત આપવામાં આવે છે, તે મુજબ વર્ગ-૧ અને ૨ માટે ૧ ટકા, વર્ગ-૩ માટે ૧૦ ટકા અને વર્ગ-૪ માટે ૨૦ ટકા અપાય છે. જમીનની માગણીને સંબંધ છે ત્યાં સુધી માજી સૈનિકોને તેમના કુટુંબનો જીવન નિર્વાહ ચલાવી શકે તે માટે ૧૬ એકર જમીન સાંથણીથી આપવામાં આવે છે.

આ સાથે, રાજ્ય સરકારે વિવિધ મેડલધારક જવાનોને આપવામાં આવતી સહાયમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે નીચે મુજબ છે.

***આર્મીમાં ફરજ બજાવતા ગુજરાતના ગેલેન્ટરી કે સર્વિસ મેડલધારક જવાનોને ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવતા રોકડ પુરસ્કાર***

| ક્રમ | બહાદુરી પદક | હાલના પુરસ્કારની રકમ | પુરસ્કારની સૂચિત રકમ |
|---|---|---|---|
| ૧ | પરમવીર ચક્ર | ૨૨,૫૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ |
| ૨ | અશોક ચક્ર | ૨૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ |
| ૩ | સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ | ૧૭,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૪ | પરમ વિશિષ્ટ સેવા મેડલ | ૧૫,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૫ | મહાવીર ચક્ર | ૧૫,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ |
| ૬ | કીર્તિ ચક્ર | ૧૨,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ |
| ૭ | ઉત્તમ યુદ્ધ સેવા મેડલ | ૧૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ૮ | અતિ વિશિષ્ટ સેવા મેડલ | ૭,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ૯ | વીર ચક્ર | ૭,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| ૧૦ | શૌર્ય ચક્ર | ૫,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| ૧૧ | યુદ્ધ સેવા મેડલ | ૪,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨ | સેના/નૌ/વાયુ સેના મેડલ | ૩,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| ૧૩ | વિશિષ્ટ સેવા મેડલ | ૩,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |

## પરિવહનની સુવિધા વધારવા નવી ૧૫૧ એસ.ટી. બસો શરૂ કરાશે

રાજ્યના નાગરિકોને પરિવહનની સુવિધાઓમાં વધારો થાય તે આશયથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કેટલાંક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જે અંતર્ગત રાજ્યમાં ૧૫૧ જેટલી નવીન એસ.ટી.બસોને નાગરિકોની સુવિધાઓમાં મૂકાશે.

રાજ્ય સરકાર દ્વારા એસ.ટી નિગમને દર વર્ષે બજેટમાં નવાં વાહનો ખરીદવા માટે માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, જેથી નિગમ દ્વારા દર વર્ષે પ્રજાની સેવામાં નવાં વાહનો મૂકવામાં આવે છે. નવાં વાહનો સંચાલનમાં મુકાતાં, તેટલી સંખ્યામાં આયુમર્યાદા પૂર્ણ કરી ચૂકેલાં બિનઉપયોગી વાહનો દૂર કરવામાં આવે છે. તે અનુસાર રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને ૫૦૦ સુપર એક્સપ્રેસ, ૩૦૦ લક્ઝરી તથા ૨૦૦ સ્લીપર કોચ એમ કુલ ૧૦૦૦ નવાં વાહન ખરીદવા રૂ. ૩૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

આ ૫૦૦ સુપર એક્સપ્રેસ વાહનો પૈકી ૧૫૧ નવાં સુપર એક્સપ્રેસ વાહનો હાલમાં તૈયાર થઈ ગયાં છે, જ્યારે બાકીનાં વાહનો તબક્કાવાર તૈયાર થઈ રહ્યાં છે. તૈયાર થયેલી બસો નિગમના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે. આ ૧૫૧ નવી સુપર એક્સપ્રેસ બસમાં બાવન મુસાફર માટે આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

પર્યાવરણના જતનની સાથે-સાથે નાગરિકોની યાતાયાત સુવિધાઓમાં વધારો થાય તે આશયથી રાજ્ય સરકાર દ્વારા ત્રણ નવીન એલ.એન.જી. બસ નાગરિકોની સેવાઓમાં ઉપલબ્ધ બનાવવાનો નિર્ણય કરાયો છે. ●

## રાજ્યનાં દિવ્યાંગજનોને એસ.ટી.બસમાં વધુ સુદ્રઢ સેવા અપાશે

રાજ્યનાં દિવ્યાંગોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર અનેકવિધ નવતર પગલાં લઈ રહી છે. તેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે દિવ્યાંગોને સહાયરૂપ થવા માટે GSRTCની તમામ બસોમાં રાજ્ય બહાર મુસાફરી દરમિયાન બસ રૂટના રાજ્ય બહાર આવેલા છેલ્લા સ્ટેશન સુધી વિનામૂલ્યે/નિઃશુલ્ક મુસાફરી યોજનાઓ લાભ આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના દિવ્યાંગ નાગરિકોને અભ્યાસ, સારવાર, નોકરી-ધંધાના સ્થળે અને અન્ય સામાજિક કારણસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-GSRTCની બસોમાં પ્રવાસ કરવા માટે વિનામૂલ્યે મુસાફરી કરવાની યોજના અમલમાં છે, જે માટે કોઈ આવક મર્યાદા નથી. આ યોજના અંતર્ગત અત્યાર સુધી રાજ્યની અંદર આવેલા છેલ્લા બસ સ્ટેશન સુધી રાજ્ય બહાર મુસાફરી કરવાના કિસ્સામાં લાભ આપવામાં આવતો હતો. હવે તેમાં ફેરફાર કરીને દિવ્યાંગોને GSRTCની તમામ બસોમાં રાજ્ય બહાર મુસાફરીના કિસ્સામાં બસ રૂટના રાજ્ય બહાર આવેલા છેલ્લા સ્ટેશન સુધી વિનામૂલ્યે મુસાફરી યોજનાનો લાભ આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, ગત કેલેન્ડર વર્ષમાં આ યોજના હેઠળ ૬૦ લાખ દિવ્યાંગ વ્યક્તિઓને ટિકિટનો તથા ૯ લાખ તેમના સહાયકોને ટિકિટનો લાભ આપી રૂ.૨૮ કરોડથી વધુનો ખર્ચ રાજ્ય સરકારે કર્યો હતો. નવીન નિર્ણયના પરિણામે ૩.૧૮ લાખ દિવ્યાંગ બસ પાસ ધારકોને લાભ થશે. આ માટે અંદાજિત રૂ. ૨.૫ કરોડનું ભારણ દિવ્યાંગો વતી રાજ્ય સરકાર વહન કરશે. ●

## મહાનગરપાલિકાઓનાં આઉટગ્રોથ વિસ્તારના વિકાસ માટે રૂ.૫૦ કરોડની ફાળવણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની આઠ મહાનગરપાલિકાઓના આઉટગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે રૂ. ૫૦ કરોડની ફાળવણી કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ આઉટગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જે રકમ ફાળવી છે તેમાં અમદાવાદને રૂ. ૧૮.૫૩ કરોડ, સુરતને રૂ. ૧૫.૧૨ કરોડ, વડોદરાને રૂ. ૫.૬૭ કરોડ, રાજકોટને રૂ. ૪.૪૮ કરોડ, ભાવનગરને રૂ. ૨.૦૯ કરોડ તેમજ જામનગરને રૂ. ૧.૯૮ કરોડ અને જૂનાગઢને રૂ. ૧.૦૪ કરોડ તેમજ ગાંધીનગરને રૂ. ૧.૦૭ કરોડની રકમનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ આ આઉટગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે નાણા ફાળવણીની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રજૂ કરવામાં આવી હતી. રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોની જનસંખ્યા તથા આઉટગ્રોથ વિસ્તારની વસ્તીને ધ્યાનમાં રાખીને આ આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો માટેની રકમમાંથી પાણી, ડ્રેનેજ, રસ્તા, સ્ટ્રીટ લાઈટ વગેરે આંતરમાળખાકીય સુવિધાના કામો હાથ ધરાશે.

રાજ્યના મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારોમાં વિકાસના વિવિધ કામોને તથા નાગરિક સુખાકારીના આંતરમાળખાકીય કામોને વેગ આપવા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં રૂ. ૬૩૭.૫૦ કરોડ ફાળવ્યા છે. ●

# પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશનું નેતૃત્વ કરશે



આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે મહેસાણામાં યોજાયેલા પ્રાકૃતિક કૃષિ સંમેલનમાં પ્રગતિશીલ ખેડૂતો સાથે સીધો સંવાદ કરતાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતો અને ખેતીને સમૃદ્ધ કરવા પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે અને પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા અનુરોધ કર્યો છે, જેને સાકાર કરવા ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ જનઅભિયાન ઉપાડ્યું છે. ખેડૂત અને ખેતી આત્મનિર્ભર બનશે તો દેશ આત્મનિર્ભર બનશે. પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશનું નેતૃત્વ કરશે.

મહેસાણા ખાતેના કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના પ્રદર્શન સ્ટોલની રાજ્યપાલશ્રીએ મુલાકાત કરી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત તેમણે દૂધસાગર ડેરી સંચાલિત સાગર ડેરી ફ્રેશ સ્ટોરની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે જિલ્લાના ૭૫ ખેડૂતોની સાફલ્યગાથાની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

# તેજાણી અને ધનાણી વાંઢના રસ્તાનું ખાતમુહૂર્ત



મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કચ્છના સુમરાસર શેખ ગામે તેજાણી અને ધનાણી વાંઢને જોડતા રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે બનનારા રસ્તાનું વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્યએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત, તેમણે મહેસાણાના વિજાપુરમાં NSSના કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ડૉ. નીમાબહેન આચાર્યએ ગ્રામજનોને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, પાવર પટ્ટીમાં મોટાભાગના રસ્તાઓના કામ થઈ જતાં આ વિસ્તારના માલધારીઓ અને પશુપાલકોને ખૂબ જ ફાયદો થયો છે. આ સાથે તેમણે ચોકનું બ્યુટીફિકેશન કરી અને ગ્રામ પંચાયતને વધુમાં વધુ વૃક્ષો વાવવા પણ અપીલ કરી હતી.

મહેસાણાના વિજાપુર તાલુકાના ભાણપુર ગામે યોજાયેલા રાષ્ટ્રીય સેવા યોજનાના ઝોનલ કેમ્પના ઉદ્ઘાટનમાં ડૉ. નીમાબહેન આચાર્યએ જણાવ્યું હતું કે યુવાઓને યોગ્ય દિશા આપવાનું કામ NSS દ્વારા થઈ રહ્યું છે. છેવાડાના માનવીનો વિકાસ થાય, ગામો સમૃદ્ધ બને અને તેની સાથે સૌ સુખી અને સંપન્ન થાય તેવા વિચાર સાથે રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો ગ્રામ સ્તરે કામ કરી રહ્યા છે. "હું નહી, પણ તમે"ના ભાવ સાથે વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની તેમની ફરજ બજાવી રહ્યા છે. NSS એ વિદ્યાર્થીઓ કે જે ભાવિ નાગરિક છે, તેમનામાં રાષ્ટ્રીય સેવા માટે અભિરુચિ કેળવતી અને સમાજસેવાના માધ્યમથી વ્યક્તિત્વ વિકાસ કરતી યોજના છે.

# 'સ્વચ્છ વિદ્યાલય' પુરસ્કાર એનાયત કરાયા



અમદાવાદમાં સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર વર્ષ ૨૦૨૧-૨૨ અંતર્ગત શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે વિવિધ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. રાજ્યભરમાંથી કુલ ૫૧,૮૩૫ શાળાઓએ સ્વચ્છ વિદ્યાલય ઝુંબેશમાં ઉત્સાહભેર ભાગ લીધો. રાજ્યકક્ષાએ નામાંકિત ૪૬૦ શાળાઓમાંથી ૨૬ શ્રેષ્ઠ શાળાઓ પૈકી ૨૦ શાળાઓને ઓવરઓલ કેટેગરી અને ૬ શાળાઓને સબ-કેટેગરી અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કાર આપવામાં આવ્યા. સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર ૨૦૨૧-૨૨ અંતર્ગત વડોદરા જિલ્લાને રાજ્યકક્ષાએ બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે UNICEFના સહયોગથી તૈયાર થયેલી ગુજરાત સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર 'કાર્યક્રમ માર્ગદર્શિકા'નું લોકાર્પણ શિક્ષણમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સ્વચ્છ વિદ્યાલય કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાએ પસંદગી પામેલી સર્વશ્રેષ્ઠ શાળાઓને 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર'થી સન્માનિત કરવાનો આ અવસર ખરેખર પ્રેરણાદાયી છે. સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે અને દેશભરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા હેઠળ 'સ્વચ્છ ભારત' મિશન ખૂબ જ જોશભેર ચાલી રહ્યું છે ત્યારે આવા સન્માન કાર્યક્રમો થકી શાળા, બાળકો અને શિક્ષકોને અનોખું પ્રોત્સાહન મળે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, શાળાના વિદ્યાર્થીઓ જ સ્વચ્છતા અભિયાનના ખરા બ્રાન્ડ એમ્બેસેડર છે. શાળામાંથી જ સ્વચ્છતાના પાઠ ભણીને આવા વિદ્યાર્થીઓ પોતાના પરિવાર અને સમાજને પણ સ્વચ્છતા અંગે જાગૃત બનાવવાનું અગત્યનું કાર્ય કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪થી શરૂ થયેલી 'સ્વચ્છ ભારત, સ્વચ્છ વિદ્યાલય' ઝુંબેશના ભાગરૂપે વર્ષ ૨૦૧૬થી 'સ્વચ્છ વિદ્યાલય' એવોર્ડ આપવામાં આવે છે, જેમાં રોકડ પુરસ્કાર, ટ્રોફી, પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપીને શાળા તથા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે.

## વઢવાણ લોકમેળામાં માનવ મહાસાગર ઊમટ્યો



રાજ્યનાં મોટા શહેરો અને વિવિધ ગામડાઓમાં જન્માષ્ટમી નિમિત્તે લોકમેળાઓ યોજાય છે. તે અન્વયે સુરેન્દ્રનગર જિલ્લામાં કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા અને શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ વઢવાણ લોકમેળાની મુલાકાત લીધી હતી. તેમણે મેળામાં ઊમટી પડેલા માનવ મહાસાગરથી હર્ષ અનુભવ્યો હતો. મંત્રીશ્રીઓએ મેળા સમાજને મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવતા હોવાનું એકસુરે જણાવ્યું હતું.

મંત્રીશ્રીઓની મેળાની મુલાકાત દરમિયાન ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ આચાર્ય, અગ્રણી સર્વશ્રી જગદીશભાઈ મકવાણા તેમજ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ મુંજપરા અને નગરપાલિકાના કારોબારી ચેરમેન શ્રી મનહરસિંહ રાણા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

## પાલનપુરમાં રાજસ્થાન મેડિકલ હૉસ્પિટલનું લોકાર્પણ

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મેડિપોલીસ ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે રાજસ્થાન હૉસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મેડિકલની આધુનિક સુવિધાઓથી સજ્જ હૃદયના ઓપરેશન (બાયપાસ/ વાલ્વ) બાળકોના હૃદયના, ફેફસાનાં, લોહીની નસોના ઓપરેશન અને સારવાર માટે સજ્જ રાજસ્થાન હૉસ્પિટલના લોકાર્પણ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, બનાસકાંઠાના હેડક્વાર્ટર પાલનપુર ખાતે સમગ્ર જિલ્લા અને રાજસ્થાનમાંથી ખૂબ મોટી સંખ્યામાં લોકો સારવાર માટે આવતા હોય છે. પાલનપુર ખાતે ૫૦ બેડની અદ્યતન હૉસ્પિટલ શરૂ કરવામાં આવી છે.



આ હૉસ્પિટલમાં સારવાર લેવા આવનાર દર્દીઓને મા કાર્ડ હેઠળ પણ સારવાર પૂરી પાડવામાં આવશે. આ હૉસ્પિટલમાં ઓ.પી.ડી. ઉપરાંત વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ધરાસણા ખાતે D.G.V.C.L. પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ

વલસાડના ધરાસણા ગામ ખાતે ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. ૨.૦૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) ધરાસણા પેટા વિભાગીય કચેરીનું વલસાડના સાંસદ શ્રી ડૉ. કે.સી.પટેલ અને વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું.

સમગ્ર દેશમાં વીજક્ષેત્રે ગુજરાત નંબર ૧ છે, એમ જણાવતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં કુલ ૬૭ જેટલી વીજ કંપનીઓ કાર્યરત છે. તેના તાજેતરમાં જ થયેલા એક સરવેમાં આ બધી વીજ કંપનીઓમાંથી ટોપ પાંચ કંપનીઓમાં ગુજરાતની જ ચાર કંપનીઓ સ્થાન ધરાવે છે અને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડે તો પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. આ કચેરી દ્વારા આસપાસનાં ગામોને લાભ થશે તેમજ વીજ સમસ્યાઓનો ઉકેલ આવશે.



આ કચેરીની રચનાથી આંતલિયા અને ડુંગરી સબ સ્ટેશનથી છૂટા પડેલાં આસપાસના વિસ્તારનાં અનેક ગામોને લાભ મળશે. કુલ ૧૨ ફીડરોનું સંચાલન ધરાસણા પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવશે. આ કચેરી અંતર્ગત ૨૦ ગામોના ૨૨૧૪૬ જેટલા વીજ ગ્રાહકોને લાભ થશે. કાંઠા વિસ્તારોમાં સરળતાથી વીજ પુરવઠો મળવાથી મત્સ્ય ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે, જેથી કાંઠા વિસ્તારનો ઝડપથી વિકાસ થશે. ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ઉચ્ચ ગુણવત્તાવાળો વીજ પુરવઠો પ્રાપ્ત થશે.

## જૂનાગઢ, પોરબંદર, ગીર-સોમનાથમાં વિકાસ કાર્યોની હેલી



જૂનાગઢ અને પોરબંદર, ગીર-સોમનાથ જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં. તેની સાથે - સાથે ઓજત નદી પર ૨૬.૧૨ કરોડના ખર્ચે વંથલી રિવરફ્રન્ટના નિર્માણનું પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ ખાતમુહૂર્ત કર્યું હતું. વંથલી રીવરફ્રન્ટ નિર્માણ પામવાથી આ વિસ્તારના પ્રવાસનને વધુ વેગ મળશે.

પોરબંદરના મહોબતપરા ખાતે ૧૧.૧૧ કરોડથી વધુના ખર્ચે બનનારા કુતિયાણા-ખાગેશ્રી-જામજોધપુર રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કુતિયાણા- ખાગેશ્રી- જામજોધપુરનો આ રોડ ભવિષ્યમાં લોકોને આવાગમન માટે ખૂબ જ ઉપયોગી બનશે. આ કાર્યક્રમમાં કુતિયાણાના ધારાસભ્ય શ્રી કાંધલભાઈ જાડેજા તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. તદુપરાંત ગીર-સોમનાથના કોડીનારમાં અંદાજિત પાંચ કરોડના ખર્ચે નવનિર્મિત વિશ્રામગૃહનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## ડાંગ જિલ્લાનાં વિકાસકામોની સમીક્ષા



પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે અગ્રેસર ડાંગ જિલ્લાની પ્રાકૃતિક ખેતીની ગરિમાને અનુરૂપ પરિણામલક્ષી કામગીરીની હિમાયત કરતા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે સો ટકા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં પ્રવૃત્ત કરવાના લક્ષ સાથે, કાર્યવાહી હાથ ધરવાની અપીલ કરી હતી.

ડાંગ જિલ્લાના જુદા જુદા વિભાગોના અધિકારીઓની બેઠકને સંબોધતાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે, પ્રાકૃતિક ખેતીના લાંબા ગાળાના ફાયદાઓની સમજ સાથે, તમામ ખેડૂતો તેમાં જોડાય તેવા વાતાવરણનું નિર્માણ કરવા સાથે, ચોમાસા આધારિત ખેતી ઉપરાંત રવી પાકમાં પણ ડાંગના ખેડૂતોને ખેતી અર્થે પૂરતું પાણી મળી રહે તે માટે, મધ્યમ કદના ડેમ બનાવી, વહી જતા વરસાદી પાણીને રોકીને તેનો સદુપયોગ કરવાની દિશામાં પણ, કાર્યવાહી હાથ ધરવાની અપીલ કરી હતી.

મંત્રી શ્રી નરેશભાઈ પટેલે ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસી બસોને પ્રવેશવા બાબતે સ્થિતિની સમીક્ષા બાદ, ખાનગી તથા સરકારી મિનિબસો હવેથી સાવચેતીપૂર્વક ગિરિમથક સુધી પ્રવાસીઓને લાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે, તેમ જણાવ્યું હતું.

## 'મેમરીઝ ઓફ ૧૯૪૭ પાર્ટીશન' વિષય પર વ્યાખ્યાન



કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય, ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ, પ્રાદેશિક કેન્દ્ર વડોદરાના ઉપક્રમે 'મેમરીઝ ઑફ ૧૯૪૭ પાર્ટીશન' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ઉજવાઇ રહેલા 'હર ઘર તિરંગા અભિયાન'થી નાગરિકો, સમુદાયો પોતાના અંગત રાગ-દ્વેષ, ભેદભાવો ભૂલી રહ્યાં છે અને સામાજિક સમરસતામાં વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ સૌ દેશવાસીઓને પોતાનાં ઘર, કચેરી તથા ધંધાના સ્થળે તિરંગો ફરકાવવા માટે જે આહ્વાન કર્યું, તેને દેશવાસીઓએ ચળવળ તરીકે ઉપાડી લીધું છે. સમગ્ર દેશ તિરંગામય બન્યાનાં આપણે સૌ સાક્ષી બન્યાં. આવનારાં ૨૫ વર્ષો ભારતનાં છે. વડાપ્રધાનશ્રીની સ્વસ્થ અને સ્વચ્છ ભારતની પરિકલ્પના સાકાર કરવા, નવા ભારતના નિર્માણ માટે સૌ વિદ્યાર્થીઓને યોગદાન આપવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા તથા કડી સર્વ વિદ્યાલયના વ્યાખ્યાતાઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવલીમાં તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ



ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિના કારણે ગુજરાતમાં દરેક તાલુકા અને જિલ્લા મથકે નાગરિકોની સુવિધાઓ માટે અદ્યતન ભવનોનું નિર્માણ થઈ રહ્યું છે. વડોદરાના સાવલી ખાતે રૂ.૨.૪૭ કરોડના ખર્ચે નિર્માણ થયેલા અદ્યતન તાલુકા પંચાયત કચેરીનું પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ સાંસદ સર્વશ્રી સી.આર. પાટીલ, રંજનબહેન ભટ્ટ અને ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઇનામદારની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું. પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું કે, નવીન તાલુકા પંચાયત કચેરી દ્વારા સાવલી તાલુકાનાં પ્રજાજનોને સુશાસનની અનુભૂતિ કરાવશે. સાંસદ શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, સાવલીમાં નિર્માણ થયેલું નૂતન તાલુકા પંચાયત ભવન તાલુકાનાં પ્રજાજનોની સુવિધાઓ સહિત ગામડાઓના વિકાસનું કેન્દ્રબિંદુ બની રહેશે. આ પ્રસંગે તાલુકા જિલ્લા પંચાયતના સભ્યો, અગ્રણીઓ, કલેક્ટર શ્રી અતુલ ગોર સહિત વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## તાપીને 'ઇ-વ્હીકલ'ની ભેટ

તાપી જિલ્લામાં ઘન કચરાના એકત્રીકરણ ફાળવાયેલા માટે ૧૮ ગામોને ફાળવાયેલાં ટ્રેક્ટર ટ્રોલી અને ૧૧ ગામોને ઈ-વ્હિકલને કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઇ પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

તાપી જિલ્લામાં ૧૩ ગામોમાં ડોર ટુ ડોર કલેક્શન શરૂમાં થયું છે. અને ૧૬મી ઓગસ્ટથી બીજા ૨૯ ગામોને આ કામગીરી જોડવાનું આયોજન છે. આ સાથે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં તાપી જિલ્લાનાં કુલ ૧૫૨ ગામોમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે.



આ પ્રસંગે મંત્રીશ્રીએ તમામ ગામોના સરપંચશ્રીઓને પોતાના ગામોમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણની આ તમામ બાબતો ઘર - ઘર સુધી IEC એક્ટિવિટી વડે પહોંચાડી તથા આ કામગીરીને અંગત રસ લઈ સારી રીતે પૂર્ણ કરી કાયમી રીતે આ કામગીરીને ટકાવીને તાપી જિલ્લાને ગુજરાતના મોડેલ જિલ્લા તરીકેનું સ્થાન અપાવીને તાપી જિલ્લાનું નામ રોશન કરવા શુભેચ્છા પાઠવી હતી.

## ભૂચરમોરીમાં ૫૦૦૦ રાજપૂત યુવાઓનો શૌર્યરાસ



જામનગરના ધ્રોલમાં ઐતિહાસિક શહીદ ભૂમિ ભૂચરમોરી ખાતે ૩૧મો ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ કેન્દ્રીય જળશકિત મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. ભૂચરમોરીમાં આશરા ધર્મના યુદ્ધ દરમિયાન રાજપૂત સહિત અનેક જ્ઞાતિના વીર શહીદ થયા હતા, જેમને હાલાર પંથકના રાજપૂત સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. ધ્રોલ ભૂચરમોરી ખાતે ૩૧મા ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહમાં ૫૦૦૦ રાજપૂત યુવાઓએ ૧૧ મિનિટ સુધી તલવારબાજી કરી 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ્ લંડન'માં સ્થાન મેળવવા બદલ અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાડેજાને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું.

## ખેડામાં લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ



ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના આંત્રોલી ગામ ખાતે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ દ્વારા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ લાભાર્થીઓ અને ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસન હેઠળ ગુજરાત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાત શિક્ષણ, આરોગ્ય અને ઉદ્યોગોને વધુ વેગવાન બનાવવા માટે કટિબદ્ધ છે. ગુજરાત સરકારના પારદર્શી સુશાસનને કારણે તમામ વિકાસના કાર્યો ખાતમુહૂર્તથી શરૂ કરીને લોકાર્પણ સુધી ઝડપથી પૂર્ણ કરી શકાય છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત સરકાર છેવાડા માનવીઓને ધ્યાનમાં રાખી યોજનાઓ બનાવે છે. આયુષ્માન કાર્ડની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે આજે ગુજરાતના કોઈ આર્થિક રીતે નબળા વ્યક્તિને અકસ્માત થાય કે ઈજા થાય તો ૫ લાખ સુધીની સારવાર આયુષ્માન કાર્ડ દ્વારા તદ્દન ફ્રી કરવામાં આવે છે.

આંત્રોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મંત્રીશ્રી દ્વારા મુલાકાત લેવામાં આવી અને તેમણે સ્વાસ્થ્ય કર્મીઓની કામગીરી બિરદાવી હતી.

## પાકિસ્તાની હિન્દુઓને ભારતીય નાગરિકતા અપાઈ

અમદાવાદમાં કલેક્ટર કચેરી ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે 40 પાકિસ્તાની હિન્દુ નિર્વાસિતોને ભારતીય નાગરિકતાપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, દેશના વિઝનરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના અનેક પીડાઓ વેઠતા લઘુમતીઓને, હિન્દુ નિર્વાસિતોને ભારતની નાગરિકતા આસાનીથી અને ઝડપથી મળે એ માટે ખાસ પ્રયાસો કર્યા છે, એને પરિણામે જ તમે ભારતના નાગરિક બની શક્યા છો. વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી નિર્વાસિતોને ઝડપથી નાગરિકતા મળે, એ શક્ય બન્યું છે.

'નાગરિકો કો લાખ લાખ બધાઈયાં' કહીને



ભારતનું નાગરિકત્વ મેળવનારા સૌને હૃદયપૂર્વક અભિનંદન પાઠવતાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તમે સૌ ભારતના નાગરિક બની ગયા છો. નવા ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સાથે મળીને આપણે કામ કરવાનું છે. દેશની વિકાસયાત્રામાં સહભાગી બનવા માટે આપ સૌ પણ સંકલ્પબદ્ધ બનશો, એવી અપેક્ષા છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે 1000થી વધારે હિન્દુ નિર્વાસિતોને ભારતનું નાગરિકત્વ આપીને નવજીવન આપનાર અમદાવાદના કલેક્ટરશ્રી તથા સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ 2016 અને 2018ના ગેઝેટથી ગુજરાત રાજયમાં અમદાવાદ, ગાંધીનગર અને કચ્છ જિલ્લા કલેક્ટરશ્રીઓને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી કોમના (હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી) લોકોને નાગરિકતા અધિનિયમ અંતર્ગતની પ્રક્રિયા અનુસરીને ભારતીય નાગરિકતા આપવાની સત્તા મળેલી છે. અત્રે નોંધનીય બાબત છે કે, રાજ્ય અને કેન્દ્રની આઇ.બી. ટીમ દ્વારા યોગ્ય ચકાસણી થયા બાદ તેઓને સ્વીકાર પત્ર એનાયત કરવામાં આવે છે, જેને આધારે બાકીના નિયમાનુસાર આખરી નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

# મતદાર જાગૃતિ તથા તાલીમ અંગે ચૂંટણી તંત્ર અને શિક્ષણ વિભાગ વચ્ચે MoU

મતદારોની સહભાગિતા દ્વારા મતદાર નોંધણી વધે અને આવનારી ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધે તે માટે રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ વિભાગો સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. મહિલાઓ તથા યુવા મતદારો મતદાર યાદીમાં નામ નોંધાવે અને મતાધિકાર અંગે જાગૃત થાય તે માટે શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા મહત્ત્વના એવા શિક્ષણ નિયામક, ટેકનિકલ શિક્ષણ નિયામક અને 'સમગ્ર શિક્ષા' સંગઠન, પ્રાથમિક શાળા નિયામક સાથે રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા MoU કરવામાં આવ્યા.

આગામી સમયમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે, ત્યારે ચૂંટણી પ્રક્રિયામાં વધુ સંખ્યામાં યુવાનોની સહભાગિતા વધે અને મહત્તમ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે શિક્ષણ વિભાગ સાથે સંલગ્ન નિયામક કચેરીઓ દ્વારા રાજ્ય ચૂંટણી તંત્રને સહયોગ કરવામાં આવશે. આ કરાર અંગે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ૧૮ થી ૬૦ વર્ષના વયજૂથના મતદારોની નોંધણી વધે તે માટે રાજ્યના ચૂંટણી પંચ દ્વારા અભિયાન તેજ બનાવવામાં આવ્યું છે. તે માટે વિવિધ સરકારી/બિન સરકારી વિભાગો સંગઠનોમાં કાર્યરત માનવબળની સેવાનો લાભ લેવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા વિવિધ સંસ્થાઓ સાથે MoU કરવામાં આવી રહ્યા છે. તેનાથી ચૂંટણી પ્રક્રિયામાં સહભાગિતા વધશે અને તે થકી સમાજના વિવિધ વર્ગના મતદારોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અંગે પ્રોત્સાહન મળશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, રોજગાર અને તાલીમ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ સાથે પણ મતદારોની સહભાગિતા વધારવા માટે MoU કરવામાં આવ્યા હતા.



# સંકલ્પ ભૂમિ સ્મારકના નિર્માણ કાર્યની સમીક્ષા

વડોદરામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુઝિયમ 'સંકલ્પ ભૂમિ સ્મારક'નું નિર્માણ કાર્ય ચાલી રહ્યુ છે. સંકલ્પ ભૂમિ સ્મારકના નિર્માણ બાબતે તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર અને રાજ્ય કક્ષાના મહિલા અને બાલ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલની ઉપસ્થિતિમા બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રીશ્રીઓએ વડોદરા ખાતે નિર્માણાધિન ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુઝિયમ 'સંકલ્પ ભૂમિ સ્મારક'ના નિર્માણ અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

# આત્મનિર્ભરતાની સાથે સુરક્ષિત પર્યાવરણનો સંદેશ



પોતાની કુશળતા અને કૌશલ્ય થકી ઘર સંભાળવાની વાત હોય કે ઘર ચલાવવામાં આર્થિક રીતે મદદરૂપ થવાની વાત હોય, આજે મહિલાઓએ બંને વચ્ચેનું સંતુલન સાધ્યું છે. સખીમંડળો અને સ્વ-સહાય જૂથો બનાવવા માટે ગુજરાત સરકાર મહિલાઓને જે આર્થિક મદદ આપે છે તેના થકી અનેક મહિલાઓ પગભર બની છે. ગુજરાતના છેવાડે આવેલો તાપી જિલ્લો આત્મનિર્ભર બનવામાં ક્યાંય પાછળ નથી રહ્યો, જેનું ઉત્તમ ઉદાહરણ તાપી જિલ્લાની સખી મંડળની બહેનો પૂરું પાડે છે.

તાપી જિલ્લાના બોરખડી ગામના સ્નેહા સખી મંડળ અને કેવલ સખી મંડળની ૧૫ જેટલી બહેનોએ નારિયેળના રેસામાંથી વિવિધ પ્રકારના સુશોભનની વસ્તુઓ અને ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી પોતાનું કૌશલ્ય દેખાડવાની સાથે પર્યાવરણ બચાવવામાં પણ પોતાનું યોગદાન આપ્યું છે. તાપી જિલ્લાનાં સખી મંડળોએ વર્ષ 2019માં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતેથી નારિયેળના રેસામાંથી વિવિધ પ્રકારની ઈકો-ફ્રેન્ડલી વસ્તુઓ બનાવવાની તાલીમ લીધી હતી. તેના થકી આ મહિલાઓ નારિયેળના રેસામાંથી ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ ઉપરાંત સુશોભનની વિવિધ વસ્તુઓ બનાવી રહી છે.

સ્નેહા સખી મંડળનાં પ્રમુખ જયશ્રીબહેન ચૌધરી જણાવે છે કે, બોરખડી ગામના પ્રગતિ સખી સંઘ પાસેથી અમને રૂપિયા 50 હજારની સી.આઇ.એફ. અને રૂપિયા એક લાખની લોન મળી હતી, જેની મદદથી અમે રો-મટીરીયલ અને ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવવાનાં સાધનો ખરીદીને આ વ્યવસાય શરૂ કર્યો હતો. અમને વાર્ષિક રૂ. ૧,૬૦,૦૦૦ જેટલી આવક મળી રહી છે, જે અમારા માટે ખૂબ જ મોટી વાત છે. તાપી જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત કાર્યરત નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (મિશન મંગલમ)ના સહયોગથી ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ માટેનાં વેચાણ કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે, જેમાં સખી મંડળની બહેનો નારિયેળના રેસામાંથી ગણપતિની ઈકોફ્રેન્ડલી મૂર્તિ અને વિવિધ સુશોભનની વસ્તુઓ લોકો સમક્ષ પ્રસ્તુત કરી લોકોમાં અનોખી પ્રેરણા જગાડી રહી છે. ●

# રાષ્ટ્રપ્રેમ અને જ્ઞાન પ્રાપ્તિનું માધ્યમ બન્યાં આંગણવાડી કાર્યકરો

✍ **ભાનુભાઈ દવે**

કોઈપણ કાર્ય કરવામાં સતત ઉત્સાહ અને રસ દાખવવામાં આવે તો એવું કામ બધાને પ્રભાવિત કરે છે. આપણા ભાગમાં આવેલા દરેક કામને પૂરી નિષ્ઠાથી કરવું તેવા ભાવ સાથે કરેલા કામ ઉદાહરણરૂપ બની જાય છે. આવો જ એક કિસ્સો મહેસાણા જિલ્લાના જોટાણાથી સામે આવ્યો છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'દેશનું ગૌરવ, દેશનું અભિમાન, તિરંગો હર ઘર કી શાન' આ થીમ પર અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ. તેવી જ રીતે જોટાણા તાલુકા મથકે વિવિધ આંગણવાડીઓમાં કાર્યકર બહેનો દ્વારા ત્રિરંગાની થીમને વિષય બનાવી સલાડનો ત્રિરંગો બનાવવામાં આવ્યો. આ પ્રવૃતિથી ભૂલકાઓને પણ ખૂબ મજા પડી. ઉચ્ચ શિક્ષણ અને બાળકો પ્રત્યેની પ્રેમનો સમન્વય જેનામાં છે તેવા કુ. જિગીષાબહેન ચાવડાએ પણ પોતાની કલ્પના પ્રમાણે સલાડમાંથી ત્રિરંગો બનાવ્યો. આમ ઉત્સાહથી કાર્ય કરતા કર્મયોગીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં પણ નૂતન ક્ષિતિજો વિસ્તારે છે. ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સરકારી આંગણવાડીઓમાં પણ આવી પ્રેરણાસ્ત્રોત કાર્યકર બહેનો ભૂલકાઓના જીવનમાં સારી વિચારધારા, રાષ્ટ્રપ્રેમ અને જ્ઞાનની પ્રાપ્તિ માટેનું માધ્યમ બની રહી છે અને પોતે પણ કાર્ય કર્યાનો અનહદ આનંદ મેળવે છે. માત્ર ખાનગી કે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં જ નહીં પણ સરકારી આંગણવાડીઓમાં પણ ભાવિ નાગરિકોના ઘડતરનું પૂરેપૂરૂ સામર્થ્ય છે એ વાત આ આંગણવાડીના કર્મયોગીઓએ સાબિત કરી છે. ●







# ૭૩મા વન મહોત્સવની રાજ્યભરમાં ઉજવણી

**દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જે નવાં વૃક્ષોના વાવેતર અને સંભાળ રાખવા માટે હર્ષોલ્લાસ સાથે વન મહોત્સવનો કાર્યક્રમ કરે છે. વન મહોત્સવ એટલે વન અને વન્ય પ્રાણીઓ માટેના સંરક્ષણનો ઉત્સવ. તાજેતરમાં ૭૩મા વન મહોત્સવની ઉજવણી વિવિધ જિલ્લાઓમાં કરવામાં આવી હતી.**

## કચ્છ



ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે 'નમો વડ વન'નું લોકાર્પણ કરતાં વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ.નીમાબહેન આચાર્યએ કચ્છવાસીઓને મહત્તમ વૃક્ષોનું વાવેતર કરીને કચ્છને વૃક્ષોથી આચ્છાદિત કરીને દુષ્કાળ અને આકરી ગરમીથી બચાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વધતા જતા ઔદ્યોગીકરણ અને વસતીના કારણે પર્યાવરણનું સંતુલન કરવું આવશ્યક છે. સરપંચ અને આગેવાનોની જાગૃતિના કારણે ગ્રામકક્ષાએ વૃક્ષોનું વાવેતર મોટા પ્રમાણમાં વધ્યું છે. તેમણે કચ્છવાસીઓને દુષ્કાળ અને આકરી ગરમીથી બચવા જિલ્લામાં મોટી સંખ્યામાં વૃક્ષ વાવેતરની અપીલ કરી હતી. આ સાથે વનવિભાગને મહત્તમ વધુમાં વધુ રોપાઓનું વિતરણ કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે પર્યાવરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામ કરનારા આગેવાનો, સ્વયંસેવી સંસ્થાઓ તથા વન ખાતાના કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે નિર્ધૂમ ચૂલાઓનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. રોપા વિતરણ રથને અત્રેથી પ્રસ્થાન કરાવાયો હતો આ રથ કચ્છમાં ફરીને રોપાઓનું વિતરણ કરશે.

## પોરબંદર

પોરબંદરમાં જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં કેન્દ્રિય વિદ્યાલય ખાતે યોજાયો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કુદરતની અમૂલ્ય ભેટ એવાં વૃક્ષોનું જતન અને રક્ષણ કરવાની આપણા સૌની જવાબદારી છે. તેમણે ઉપસ્થિત લોકોને ઑક્સિજનના



સ્રોત એવાં વૃક્ષોનું વાવેતર કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરિયા તેમજ બહોળી સંખ્યામાં પર્યાવરણપ્રેમીઓ તથા અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત

સુરત જિલ્લા કક્ષાના વન મહોત્સવનો નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ઓલપાડ તાલુકાના અણીતા ગામેથી વૃક્ષારોપણ કરી પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે વનોના જતન અને સંવર્ધન માટે રાજ્ય સરકાર



કટિબદ્ધ છે. દર વર્ષે રાજ્ય સરકાર વન મહોત્સવના માધ્યમથી કરોડો વૃક્ષોનું વાવેતર કરી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સાંસ્કૃતિક વનોની પરંપરા શરૂ કરી હતી, જેની ફલશ્રુતિરૂપે રાજયમાં ૨૧ જેટલાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જન્મદિવસથી લઈ પુણ્યતિથિ નિમિત્તે સૌને પાંચ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરવાનો અનુરોધ તેમણે કર્યો હતો. રાજ્યમાં કાર્બન ઉત્સર્જન વિના સોલાર તેમજ પવન ઊર્જાના માધ્યમથી સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત ઊર્જા મેળવવામાં ગુજરાત સમગ્ર ભારતમાં નંબર વન હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## નવસારી



ગુજરાતને હરિયાળું બનાવવાના અભિયાનના ભાગરૂપે વન મહોત્સવની ઉજવણી નવસારીના ગણેશસિસોદ્રા ખાતે જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ સૌ લોકો વૃક્ષનું મહત્ત્વ સમજીને તેનું જતન કરી પોતાના ઘરઆંગણે, ખેતરમાં શેઢાપાળે વૃક્ષનું વાવેતર કરી ઉછેર કરી, દર વર્ષે વધારેમાં વધારે વૃક્ષો વાવે, તેવો અનુરોધ કર્યો હતો.

નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ

હેઠળ ૭૩મા વન મહોત્સવ દરમિયાન દરેક તાલુકામાં ૭૩ રોપઉછેર કેન્દ્રોમાં ૩૪.૪૫ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યાં છે. આ અવસરે વન્યપ્રાણી બચાવક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વનકર્મીઓને સન્માનિત કરાયા હતા. તેમજ વૃક્ષોની હરાજીથી ઉપજેલ આવકના ચેકનું વિતરણ કરવા સાથે મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બાદ વૃક્ષરથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

## તાપી



ગુજરાતમાં 'ગ્રીન ગુજરાત ક્લીન ગુજરાત'ના ધ્યેયને સાકાર કરવા તાપી જિલ્લા સોનગઢ તાલુકામાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના 73મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તેમણે સૌર પવન, પાણી જેવાં કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરી વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારીને પર્યાવરણ જતનની નેમ લેવા હાકલ કરી હતી. તેમણે નાગરિકોને દીકરા-દીકરીના જન્મ પ્રસંગે એક છોડનો ઉછેર એક બાળકની જેમ કરવા ખાસ અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં મહાનુભાવો દ્વારા ડી.સી.પી. નર્સરીના લાભાર્થીઓને ચેક વિતરણ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ વૃક્ષરથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

## છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના વસેડી ખાતે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારની અધ્યક્ષતામાં વન મહોત્સવની ઉજવણી



કરાઈ હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે, જીવન સૃષ્ટિને ટકાવી રાખવા વૃક્ષો એક ઋષિ તરીકે કામ કરે છે. જંગલખાતાના અધિકારીઓથી ગાર્ડ સુધીના તમામ, જેમ સૈનિક દેશની સરહદનું રક્ષણ કરે તેવી જ રીતે વૃક્ષોનું એક બાળકની જેમ ઉછેરીને રક્ષણ કરતા હોવાથી તેઓને ભૂલી ન જવા જોઈએ. છોડમાં રણછોડ છે, તેથી આપણે વૃક્ષોની પૂજા કરીએ છીએ. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા જંગલખાતાના અધિકારીઓ તથા કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનવામાં આવ્યા હતા.

## બનાસકાંઠા

બનાસકાંઠાના પાલનપુર તાલુકાની મોરિયા બનાસ મેડિકલ કૉલેજમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના રાજ્યમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને વન મહોત્સવની ઉજવણી વૃક્ષારોપણ કરી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ચોમાસાની ઋતુમાં આપણા ઘરની આજુબાજુ, ખેતરના શેઢે-પાળે વૃક્ષો રોપવાનું પવિત્ર કાર્ય કરવું જોઈએ.



તેમણે ક્લાયમેન્ટ ચેન્જના પડકારો અને વૃક્ષોનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે, વૃક્ષો જન્મથી લઇ મૃત્યુ સુધી આપણો સાથ ક્યારેય છોડતાં નથી, ત્યારે દરેક વ્યક્તિ વૃક્ષોનું મહત્ત્વ સમજી ન વૃક્ષો વાવે તે જરૂરી છે. આ પ્રસંગે સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, રાજયસભાના સાંસદ શ્રી દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ પટેલ સહિત વન વિભાગના અધિકારીઓ, સરપંચશ્રીઓ, અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## નર્મદા

નર્મદા જિલ્લા વન વિભાગ-સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ૭૩મા વન મહોત્સવની જિલ્લાકક્ષાની ઉજવણી રાજપીપળા ખાતે ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં કરાઈ હતી. આ પ્રસંગે સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર માનવજીવનના સારા સ્વાસ્થ્ય માટે વૃક્ષો હોવાં જરૂરી છે. વૃક્ષો ઉગાડવાં એક પવિત્ર કાર્ય છે કેમકે કોરોના કાળ જેવી



મહામારીમાં ઑક્સિજનનું કેટલું મહત્ત્વ છે તે આપણે જોયું છે. જંગલ વિસ્તારમાં કોરોના જેવી મહામારી પણ પ્રવેશી શકી નથી, જે વન સંપદાની તાકાત છે. ૭૩મા વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વન વિભાગની વિવિધ યોજનાઓનો લાભ મેળવનારા લાભાર્થીઓ પૈકી પાંચ - પાંચ લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આર્થિક પુરસ્કાર તેમજ સહાયની સાધન સામગ્રી પ્રતિકરૂપે આપવામાં આવી હતી.●

## રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં

# સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ માટે તાલીમ યોજાઈ




વિવિધ ક્ષેત્રના તજજ્ઞોને તૈયાર કરવા માટે ગુજરાતના પનોતાપુત્ર અને દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં વિવિધ સેક્ટરલ યુનિવર્સિટીઓની સ્થાપના કરી હતી. આ યુનિવર્સિટીઓ આજે સમગ્ર દેશમાં શિક્ષણ, સંશોધન ક્ષેત્રે નવો રાહ ચીંધી રહી છે. આવી જ એક યુનિવર્સિટી એટલે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU). રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સંરક્ષણ ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપી રહી છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ભારત સરકારનાં સંરક્ષણ મંત્રાલય અને સેવા મુખ્યાલયના ૨૦ અધિકારીઓની બેચે તાજેતરમાં ડિફેન્સ એક્વિઝિશન કોર્સમાં ભાગ લીધો હતો. બે સપ્તાહનો આ સઘન કાર્યક્રમ સહભાગીઓને શિક્ષણ જગત, પ્રેક્ટિશનર્સ અને ઉદ્યોગ જગત દ્વારા કાળજીપૂર્વક તૈયાર કરાયેલ વૃત્તાંત દ્વારા સંરક્ષણ સંપાદનની સમગ્ર પ્રક્રિયા સમજવા અને શીખવાની તક પૂરી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો.

સંરક્ષણ સંપાદન પ્રક્રિયા માટે પણ બે થીમ્સ એવી છે જે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ થીમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ગતિશીલ નેતૃત્વ હેઠળ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલાં આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા અભિયાનોનો સમાવેશ થાય છે. આ થીમ્સ દેખીતી રીતે જ તમામ ક્ષેત્રોમાં વિસ્તૃત છે, પરંતુ સંરક્ષણ ક્ષેત્રમાં તે 2024 સુધીમાં ભારતને પાંચ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનાવવાની દિશામાં સૌથી મોટું ઉત્પ્રેરક બની શકે છે.

સંરક્ષણ સંપાદન-પ્રાપ્તિનો અર્થ માત્ર શસ્ત્રો, દારૂગોળો અને યુદ્ધ લડવાનાં સાધનોના ખર્ચ અને અસરકારક રીતે ખરીદી કરવા પૂરતો સીમિત નથી. તેને વિસ્તૃત રીતે જોઈએ તો તેમાં જરૂરી બૌદ્ધિક ક્ષમતા સાથે સંશોધન અને વિકાસ ઈકોસિસ્ટમને સામેલ કરવાની અને નિયુક્ત સંરક્ષણ કોરિડોરમાં વૈશ્વિક કક્ષાની ઉત્પાદન સુવિધાઓની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ ઉત્પાદન સુવિધાઓને વ્યાપક અર્થવ્યવસ્થા પ્રાપ્ત કરાવવાની જરૂર છે.

સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓને સંરક્ષણ અધિગ્રહણ પ્રક્રિયાની તેમની તજજ્ઞતામાં વધારો કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. અને એ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે, નિર્ધારિત પ્રક્રિયાઓ 5 ટ્રિલિયન ડોલરના અર્થતંત્રના સ્વપ્નને પ્રાપ્ત કરવાના માર્ગમાં અવરોધો તરીકે કામ કરવાને બદલે સુવિધા પૂરી પાડવામાં યોગદાન આપે. જો આપણે એ સુનિશ્ચિત કરીશું કે આ પ્રક્રિયામાં સંશોધન અને વિકાસ, જાહેર ક્ષેત્રનાં એકમો અને ખાનગી ઉદ્યોગ સહિતના તમામ હિતધારકોને વેપાર-વાણિજ્યમાં ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ પ્રદાન કરવામાં આવશે તો સંરક્ષણ ક્ષેત્રમાં સીધા વિદેશી રોકાણનો લક્ષ્યાંક પૂર્ણ થશે.

સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ માટેના અભ્યાસક્રમની સામગ્રી RRUમાં કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવી હતી. યુનિવર્સિટીએ શૈક્ષણિક સંસ્થાઓ અને પ્રેક્ટિશનર્સ બંન્ને ક્ષેત્રમાંથી તજજ્ઞતાપ્રાપ્ત વ્યક્તિઓને, સેવામાં કાર્યરત તેમજ સેવાનિવૃત્ત કર્મચારીઓ અને ડિપ્લોમેટ્સની શ્રેણીને સામેલ કરી હતી, જેથી સહભાગીઓને સંરક્ષણ પ્રાપ્તિની પ્રક્રિયા પર બહુ-પરિમાણીય દ્રષ્ટિકોણ પ્રાપ્ત કરવામાં મદદ મળી શકે. શિક્ષણ જગતના જાણીતા વક્તાઓમાં IIM અમદાવાદના પ્રોફેસર (ડૉ.) અનુરાગ કે, અગ્રવાલ અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના પ્રોફેસર (ડૉ.) આર.કે.સિંઘનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં સામેલ અધિકારીશ્રીઓએ તાલીમને ખૂબ જ પ્રભાવશાળી ગણાવી હતી. ●

# રીન્યુએબલ એનર્જી : ગુજરાતના વિકાસનું ચાલકબળ

✎ **ટીમ ગુજરાત**

જેમ જેમ આપણે ડિજિટલ યુગમાં આગળ વધી રહ્યા છીએ તેમ તેમ આપણી ઊર્જાની ખપત પણ વધી રહી છે. ટેક્નોલોજી વધતાં હવે આપણને ઊર્જાની હર પળ જરૂર પડે છે. ઊર્જા એ આપણા જીવનનો અભિન્ન હિસ્સો બની ગઈ છે. વીજળીનું ઉત્પાદન અત્યાર સુધી પરંપરાગત સ્રોતો જેમ કે કોલસો, કુદરતી ગૅસ, લિગ્નાઇટ અને પરમાણુ ઊર્જાથી તૈયાર કરવામાં આવતું હતું, પરંતુ વસ્તી, માનવીની જરૂરિયાત અને તેની વધી રહેલી આવશ્યકતાને જોતાં આજે વીજળી મેળવવા માટેના નવા નવા સ્રોતો શોધવાની જરૂર પડી અને તેના માટે પુનઃપ્રાપ્ય સ્રોતોને ઉત્તમ સ્રોતો ગણવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વીજ ઉત્પાદન ક્ષમતામાં રીન્યુએબલ એનર્જીને અત્યંત મહત્ત્વની ગણાવીને તેને વીજ ઉત્પાદનનો સ્રોત બનાવવા માટેનો દૃઢ નિર્ધાર કરવામાં આવ્યો છે. તે નિર્ધારને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ દિશામાં ખૂબ જ ઝડપી પગલાં લેવામાં આવ્યાં છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯થી રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ સબસિડી યોજના 'સૂર્ય ગુજરાત' નામથી જાહેર કરવામાં આવી છે. સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત રહેણાંક હેતુના વીજ ગ્રાહકોને સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવા માટે પ્રથમ ૩ કિલોવોટ સુધી નિયત કરેલી કિંમતના ૪૦% સબસિડી તથા ૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦% સબસિડી મળવાપાત્ર છે. આ ઉપરાંત ગ્રુપ હાઉસીંગ સોસાયટી (GHS)/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન (RWA)ની કોમન સુવિધાઓનાં વીજજોડાણો ઉપર ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં, ૫૦૦ કિલોવોટ સુધી ૨૦% સબસીડી મળવાપાત્ર છે. જે અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં ૩ લાખથી વધુ વીજ ગ્રાહકોને ત્યાં સોલાર સિસ્ટમની સ્થાપના કરવામાં આવી છે જેની ક્ષમતા ૧૧૭૦ મેગાવોટ જેટલી છે. હાલ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે


આ તો થઈ રહેણાંક શ્રેણીના વીજગ્રાહકોની વાત હવે વાત કરીએ ખેડૂતોની. ખેડૂતોની આવકમાં વધારો કરવાના ધ્યેયને પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા તેમને આપવામાં આવતી સુવિધાઓને વધુ સારી બનાવવામાં આવી છે. ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમિયાન વીજ પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાતમાં વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ ૨૦૨૦માં કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ યોજના માટેના ટ્રાન્સમીશન માળખાનું વિસ્તરણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આવનારાં ત્રણ વર્ષ દરમિયાન આશરે ૩,૫૦૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી. આગામી સમયમાં આ યોજના અંતર્ગત ૩૩ જિલ્લાઓને તબક્કાવાર આવરી લેવાનું આયોજન છે.

રાજ્યના ૪૫૨૦ ખેડૂતો સરકારની SKY એટલે કે સૂર્યશક્તિ કિસાન યોજના હેઠળ લાભાન્વિત થયા છે, જેની ક્ષમતા ૧૦૬.૭૩ મેગાવોટ છે. તેના થકી સૌર ઊર્જા દ્વારા વીજળી ઉત્પાદિત કરી વધારાની વીજળી વેચીને આવક મેળવી રહ્યા છે. આ યોજના પણ ખેડૂતોની આવક બમણી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં વચન આપ્યું હતું કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત પોતાની વીજ જરૂરિયાતના ૪૦% રીન્યુએબલ એનર્જી સ્રોતમાંથી મેળવશે. ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં દેશનો પહેલો સોલાર પાર્ક ચારણકા ખાતે શરૂ કર્યો હતો. ચારણકા પાર્કની સફળતાથી પ્રેરાઈને રાજ્યમાં ૫૦૦૦ મેગાવોટ ધોલેરા













SIR તેમજ ૭૦૦ મેગાવોટ રાધાનેસડા સોલારપાર્ક વિકસિત કરવામાં આવી રહ્યા છે. વધુમાં, ગુજરાત ૨૮ ગીગાવોટની ક્ષમતા ધરાવતું વિશ્વનું સૌથી મોટું રીન્યુએબલ ઊર્જા પાર્ક વિકસાવી રહ્યું છે. આ પાર્કમાં સૌર ઊર્જા, પવન ઊર્જા તેમજ વિન્ડ સોલાર-હાઇબ્રીડ પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવનાર છે.

રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. રીન્યુએબલ એનર્જીમાં સતત વધારો કરવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. આ હેતુને સર કરવા માટે સોલાર પૉલિસી, વિન્ડ પૉલિસી, સ્મોલ હાઇડ્રો પૉલિસી તેમજ વિન્ડ સોલાર હાઇબ્રીડ પૉલિસી જેવી વિવિધ નીતિઓ છેલ્લાં વીસ વર્ષમાં બનાવવામાં આવી છે. સરકારની વિવિધ પૉલિસી અને પ્રોત્સાહનની ફલશ્રુતિ એ છે કે બિન-પરંપરાગત ક્ષમતાનો કુલ સ્થાપિત વીજક્ષમતામાં ૪૩%થી પણ વધારે ફાળો થયો છે. ગુજરાતની 40366 મેગાવોટની સ્થાપિત ક્ષમતામાં ૨૨૮૫૧ મેગાવોટ પરંપરાગત ક્ષમતા અને ૧૭૫૧૫ મેગાવોટ બિન-પરંપરાગત ક્ષમતાનો સમાવેશ થાય છે. ફક્ત 'સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા' (Competitive Bidding) દ્વારા પવન અને સૌર ઊર્જા ખરીદવાના કેન્દ્ર સરકારના નિર્દેશોને અનુસરી, ૨૦૧૭થી સ્પર્ધાત્મક બિડિંગનો સક્રિયપણે લાભ ઉઠાવીને ગુજરાત (GUVNL) દ્વારા ૬૦૫૦ મે.વો. રીન્યુએબલ ઊર્જા માટેના ૨૫ વર્ષના લાંબા ગાળાના વીજ કરાર (PPA) કરાયા છે.

રાજ્ય સરકાર દ્વારા પરંપરાગત ઊર્જા સંચાલિત પમ્પ સેટના વિકલ્પમાં સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટના ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેનો હેતુ કૃષિ વીજ વપરાશમાં બચત કરવાનો, ખેડૂતોમાં સૌર ઊર્જાના વપરાશ પરત્વે જાગૃતિ કેળવવાનો તેમજ રાજ્ય સરકાર પરનું સબસિડીનું ભારણ હળવુ કરવાનો છે. વર્ષ ૨૦૧૪-૧૫થી વર્ષ ૨૦૧૭-૧૮ આ ચાર વર્ષના સમયગાળા દરમિયાન રૂપિયા ૫૫૪.૪૫ કરોડના ખર્ચે ૧૨૭૪૨ સૌરઊર્જા સંચાલિત પમ્પ સેટ સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ટાપુ, વન વિસ્તાર કે દૂરસુદૂર વિસ્તારોમાં રહેતા એવા લોકો કે જેમને નિયમિત રીતે વીજળી આપી શકાય તેમ ન હોય તેવા લાભાર્થીઓને વીજળીકરણની સુવિધા પૂરી પાડવાના હેતુથી સોલાર હોમલાઇટ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ રાજ્યની ચાર વીજ વિતરણ કંપની હસ્તક વીજળીથી વંચિત વિસ્તારમાં બિનપરંપરાગત વીજળીકરણ માટે ઓફ ગ્રીડ સૌર ઊર્જા આધારિત સોલાર ફોટો વોલેટીક હોમ લાઇટ સીસ્ટમ પૂરા પાડવામાં આવેલા છે. વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ આ બે વર્ષમાં રૂપિયા ૧૧૯.૬૩ કરોડના ખર્ચે ૨૫૯૧૦ સોલાર હોમલાઇટ પૂરી પાડવામાં આવી છે.

છેલ્લાં ૧૦ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ૧૬,૪૨૫ કરોડના ખર્ચે ૧૦,૨૨,૦૫૭થી વધુ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યાં છે. તેના થકી કૃષિ પેદાશોની માંગને પહોંચી વળવું શક્ય બન્યું છે અને ખેડૂતોની આવક બમણી કરવામાં પણ તેનો મોટો ફાળો રહ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩ના જૂન ૨૦૨૨ સુધીની ખેતી વિષયક પડતર તમામ અરજીઓનો ઝડપી નિકાલ કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આવનાર સમયમાં વીજળીની માંગ વધશે. વીજળી મેળવવાના પરંપરાગત સ્ત્રોતોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે તેવામાં હવા, પાણી અને સૂર્ય જેવા બિન-પરંપરાગત સ્રોતોમાંથી વીજ ઉત્પાદન મેળવવાની તાતી જરૂર છે. જોકે ગુજરાત સરકારે આ દિશામાં અત્યારથી જ કામગીરી હાથ ધરી છે, જેના પરિણામે હાલ ગુજરાત રીન્યુએબલ વીજ ઉત્પાદનમાં અગ્રેસર છે તેમજ હાલમાં જે આયોજન કરવામાં આવ્યું છે તેનાથી ભવિષ્યમાં પણ ખૂબ મોટો ફાયદો થશે તે વાત નક્કી છે. ●

આવો સૌ સાથે મળી

# મેલેરિયાનું નિર્મૂલન કરીએ.

તાવ હોય તો
આરોગ્ય કાર્યકર પાસે
લોહીની મફત તપાસ કરાવો
અને મેલેરિયા હોય તો,
સંપૂર્ણ સારવાર લો



## મેલેરિયાનો ફેલાવો માદા એનોફીલીસ મચ્છર દ્વારા થાય છે



ઘરની આજુબાજુ પાણીનો
ભરાવો થવા ન દો.
ભરાયેલ પાણી વહેવડાવી દો.



પાણીના નાના
ખાડા-ખાબોચિયા પૂરી દો.



મોટા પાણીના ભરાવામાં
પોરાભક્ષક માછલીઓ
અવશ્ય મુકાવો.



મેલેરિયાથી બચવા દવાયુક્ત
મચ્છરદાનીનો ઉપયોગ કરો.

વધુ માહિતી માટે આરોગ્ય કાર્યકર અથવા સરકારી દવાખાનાનો સંપર્ક કરો.

"મેલેરિયા રોગનું પ્રમાણ ઘટાડવા અને
જીવન બચાવવા માટે નવીનત્તમ સંવાદ હાથ ધરીએ"

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારીત

# સહેલાણીઓ માટે અમદાવાદમાં વધુ એક નજરાણું
# "અટલ ફૂટ ઓવરબ્રિજ"







**Published on Date 1-9-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦